કુમાર

આવતી કાલનાં
નાગરિકોનું માસિક
વર્ષ ૫૫મું · અંક ૧લો · જાન્યુઆરી ૧૯૭૮

તંત્રી · બચુભાઈ રાવત


સંસ્થાપક · રવિશંકર રાવળ







અર્વાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં કવિતાના ક્ષેત્રમાં કવિ દલપતરામે કર્યું તેમ કલાના ક્ષેત્રમાં પ્રથમ યુગ પ્રકટાવી તેની લીલી વાડી મૂકી જનાર, આ માસિકના સ્થાપક સ્વ. કલાગુરુ રવિશંકર રાવળ એમના કર્મઠ જીવનના ત્રણ તબક્કાઓમાં. (જુઓ અંદર)



કુમાર

જાન્યુઆરી ૧૯૭૮ · અંક ૬૪૯

તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

માલગઢનાં ઉમા-મહેશ્વર

શિવ ભારતીય દેવોમાં સૌથી પ્રાચીન દેવતા છે. વૈદિક યુગ પૂર્વેથી શિવની અર્ચના ભારતમાં થતી આવી છે. મહાદેવ, મહેશ્વર કે પરમેશ્વર જેવાં નામો તેની મહાનતાને દર્શાવે છે. શિવપ્રતિમાની તુલનામાં શિવલિંગની પૂજા અતિ વ્યાપક છે, છતાં ય શિવની અનેક પ્રાચીન પ્રતિમાઓ ઉપલબ્ધ થઈ છે. ઉમા-મહેશ્વરની સંયુક્ત પ્રતિમાઓ તો સમગ્ર ભારતમાંથી મળી આવી છે. એવી પ્રતિમાઓ ગુજરાતમાંથી પણ પ્રાપ્ત થઈ છે. આ પ્રકારની પ્રતિમાઓ આલિંગન-પ્રતિમા તરીકે ઓળખાય છે. અલબત્ત આલિંગન-પ્રતિમા તેના શિલ્પવિધાન પરથી તરત જ પારખી શકાય છે.

આ સાથે તાજેતરમાં બનાસ નદીના પૂરમાં ડીસાની તદ્દન નજીક માલગઢ ગામના એક ખેતરમાંના ધોવાણમાંથી ઉપલબ્ધ ઉમા મહેશ્વરની એક પ્રતિમા રજૂ કરું છું. આ પ્રતિમાને 'ઉમા-મહેશ્વર પરિવાર-પ્રતિમા' તરીકે ઓળખાવી શકાય તેમ છે. શિલ્પકારે ઉમા ને મહેશ્વર ઉપરાંત તેમાં તેમના ઉભય પુત્રોની લઘુ આકૃતિઓ પણ કંડારી છે. શિવવાહન નંદી પણ દૃષ્ટિગોચર થાય છે. આ ત્રિભંગ પ્રતિમા ત્રણ ફૂટ ઊંચી ને દોઢ ફૂટ પહોળી છે.

ઉમા મહેશ્વરની આ આલિંગન-પ્રતિમામાં



શિવના જમણા હાથમાં ત્રિશૂલ ને માતુલિંગ દૃષ્ટિગોચર થાય છે, જ્યારે ડાબા હાથ વડે સ્તન-સ્પર્શ ને સર્પ ધારણ કરેલો છે. કાંડા પર વલય, બાવડે કેયૂર, ગળામાં મોતીનો સુંદર હાર, શરીર પર જનોઈ ને ડાબા હાથમાં પકડેલ સર્પ છેક નીચે પગને સ્પર્શીને જમણા હાથના બાવડા સુધી પહોંચે છે. કાનમાં કુંડળ, કટિમેખલા પર આછા વસ્ત્ર સહિત અલંકારો, જટામુકુટ, સંભવતઃ ત્રિનેત્ર ને પાર્વતી પ્રતિ મુખયુક્ત આ શિવની પ્રતિમા સુંદર ને સૌમ્ય છતાં સમુચિત ભાવને દર્શાવતી કંડારાએલી છે.

શિવના આલિંગનથી તૃપ્તિ અનુભવતી પાર્વતીની પ્રતિમાના મુખ પર શિલ્પકારે તેને અનુરૂપ ભાવ દર્શાવ્યા છે. પાર્વતીના ડાબા હાથમાં દર્પણ ને જમણા હાથમાં સંભવતઃ નીલોત્પલ(?) દેખાય છે. જટામુકુટ યુક્ત મસ્તક, સ્પષ્ટ સ્તન-પ્રદેશ, ગળામાં મોટાં મોતીનો હાર, હાથમાં કંકણ, પગમાં ઝાંઝરી, ઉભય સ્તન મધ્યમાં થઈ નીકળતી લાંબી માળા, કટિપ્રદેશ પર અલંકારો તેમ જ બાજુબંધ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. આછાં ચુસ્ત વસ્ત્રો કટિપ્રદેશથી છેક નીચે સુધી દેખાય છે. જમણો પગ અંગુલીઓ પર ટેકવેલો છે, ને ત્યાં મોદક ખાતા દ્વિભુજ ગણપતિ ઊભા છે. શિવના જમણા પગ પાસે દંડયુક્ત કાર્તિકેય જોવા મળે છે. આ ઉભય લઘુ આકૃતિઓ તેમજ નંદી સુંદર રીતે શિલ્પકારે કંડારેલાં છે.

ઉમા-મહેશ્વરની આ આલિંગન-પ્રતિમા વિક્રમના ૧૨મા સૈકાની હોય તેમ લાગે છે.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

ત્રણ તાપ

'કુમાર'ના જુલાઇ '૭૭ અંકમાં 'કેટલાક વધુ અંક-સંદર્ભો' શીર્ષક નીચે રવજીભાઈ ડોબરિયાએ લખેલ ત્રિવિધ તાપમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈહિક એવા ત્રણ તાપ જણાવેલા છે.

મારી દૃષ્ટિએ 'આધ્યાત્મિક' તાપને બદલે 'આધિદૈહિક' તાપનો ઉલ્લેખ હોવો જોઇએ. મારી જાણ મુજબ શાસ્ત્રોમાં ક્યાં ય આધ્યાત્મિક તાપનો ઉલ્લેખ જણાતો નથી. પણ બધે આધિદૈહિક તાપનો જ પ્રયોગ છે.

વળી બીજી દૃષ્ટિએ જોતાં પણ આધ્યાત્મિક શબ્દ તાપનું સૂચન તો કરતો જ નથી. પણ પરબ્રહ્મ સ્વરૂપને ઓળખીને, તેની નજીક આવીને ધીરેધીરે બ્રહ્મ સાથે આત્માનું જોડાણ, બ્રહ્મનાં સ્વરૂપમાં આત્માનાં સ્વરૂપનું વિલીનીકરણ અને એ રીતે આત્માનું પરમ કલ્યાણ, એ અર્થમાં આધ્યાત્મિક શબ્દ પ્રયોજાય છે. આધ્યાત્મિક બાબત એ બિલકુલ તાપ નથી પરંતુ પરમ શાંતિ અને કલ્યાણની સૂચક પ્રક્રિયા છે. ત્રણેય તાપોનો અર્થ અનુક્રમે ૧) આધિદૈહિક તાપ એટલે શરીરને ભોગવવાં પડતાં અનેક પ્રકારનાં કષ્ટો, ૨) આધિભૌતિક તાપ એટલે સંસાર અને વ્યવહારમાં પડેલા દુન્યવી આત્માઓને સતાવતી આર્થિક ભીંસ, અને ૩) આધિદૈહિક તાપ એટલે દેવોની ખફામરજીનો ભોગ બનવાથી અથવા કુદરતના કોપથી ભોગવવાં પડતાં કષ્ટો.

(સમાણા) —અમૃતલાલ પનારા

શ્રુતિ ગુમાવ્યા છતાં

સપ્ટેમ્બર 'કુમાર'માં 'વિનોદની નજરે' લેખમાળામાં હિંમતલાલ કપાસી વિષે વાંચ્યું. મારું માનવું છે ત્યાં સુધી 'સંદેશ'ની રવિવારની પૂર્તિમાં 'બીલાવલ' ઉપનામે તેઓ જ લખે છે.

હિંમતલાલને કાનની તકલીફ ન પોસાય, કારણ કે તો પછી બીથોવન (Beethoven) કે બાખ (Bach)ને સાંભળે કોણ?—એવી માર્મિક વાત થઈ છે, ત્યારે એક વાત યાદ આવે છે. બીથોવને (Beethoven) પોતાનાં પાછલાં વર્ષોની અંદર શ્રુતિ ગુમાવી હતી, ને એ પછી જ તેણે ફક્ત (Notation)ના સહારે એક સ્વરચના (Composition) કરેલી જે Symphony No. 9 in D minor 'Choral' ના નામે ઓળખાય છે. તેના બીજા ભાગની અંદર એ જ Symphonyમાં તેમણે vocal composition પણ કરેલું છે. આ આખા compositionની મોટી tragedy એ હતી કે તે જ્યારે performance વખતે symphony conduct કરતો હતો ત્યારે auditoriumમાંથી તાળીઓના ગડગડાટ થતા હતા પણ તે એ તાળીઓનો અવાજ સાંભળી શકતો નહોતો. પછી એક વાદકે તેને પકડીને પ્રેક્ષકો (audience) સામે ફેરવ્યો ત્યારે પણ તે આશ્ચર્યમાં પડી ગયો કે આ બધી ધમાલ શાને છે? પાછળથી જ તેને સમજાયું હતું કે આ હર્ષોદ્‌ગારો મારી Symphony સાંભળી લોકો ખુશ થઈ કરતા હતા.

(જામનગર) —અભિજિત વ્યાસ

નિખાલિસ-નિખાલસ

ગુજરાતી સાર્થ જોડણી કોશમાં 'નિખાલસ'નો અર્થ ખુલ્લા, શુદ્ધ દિલનું બતાવેલ છે. ઉર્દૂ હિંદી કોશમાં (રામચન્દ્ર વર્મા) 'નિખાલિસ'નો અર્થ 'જો ખાલિસ યા શુદ્ધ ન હો. જિસમેં મિલાવટ હો' બતાવેલ છે.

ઉપરના બંને કોશમાં વિ૦ નિ+ખાલિસ(અ. તેમ લખેલ હોઇને પ્રશ્ન એ થાય છે કે બંને કોશ શબ્દની ઉત્પત્તિ વિષે સહમત છે તો પછી બંનેએ એકબીજાથી ઊલટા અર્થ કેમ આપ્યા તે સમજાતું નથી. સાચા અર્થ વિષે 'કુમાર'માં પ્રકાશ પાડશો તો આભારી થઈશ.

(વેરાવળ) —એમ. જે. જોશી

ગિરનાર શિલાલેખ-૧

ગિરનાર નેમિનાથ મંદિરના શિલાલેખ વિષે અંક ૬૪૭માંના શ્રી ઢાંકીના પત્ર પરથી તેમની સમજમાં ગિરનાર શિલાલેખો વિષે અને તેમાં આવતાં વિશેષ નામો વિષે તથા તે લેખોના સમય વિષે ગોટાળો પ્રવર્તતો હોવાનું લાગે છે. આમેય શિલાલેખો વિષે શ્રી ઢાંકીએ ભૂલો કર્યાનું આ અગાઉ (અંક ૬૨૩ તથા ૬૩૪માં માંગરોળ તથા સેવડીના લેખો વિષે) હું જણાવી ગયો છું.

શ્રી ઢાંકી જૈન વિદ્વાન પણ છે તેથી તેમને શિલાલેખ કરતાં જૈન ગ્રંથો વિશેષ પ્રમાણભૂત લાગે તે સમજી શકાય છે. અંક ૬૪૭ના પત્રમાં જ અંતે શિલાલેખને ફગાવી દેવાનું અને જૈન ગ્રંથને પ્રાધાન્ય આપતું વલણ સ્પષ્ટ છે. હું અથવા બીજા કોઈ વિદ્વાનો શિલ્પ સ્થાપત્યના લક્ષણોની દૃષ્ટિએ નેમિનાથ મંદિરને વિ. સં. ૧૨૮૫નું સિદ્ધ કરીશું તો તે પણ શ્રી ઢાંકીને સ્વીકાર્ય બનશે કે કેમ તે શંકા છે, કારણ કે શ્રી ઢાંકીએ પોતે જ લક્ષણ-પરીક્ષણની દૃષ્ટિએ એક વાર એક મંદિરનો સમય-નિર્ણય કર્યો હોય તે જૈન ગ્રંથોનો જરા જુદો ટેકો મળતાં ફેરવ્યાના દાખલા છે. દા. ત. અંક ૬૧૯માં ધૂમલીના નવલખા મંદિરનો કાળ જૈન ગ્રંથને આધારે તેઓ ફેરવે છે તેની સ્પષ્ટ નોંધ છે. એટલે કે શિલ્પ સ્થાપત્યગત શૈલીપરીક્ષણ કે શિલાલેખ કોઇનો આધાર શ્રી ઢાંકી પાસે ટકી શકે તેમ નથી, જો જૈન ગ્રંથનો આધાર તેમને મળી ગયો હોય તો !

ખેર, શ્રી ઢાંકી વારે વારે મૂળ સ્રોતના નિરીક્ષણની વાત કરે છે તો મૂળ સ્રોત શ્રી ઢાંકી કોને કહે છે? અંક ૬૩૪માં મેં નોંધેલા ગિરનાર-શિલાલેખો કરતાં યે પં. ભગવાનલાલની નોંધ શું મૂળ સ્રોત છે? લાગે છે કે પં. ભગવાનલાલે કરેલી ભૂલોનો સહારો લઇને તેઓ દોડી જવા માગે છે, પરંતુ આવા વલણથી શું સિદ્ધ થશે?

આ ચર્ચાને અનુષંગી એક ઈતર મુદ્દા પરત્વે પણ અભ્યાસીઓનું ધ્યાન કેન્દ્રિત કરવા ચાહું છું: નેમિનાથ મંદિર ગિરનાર ઉપરનો સૌથી પ્રાચીનમાં પ્રાચીન જૈન અવશેષ છે તે શ્રી ઢાંકીનો મત સ્વીકારીએ તોપણ ઈ. સ. ૧૧૨૯નો સમય ગિરનાર ઉપર જૈનો આવ્યાનો સમય બની રહે છે! એટલે કે ઈ. સ. ૧૧૨૯ પહેલાં ગિરનાર ઉપર જૈન મંદિર હોવાની અન્ય જૈન ગ્રંથોની વાત તથા આચાર્ય હેમચંદ્રની આ સમય પહેલાંની ગિરનારયાત્રા તેમજ નેમિનાથનું કાષ્ઠમંદિર વગેરે આપમેળે જ શ્રી ઢાંકીના મતથી જ વૃથા બની રહે છે. આશા રાખું છું શ્રી ઢાંકીને આ નિષ્કર્ષ ગળે ઊતરશે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

૨

'કુમાર' નવેમ્બર '૭૭ (વર્ષ ૫૪, અંક ૧૨)માં શ્રી મધુસૂદનભાઈ ઢાંકીએ ગિરનારના નેમિનાથના લેખ વિષે પં. ભગવાનલાલ ઇન્દ્રજીના 'બૉમ્બે ગૅઝેટીઅર'માં નોંધાએલા શિલાલેખનો જે ઉલ્લેખ કર્યો છે તે સ્પષ્ટતા માગી લે તેવો છે. અંક ૬૩૪માં શ્રી નરોત્તમભાઈ પલાણે ગિરનારના ૩૭ શિલાલેખોની સૂચિ આપી છે તે પણ યોગ્ય છે. પરંતુ તેમાં ઉપર્યુક્ત બૉમ્બે ગૅઝેટીઅરવાળા લેખનો સમાવેશ થતો નથી. વળી 'બૉમ્બે ગૅઝેટીઅર' પછી બર્જેસ અને કઝિન્સ જેવા આ ક્ષેત્રના વિદ્વાનોએ જે ઘણું ચોકસાઈભર્યું કામ કરી શિલાલેખોનું રિવાઈઝ્ડ લિસ્ટ તૈયાર કર્યું છે તેમાં પણ ઉપર્યુક્ત લેખ નથી. આથી માનવાનું રહે છે કે પં. ભગવાનલાલની એ લેખ પરત્વે કાંઈક સરતચૂક થએલી હોવી જોઇએ. બીજો જે નેમિનાથ મંદિરનો સંવત નષ્ટ થએલો લેખ છે તે પં. ભગવાનલાલ ઈન્દ્રજીના છે, અને તેનો પં. ભગવાનલાલ પછીના બધા જ લેખકોએ ઉલ્લેખ કર્યો છે.

શ્રી પલાણ કહે છે તેવા પ્રકારની ચર્ચા પં. ભગવાનલાલ અને સ્વ. ગૌરીશંકર ઓઝા વચ્ચે 'પ્રસ્થાન' પુ. ૮માં થએલી છે. અહીં એ ચર્ચામાં મુખ્ય મુદ્દો સિદ્ધરાજના માલવ-વિજય વિષેનો છે. સિદ્ધરાજના માલવ-વિજય સાથે સિદ્ધરાજનો સોરઠ-વિજય અને સોરઠ-વિજય સાથે સજ્જન મંત્રી તથા સજ્જન સાથે ગિરનારનું નેમિનાથ મંદિર સંકળાએલાં છે. અને આ બધા વિષે હજી સુધી ગુજરાતના ઇતિહાસલેખકો સ્પષ્ટતા કરી શક્યા નથી. શ્રી રસિકલાલ પરીખ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી જેવા વિદ્વાન ઇતિહાસલેખકો પણ શ્રી ઢાંકી કહે છે તે નેમિનાથ લેખને ટાંકતા નથી.

આપણે ટૂંકમાં નેમિનાથ લેખ વિષે ચર્ચા કરીએ તો તેમાં સૌ પ્રથમ પં. ભગવાનલાલ ને શ્રી ગૌરીશંકર ઓઝા આવે..તેમણે માલવ-વિજય પરત્વે પ્રસ્થાન–પુ.–૮માં ચર્ચા ચલાવેલી. આ ચર્ચામાં સોરઠ-વિજયનો પ્રસંગ પણ છે, પરંતુ હેમચંદ્રાચાર્ય આ પ્રસંગ નથી આપતા તે ભારે વિચારણીય છે.

મુખ્ય ગૂંચ એ છે કે વિ. સં. ૧૧૯૩ અને ૧૧૯૬ વચ્ચેના ત્રણ વર્ષના ગાળામાં જ સિદ્ધરાજે માળવા જીત્યું છે. કહેવાય છે કે સિદ્ધરાજ જ્યારે માળવા જીતવા ગયો ત્યારે જૂનાગઢના રા'ખેંગારે અણહિલપુર પાટણના ઉપર ચડાઈ કરી, ને એ શહેરના દરવાજા વિજયના નિશાન તરીકે જૂનાગઢ લઈ ગયો. ત્યાર બાદ સિદ્ધરાજે સોરઠ ઉપર ચડવા આવવા વિચાર્યું. જો સિદ્ધરાજ આ પછી સોરઠ ઉપર આવ્યો હોય તો તે વિ. સં. ૧૧૯૬માં સંભવે. દાહોદનો વિ. સં. ૧૧૯૬નો શિલાલેખ સિદ્ધરાજે સોરઠના રાજાને કારાવાસમાં નાખ્યો એવી હકીકત આપે છે.

સ્વ. કલાગુરુ રવિશંકર રાવળના અવસાન અંગે અમને સંખ્યાબંધ ચાહકો તથા વાચકો તરફથી સહાનુભૂતિ અને આશ્વાસનના પત્રો મળ્યા છે. એ સૌને વ્યક્તિગત ઉત્તર લખવાનું બની શક્યું ન હોવાથી જાહેર આભાર માનીએ છીએ.

આ ઉપરથી આપણે માની લઇએ કે વિ. સં. ૧૧૯૬માં સિદ્ધરાજે સોરઠ-વિજય કર્યો ને તે પછી જ સોરઠનો દંડનાયક સજ્જન નિમાયો, અને તો વિ. સં. ૧૧૮૫માં સજ્જન દ્વારા નેમિનાથ મંદિરનો જીર્ણોદ્ધાર સંભવી શકે તેમ નથી.

શ્રી ઢાંકી કે અન્ય કોઈ વિદ્વાન સિદ્ધરાજના માલવ-વિજયનો અને સોરઠ વિજયનો ઐતિહાસિક પ્રમાણોથી કાળક્રમ ગોઠવી આપે તો જ તે પછી નેમિનાથ મંદિર વિષે વિચારી શકાય.

(પોરબંદર) —ગોસ્વામી મોહનપુરી

૩

અંક ૬૪૭માં શ્રી ઢાંકી જૈન ગ્રંથ 'રૈવતગિરિરાસુ'ને આધારે નેમિનાથ મંદિર વિ. સં. ૧૧૮૫–ઈ. સ. ૧૧૨૯માં સજ્જન મંત્રીએ બંધાવ્યાનું કહે છે. પરંતુ મારા તરફથી 'કુમાર' જુલાઇ '૭૭માં શ્રી ડિસકળકર ઉલ્લેખિત જે શિલાલેખ ટાંકવામાં આવ્યો છે તેનું શું? ડિસકળકર કહે છે તે લેખ સાચો કે રૈવતગિરિ રાસુ?

પં. ભગવાનલાલ 'બૉમ્બે ગૅઝેટીઅર'માં સજ્જનનો શિલાલેખ નોંધે છે, જ્યારે શ્રી ડિસકળકર ચૂડાસમાનો શિલાલેખ નોંધે છે, તો બેમાંથી કયો લેખ સાચો?

વળી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ–૪, પૃ. ૫૦ ઉપર નેમિનાથ મંદિરની ચર્ચા કરતાં આવા કોઈ સજ્જન મંત્રીના કે ચૂડાસમાના લેખની ચર્ચા નથી, તેથી શું સમજવું? શ્રી ઢાંકી આ અંગે નક્કર અને સ્પષ્ટ નિર્ણય જણાવશે એવી અપેક્ષા.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

રુદ્રમાળ અને રુક્મિણી મંદિર

'ધર્મસંદેશ' તા. ૧૫-૮-'૭૭ના અંકમાં 'ગુજરાતની આ કલાસમૃદ્ધિની કદર ક્યારે ય કરીશું?' એ શ્રી અમૃતલાલ યાજ્ઞિકના લેખમાં રુદ્રમાળની પાટ પરનું કોતરકામ દર્શાવતા જે બે ફોટા છાપવામાં આવ્યા છે તે જોતાં અહીં દ્વારકાના રુક્મિણી મંદિરના કોતરકામ (શિલ્પ) સાથે તેનું ઘણું સામ્ય લાગે છે. તો પુરાતત્ત્વવિદો આ તરફ પોતાનું ધ્યાન આપશે? હાલ રુક્મિણીજીના મંદિરનો જીર્ણોદ્ધાર થતો હોવાથી ફોટો લઈ શકાયો નથી.

(દ્વારકા) —કમલેશ વિસાણી

(અનુસંધાન પૃષ્ઠ ૪૪)

એકતારાને બોલ / રાજેન્દ્ર શાહ

• ગાન •

બોલે આ એકતારો જે બોલ,
રે એના તાલમાં પૂરી તાલ
હિલોળે રમતી રહે ચાલ;
ચરણે ધર્યા નેપુરમાંહીં રણુંકે રૂડો કાલ.

ગગનના ઘૂમનારને કાજે ક્યાં ય ન દિશા,
જાગવું સૂવું એક તેને નહિ અહર નિશા;
વાયરા જેવાં વહીએ
મળી વચમાં તો કોઈ
ઝૂલવી લિયે ડાળ,
ચરણે ધર્યાં નેપુરમાંહીં રણુંકે રૂડો કાળ.

ક્યાં ય રે નહિ થિર ને નહિ ક્યાં ય રે જાવું,
જાણીએ કેવલ આમ નિરંતર સૂરમાં ન્હાવું;
નેણના ધવલ નૂરમાં
નર્યો જાય રે ભળી
કાળજે મ્હોર્યો લાલ.
ચરણે ધર્યાં નેપુરમાંહીં રણુક રૂડો કાલ.

—ના રૂપમાં / મનહર જાની

• ગઝલ •

સરનામા વિહોણી કો પત્રિકાના રૂપમાં,
આ જિંદગી મળી છે અચંબાના રૂપમાં.

પથ્થર ફેંકો ને મારામાં ઊઠે નહિ તરંગ,
જડ જેવો થૈ ગયો છું હું હોવાના રૂપમાં.

એના જ કેફમાં આ એકાકીપણું ખૂંખાર,
પીધો'તો જે કસૂંબો બગાસાના રૂપમાં.

એકાદ મૂઠી લાગણી મળી નહિ મને
સંબંધ સો મળ્યા છે ધુમાડાના રૂપમાં.

બચકીની ખેપટમાં

ઊજમશી પરમાર

• ગાન •

બચકીની ખેપટમાં ફળિયાને બાંધ્યું ને
હેળિયામાં પાદરના પંખીનું ગાન;
જાવાની વેળ સરે વગડાની વાટ ને,
સરતું'તું પાછું રે પગલે વેરાન.

વેકરિયા વીરડાના આછરતા પાણીનું
આભલું રે આણામાં આલ્યું,
સરખી તે સૈયરના ગાણાનું ગણગણતું
ગાડું યે સંગાથે હાલ્યું;
પાનીમાં ટચ્ચ દઇ ફૂટ્યાં પગોથિયાં,
ઓઢણીમાં સંકેલ્યું આખ્ખું રે ઘર;
આંખ્યુંમાં ઓલાયા મૈયરના માંડવા ને,
મારગમાં ઝળહળતાં રેલ્યાં સરોવર...

ગમે છે / આહમદ મકરાણી

• ગઝલ •

ગમે તેવું હો, આમ હોવું ગમે છે;
કશું યાદ જેવું ય ખોવું ગમે છે.

ભલે સાત પરદા મહીં એક મૂરત,
ભીતર ગેબી દૃષ્ટિથી જોવું ગમે છે.

પછી લાખ જામા મળે જરકસી, પણ
મને વસ્ત્ર જૂનું જ ધોવું ગમે છે.

સમય આંખ મારી લૂછે અશ્રુભીની,
મને એટલે કૈંક રોવું ગમે છે.

વાતાવરણ / સારસ્વત

• ગઝલ •

ન'તું આંખમાં ભીનું વાતાવરણ,
છતાં તરબતર કેમ વાતાવરણ?

રઝળપાટ નજરે હતો ઢોરનો,
મીચે આંખ ખીલાનું વાતાવરણ!

સમય પહેલાં ઢેફાંઓ ફાટી ગયાં,
હજી દૂર ડૂંડાંનું વાતાવરણ!

અદબ લીલી શેઢા લઈને ઊભા,
હશે કોનાં પગલાંનું વાતાવરણ?

આ ચોરાશી ચૌટાં ને બાવન બજાર,
બધાં ઓલદોલે...શું વાતાવરણ!

તૂટ્યા પાળિયા આંખ ચોળી જુએ,
પ્રણયનું ભીનું ભીનું વાતાવરણ!

વગર / અસદ સૈયદ

• ગઝલ •

કલ્પનાઓ સળવળી કારણ વગર,
ઝાંઝવાં આંખે ચડ્યાં છે રણ વગર.

જોતજોતાંમાં તો જન્મી આંખમાં,
ખ્વાબ મોટાં થઈ ગયાં ધાવણ વગર.

આમ તો જો કે કથા છે રામની,
પણ કથા લાગત નહિ રાવણ વગર.

આંખમાં આવી વસ્યાં છે વાદળાં,
ને પણે તરસે બધાં શ્રાવણ વગર.

¶ એકતારાને બોલ: એકતારો ભજનમસ્તીનું પ્રતીક! જે એ લહેમાં આવી જાય છે તે નાચી રહે છે અને સહજ સમાધમાં આવી ગગનમાં ઘૂમતો થાય છે. તેને દિશાનું બંધન રહેતું નથી; રાતદિવસનાં, સુખદુઃખનાં દ્વંદ્વો રહેતાં નથી. અને આમ જે દ્વંદ્વમુક્ત થાય છે તે જ વાયરાની જેમ હળવો ફૂલ થઈ વહી શકે છે. અને છતાં ય વાયરાને જો વચમાં ડાળ આવે તો તેને ઝૂલવી લેવાનો ક્યાં છોછ છે? જે નરવો બની જાય છે તે સંસારવૃક્ષની ડાળને લાડ લડાવીને પણ અલિપ્ત જ રહી વહેતો થાય છે. આ ભાવની કેવી સહજ કલામય અભિવ્યક્તિ અહીં સધાઈ છે! જે આ કક્ષાએ પહોંચે છે તે તો અલૌકિક નાદમાં જ સતત સ્નાનવિભોર રહે છે. આથીસ્તો કાળજામાં મહોર્યો લાલ રંગ—એટલેકે રાગ, નયનના ધવલ રંગમાં વિરાગમાં ભળી ચરણને આનંદથી થનગનાવી દે છે. ભક્તિના કેફની આ મજાની રચના હળવાશથી પણ કેવી સચોટ અભિવ્યક્તિ સાધી જાય છે! ¶ —ના રૂપમાં: આ નાનકડી ગઝલ એકાકીપણાના ભાવને નવી નવી કલ્પનાઓથી ઘૂંટીને આસ્વાદ્યરીતે રજૂ કરી રહે છે. ¶ બચકાની ખેપટમાં: મહિયરમાંથી સાસરે જતી કન્યાના હૃદયભાવને અભિવ્યક્તિના નાવીન્યથી આ કાવ્યમાં સચોટ રીતે સ્ફુટ કરવામાં આવ્યો છે. તળપદા વાતાવરણને ત્યાંની જ સામગ્રી દ્વારા સુપેરે ઊપસાવી આપવામાં આવ્યું હોઈ ક્ષણભર ભાવકને તે સૃષ્ટિમાં ખેંચી જવાની ગીતની ગુંજાશ સ્વતઃસિદ્ધ છે. બચકાની ખેપટમાં ફળિયાને બાંધવાની વાતમાં મહિયરની સ્મૃતિનું બંધન, વીરડાના આછરતા પાણીનું આભલું આણામાં ચાલ્યાની અભિવ્યક્તિમાં સુચારુ ચિત્રાત્મકતા અને તાજપ આદિ અંગો આ ગીતની આસ્વાદ્યતામાં ઓર ઉમેરો કરે છે, અને ગીતને અંતે વિદાય લેતી કન્યા પગથિયાં ઊતરે છે તેને 'ટચ્ચ દઈ ફૂટ્યાં પગોથિયાં' કહેવામાં તથા તે ક્રિયા સાથે 'ઓઢણીમાં સંકેલ્યું આખ્ખું રે ઘર' કહેવામાં કેવો મીઠી વેદનાનો ધ્વનિ છે! ¶ ગમે છે: જીવન જે છે તે સ્થિતિમાં પણ માણવા યોગ્ય મોંઘી મૂડી છે એ ભાવને અહીં સચોટ રીતે રજૂ કરવામાં આવ્યો છે. ¶ વાતાવરણ: એક શબ્દને લઈ હમણાં ગઝલ કરવાની જે નવી તરાહ ચાલી છે તેનું એક સુભગ ફળ આ કૃતિમાં પણ માણવા મળશે. 'ઢેફાંનું ફાટી જવું', 'લીલી અદબમાં' સીમનું ઊભવું વગેરે અભિવ્યક્તિ ચારુ ચોટસાધક બની રહી છે. ¶ વગર: અશક્ય સંજોગોમાં કેવી શક્યતાઓ ઊભી થઈ જાય છે તે વાતને વિવિધ નૂતન કલ્પનાઓથી અહીં સરસ અભિવ્યક્તિ મળી છે. —ધી. પ.

સ્વાવલંબન

બહાદુરશાહ પંડિત

અમેરિકાના પ્રમુખ ટ્રુમૅનને મળવા કોઈ આવ્યું હતું. નોકરે કહ્યું કે પ્રમુખશ્રી નાહવા ગયા છે. મળવા આવનાર વ્યક્તિએ થોડી વાર રાહ જોઈ. પછી ધીરજ ગુમાવી પૂછ્યું: 'સાહેબને સ્નાન કરતાં બહુ વાર લાગે છે?'

'વાત એમ છે,' નોકરે જવાબ આપ્યો 'કે સાહેબ સ્નાન કરતાં હમેશાં પોતાના અંડરવેર હાથે જ ધોઈ નાખે છે.'

પોતાનાં અમુક કામ જાતે જ કરી લેવાનો આગ્રહ રાખવો એ સ્વાવલંબન છે. પ્રત્યેક વ્યક્તિ આવા સ્વાવલંબનની આદત પાડે એ વ્યક્તિ ને સમાજ બંનેની દૃષ્ટિએ ખૂબ જરૂરી છે.

પ્રકૃતિએ તો માત્ર માણસને જ નહિ પણ પશુપંખીઓને પણ સ્વાવલંબી બનવાની તાલીમ આપી છે. ગાયનું વાછરડું જન્મતાં વેંત જ ચાલતાં અને પાણીમાં તરતાં પણ શીખી જાય છે. પંખીઓનાં બચ્ચાં ઊડતાં ને ખાતાં શીખ્યા બાદ પોતાના માળાનો ત્યાગ કરી નવો જ માળો બાંધવા લાગે છે. માનવ બાળકને પણ પ્રકૃતિએ તો સ્વાવલંબી બનવાના જ સંસ્કાર આપેલા છે. ચાલતું થએલું બાળક વડીલની આંગળી પકડીને ચાલવાનો ઇન્કાર કરે છે અને હાથે ખાતાં શીખ્યા પછી બીજા કોઈની મદદ એને ગમતી નથી. આમ છતાં માબાપો બાળકને સ્વાવલંબી બનતું અટકાવવા એટલાં બધાં પ્રયત્નશીલ રહે છે કે એનું આખું જીવન પરાવલંબી બની જાય છે.

બાઈબલમાં લખ્યું છે કે 'તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે ને ખાજે. બીજાની મહેનત પર તાગડધિન્ના કરવાની વૃત્તિ સમાજદ્રોહ જ નથી, ધર્મદ્રોહ અને આત્મદ્રોહ પણ છે.'

પોતાના ફાળે આવેલું કામ કરવામાં નાનમ નથી પણ મગરૂબી છે. એનું સરસ દૃષ્ટાંત હજરત મહંમદ પેગંબર સાહેબે પૂરું પાડ્યું છે. પેગંબર સાહેબ મુસાફરીએ જતા ત્યારે સૌની વચ્ચે કામની વહેંચણી કરતા. પોતે યે કામમાં ભાગ લેતા. એક વાર આવી વહેંચણીમાં તેમના ભાગે જંગલમાંથી લાકડાં લાવવાનું કામ આવ્યું. તેઓ લાકડાં લેવા જતા હતા ત્યાં એક જણે કહ્યું: 'રહો, એ કામ અમે કરી દઈશું.' ત્યારે હજરતે કહ્યું: હું મને તમારા કરતાં મોટો કહેવડાવવા માગતો નથી; ખુદા એ પસંદ નહિ કરે.'

આમ પોતાના ફાળે આવેલું કામ જાતે જ કરવાનો આગ્રહ રાખવો એ સ્વાવલંબનનું સર્વોત્તમ દૃષ્ટાંત છે. પોતે સ્વાવલંબી બનવું જેટલું જરૂરી છે એટલું જ જરૂરી બીજાને સ્વાધીન રહેવાની પ્રેરણા આપવાનું છે. આ બાબતમાં પણ પેગંબર સાહેબના જીવનનું એક દૃષ્ટાંત ખૂબ સૂચક અને પ્રશંસનીય છે.

એક વાર તેઓ સાહેબ એક ઝાડ નીચે બેઠા હતા ત્યાં એક ભિખારીએ આવી એમની પાસે ભીખ માગી. પેગંબર સાહેબે એને પૂછ્યું: 'તારી પાસે કંઈ છે?' ભિખારીએ પોતાની પાસેનો લોટો બતાવ્યો. પેગંબર સાહેબે એ લોટો એક ભંગાર ખરીદનારને વેચી એના પૈસાથી એક કુહાડી ખરીદી અને થોડા ચણા ખરીદ્યા. ભિખારીને ચણા ખાવા આપી પોતાની પાસેની લાકડી વડે કુહાડીનો હાથો બનાવ્યો. પછી ભિખારીના હાથમાં એ કુહાડી આપી એમણે કહ્યું: 'જા, આ કુહાડી લઈ રોજ જંગલમાંથી લાકડાં કાપી લાવજે. ભીખ માગી બીજાની દયા પર જીવવા કરતાં જાતે મહેનત કરીને જીવતાં શીખ.'

ગાંધીજીએ તો સ્વાવલંબનના આદર્શને એમના જીવનમાં એટલી હદે ચરિતાર્થ કર્યો હતો કે તેઓ પાયખાનું પણ જાતે જ સાફ કરવાનો આગ્રહ રાખતા હતા. એમનું જીવન તો સામાન્યમાંથી અસાધારણ વિભૂતિ બનવા માટે સ્વાવલંબન દ્વારા કરેલી એક મહાન સાધનાનું ઉજ્જ્વલ દૃષ્ટાંત છે.

ગુલામ વંશનો ભલો સુલતાન નાસિરુદ્દીન રાજ્યની તિજોરીમાંથી પોતાના અંગત ઉપયોગ માટે એક પાઈ પણ લેતો નહિ. એ કુરાનની હસ્તલિખિત પ્રતો બનાવીને અને ટોપીઓ સીવીને પોતાનું ગુજરાન ચલાવતો. બગદાદનો ખલીફા હારુન અલ રસીદ પણ રાજ્યના ખજાનામાંથી એક પૈસો પણ વાપરતો નહિ. એ જાતમહેનતથી કમાણી કરીને પોતાનું અને કુટુંબનું ભરણપોષણ કરતો.

દાદાભાઈ નવરોજી અને તિલક મહારાજ ઇંગ્લૅન્ડમાં સાથે રહેતા હતા. બંને મધ્યમ વર્ગના નબીરા, એટલે લંડન શહેરથી દૂરના એક ગામમાં ઘર રાખીને સાથે રહેતા હતા. દાદાભાઈ રોજ ચાર વાગ્યે ઊઠી સ્નાન ઈત્યાદિથી પરવારી ઘર સાફ કરે, પાણી ભરે અને બૂટને પૉલિશ પણ કરે. એક વાર તિલક મહારાજ થોડા વહેલા ઊઠી ગયા અને જોયું કે દાદાભાઈ એમના બૂટને પૉલિશ કરતા હતા. તિલક મહારાજ પથારીમાંથી ઊઠીને દોડ્યા અને દાદાભાઈને કહ્યું: 'અરે! તમે આ શું કરો છો? આજે નોકર નથી આવ્યો?' દાદાભાઈ કહે, 'આપણી પાસે નોકર જ ક્યાં છે?'

'તો આજ સુધી આ બધું કામ કોણ કરતું હતું?' તિલક મહારાજે પૂછ્યું.

દાદાભાઈએ પોતાનો હાથ લાંબો કરી બતાવતાં કહ્યું: 'આ આપણો હાથ, એ આપણો નોકર, આપણા પગ એ આપણા ચાકર. એ કેટલા સારા નોકર છે કે પગાર માગતા નથી ને ચોવીસે કલાક સેવામાં હાજર હોય છે.'

તિલક મહારાજ બીજા દિવસથી પોતાનાં બધાં કામો જાતે કરવા લાગી ગયા.

સ્વાવલંબનની પ્રેરણા આપતી ઘણી કહેવતો પ્રચલિત છે. 'પારકી આશ સદા નિરાશ', 'આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય', 'અપના હાથ જગન્નાથ', 'ઊંઘતાનો પાડો અને જાગતાની પાડી', 'ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે', 'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.'

લાવરીનાં બચ્ચાંની જાણીતી વાત પણ સ્વાવલંબનનો ઉપદેશ આપે છે; અને કાકાસાહેબ કાલેલકરની સરગવાના ઝાડની વાર્તા પણ સ્વાવલંબનનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે: એક ગામમાં એક ઘસાઈ ગએલા કુળવાન કુટુંબના ચાર છોકરાઓ અને વૃદ્ધ મા રહેલાં હતાં. એમના ઘરના બગીચામાં એક સરગવાનું ઝાડ હતું. એ સરગવાની શીંગો બજારમાં વેચવા મોકલીને આ કુટુંબ પોતાનું ભરપોષણ મહામુસીબતે કરતું હતું. એક વાર એ ઘેર એક મહેમાન આવ્યા. મહેમાને જોયું કે ઘરમાં ચાર જુવાનજોધ છોકરા છે, પણ સરગવાના ઝાડના કારણે ચારે છોકરા પરાવલંબી બની ગયા છે. એથી મહેમાને રાતે છાનામાના ઊઠી એ ઝાડ કાપી નાખ્યું. બીજા દિવસે છોકરા સરગવાના શીંગો લેવા ગયા ત્યારે ઝાડ તો જમીનદોસ્ત થઈ ગએલું. પહેલાં તો એ લોકો ખૂબ નિરાશ થઈ ગયા, પણ પછી કોઈ ઉપાય ના રહેલાં બહાર જઈ, મળ્યું તે કામ કરી કમાવા લાગ્યા. ટૂંક સમયમાં ઘરમાં ફરી સમૃદ્ધિ છલકાવા લાગી.

સ્વાવલંબન માટે આપણે અમેરિકનો પાસેથી ઘણું શીખવા જેવું છે. કેન્દ્રના માજી શિક્ષણ પ્રધાન શ્રી એમ. સી. ચાગલાએ, અમેરિકામાં પોતે એલચી હતા એ સમયના અનુભવોનું વર્ણન કરતાં લખ્યું છે કે 'તેમનો સૌથી વધારે પ્રિય થઈ પડે તેવો ગુણ ગમે તે પ્રકારનું પણ સારું કામ હોય તો તેના પ્રતિ આદર રાખવાનો છે. ચાહે તો એ રસ્તો વાળનાર હોય કે ઉપહારગૃહમાં પીરસતો હોય, પરંતુ અમેરિકાની પ્રજા જો કોઈ પ્રામાણિકપણે કામ કરતો હોય તો એની અવગણના કરતી નથી. મોટા ભાગના વિદ્યાર્થીઓ પોતાની આવકની પૂર્તિ માટે રજાઓમાં કામ શોધે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧)

તમામ પ્રકારનાં અનિષ્ટો તથા ભ્રષ્ટાચાર સામે જીવનભર લડનાર, માનવ-સમાનતાનો હિમાયતી, જનસામાન્યનો હામી અને પત્રકારત્વનાં ઉચ્ચ ધોરણો સ્થાપવા માટે લાખો ડૉલરનું દાન આપી જનાર —નીડર અમેરિકન પત્રકાર



'અખબારે લોકસેવાનો ધર્મ બજાવવાનો છે. એના ફરજ લોકો પ્રત્યે છે, નહિ કે કોઈ રાજકીય પક્ષ પ્રત્યે'.

જોસેફ પુલિટ્ઝર

—લેખક · અશોક હર્ષ

ઈ. ૧૮૬૪નો એ સમય હતો. મોડી રાતે બૉસ્ટનનું બારું અંધકારની ગોદમાં લપાઈ ચૂક્યું હતું. માત્ર બારામાં નાંગરેલાં થોડાંક જહાજોના દીવા સાગરનાં જળમાં પ્રતિબિંબિત થઈ રહ્યા હતા. એવા એક જહાજ પર ઊભો ઊભો એક છોકરો એ પ્રતિબિંબો નિહાળી રહ્યો હતો. થોડી વાર સુધી તે નિહાળ્યા કરીને પછી જહાજની એક કોર તરફ વળ્યો અને એકાએક એ ઠંડાં ઊંડાં જળમાં ઝંપલાવી દીધું. માથું સુધ્ધાં બહાર ન કાઢતાં માછલીની જેમ પાણીની અંદર ને અંદર તરતાં જહાજથી ઠીકઠીક દૂર નીકળી ગયા પછી એણે પાણીમાંથી માથું બહાર કાઢ્યું. કિનારો નજીક હતો.

પ...ણ, એને જમણે પગે ગોટલા બાઝ્યા પછી ડાબા પગની પણ એ જ દશા થવા માંડી હતી. ટાઢથી, થાકથી અને બીકથી એ સાવ નંખાઈ ગએલો હતો. એને મદદ માટે બૂમ મારવાનું મન થયું, જેથી કોઈ વહારે ચડી પોતાને પાણીમાંથી ખેંચી કાઢે. પરંતુ કોઈ મદદનીશને બદલે કોઈ ચોકીદાર કે સૈનિક આવી પહોંચે અને એને સીધો ગોળીએ દઈ દે અથવા જહાજ પર પાછો મૂકી આવે તો? એવામાં એક જબરા મોજાએ તેને ઊંચક્યો અને સીધો કિનારા ઉપર પટક્યો.

ઘડી વાર પોરો ખાઈ એણે તાજી હવા શ્વાસમાં ભરી અને પછી કોઈ ચોકીદાર એ બાજુ આવી નથી રહ્યો તેની ખાતરી કરી લઈ કાંઠા પરની એક અંધારી ગલીમાં દોટ મૂકી. દોડતાં દોડતાં જ એ થાકથી લોથપોથ બની એક દીવાલ પાસે ઢળી પડ્યો. સદ્‌ભાગ્યે એને કશી ઈજા થવા ન પામી, કારણ એ દીવાલ પાસે ઘોડાઓનું જોગાણ પાથરેલું રહેતું હોઈ તે અનાજના વેરાએલા દાણા પર જ પટકાએલો.

એ જાગ્યો ત્યારે એના શરીરમાં પાછી સ્ફૂર્તિ આવી ગઈ હતી. આગલી રાતે જે બની ગએલું એ યાદ કરતાં પોતે જીવતો રહ્યો એની જ એને નવાઈ ઊપજી. અલબત્ત, હવે એ સાવ સલામત હતો. પણ એને આવું સાહસ ઉઠાવવાનું કારણ શું?

કારણ એ છોકરા જોસેફ પુલિટ્ઝરને બૉસ્ટનમાં વેચી નાખવાનો હતો. હામ્બુર્ગથી એમનું જહાજ ઊપડ્યા પછી એક વાર અનાયાસ તેના કાને જહાજના કપ્તાન સાથે ચાલતી વાતચીત પડી. એ જેની સાથે જઈ રહ્યો હતો એ જર્મન જ કપ્તાનને કહી રહ્યો હતો: 'યુરોપથી જેટલા જુવાનોને હું બૉસ્ટનના લશ્કરી વડા મથકે સોંપું છું તે દરેક જુવાન દીઠ મને પાંચ સો ડૉલર મળે છે. આ મારી એવી ચોથી ખેપ છે, અને થોડા સમયમાં મારી પાસે એટલા પૈસા થઈ જશે કે હામ્બુર્ગમાં હું મારો પોતાનો કોઈ ધંધો ઊભો કરી શકીશ. એ લોકો લડવા માટે સૈનિકો મેળવવા ઉત્સુક છે, જ્યારે યુરોપના ઘણા જુવાનિયા અમેરિકા જવા ઉત્સુક છે. એમને માટે આ સરસ તક છે—અને મારે માટે પણ!'

કપ્તાન આ સાંભળી ક્રોધાવિષ્ટ બની બોલ્યો: 'આ તો અમેરિકનો અને અમેરિકનો વચ્ચેનું યુદ્ધ છે, તેમાં તમે યુરોપના જુવાનોને હોમો છો? જિંદગીને ખતરામાં એ મૂકે, અને પાંચ સો ડૉલર તમે હજમ કરી જાઓ છો?'

જોસેફે પોતે કાનોકાન સાંભળેલી આ વાત જહાજ પરના પોતાના જેવા બીજા જુવાનિયાને કહી સંભળાવી, પણ તેમણે તો ઊલટી એને શિખામણ આપવા માંડી: 'જોજે, કોઈને ય આવી વાત કરતો, મૂરખ! આપણે કરાર પર સહી કરી ચૂક્યા છીએ. હા, એણે કરારપત્ર અંગ્રેજીને બદલે જર્મન ભાષામાં કરવો જોઈતો હતો; પણ સહી કરી દીધા પછી કરારનો ભંગ કરીએ તો આપણે જ ગુનેગાર ઠરીએ. વળી આપણામાંના કોને અંગ્રેજી આવડે પણ છે? અને આપણી વાત આ પારકા પરદેશમાં કોણ સાચી માનશે? લશ્કરમાં ભરતી ન થયા તો પછી વળતા જ જહાજમાં તેઓ આપણને જર્મની પાછા મોકલી દીધા વિના રહેશે?'

આમ એકલા પડી ગએલા જોસેફે છેવટે પોતાને મનફાવતો રાહ લઈ લીધો. એ બૉસ્ટનમાં પણ રહેવા નહોતો માગતો—વખતે પકડાઈ જાય તો? અમેરિકાના બીજા કોઈ પણ શહેરનું નામ તેણે સાંભળ્યું હોય તો તે ન્યૂ યૉર્કનું, અને એણે ન્યૂ યૉર્ક જ પહોંચવાનું નક્કી કર્યું. અંગ્રેજી પોતે નહોતો જાણતો એથી શું થયું? એ તો થોડા વખતમાં શીખી લેવાશે. અને એણે બૉસ્ટનથી નૈઋર્ત્યમાં આગળ વધતી સડક પકડી.

એ ચાલ્યો જતો હતો ત્યાં રસ્તે ઘોડા પર સવાર એક ખેડૂતનો તેને ભેટો થયો. 'ન્યૂ યૉર્ક?' જોસેફે ઉત્સુકતાથી તેને પૂછી જોયું.

'હા, પણ પંથ બહુ લાંબો છે. અને તારી પાસે તો તે માટેની કશી તૈયારી નથી. કપડાં પણ સાથે નથી લીધાં?'

જોસેફ એ ખેડૂતના બોલનો એક શબ્દ પણ સમજી શક્યો નહિ,

પણ તેના ચહેરા પર કુમાશ તરી આવેલી તેણે જોઈ. ભલા ખેડૂતે પોતાની સાથે એને ઘોડા પર લઈ લીધો.

પ્રભાતની અરુણિમામાં લીલોછમ માર્ગ કાપતાં જોસેફને તેનું વતન હંગેરી યાદ આવી ગયું. હંગેરીનું નાનકડું શહેર માકો જ્યાં તે જન્મેલો તે પણ આવાં જ લીલાંછમ ખેતરોથી ઘેરાએલું હતું. પાછળથી એના પિતાએ બુદાપેસ્ટ સ્થળાંતર કરતાં આખું પુલિટ્ઝર કુટુંબ બુદાપેસ્ટ આવ્યું. બાદ થોડા જ સમયમાં પિતાનું અવસાન થયુ અને માતાએ પુનર્લગ્ન કર્યાં. આ નવા ઓરમાન પિતા મૅક્સ બ્લૉ સાથે જોસેફને ફાવતું ન આવ્યું અને ઘર તેમ જ ગામ બંને છોડી જવાનો તેણે નિર્ણય કર્યો.

આમ સત્તર વર્ષની વયે ઘર છોડી ચાલી નીકળેલા જોસેફે ઑસ્ટ્રિયા, ફ્રાન્સ, ઇંગ્લૅંડ બધે ફરી પોતાની જાતને ઠેકાણે પાડવા પ્રયાસો કરી જોયા, પણ એકે પ્રયાસમાં સફળતા ન મળી. પાસેના પૈસા પણ પૂરા થવા આવ્યા હતા, એટલે એણે હંગેરી પાછા ફરવાનું નક્કી કર્યું. અને આમ પાછા ફરતી વખતે હામ્બુર્ગમાં તેને પેલા જર્મનનો ભેટો થઈ જવા પામેલો જેણે એને અમેરિકા પહોંચાડવાનું માથે લીધેલું.

લગભગ એક અઠવાડિયાના અંતે એ ન્યૂ યૉર્ક પહોંચ્યો. કેટલોક પંથ એણે પગે ચાલીને કાપેલો, કેટલોક એક યા બીજા પ્રવાસીના ઘોડા પર. દરમિયાન થોડુંક અંગ્રેજી બોલતાં પણ એ શીખી ગએલો, જેવું કે 'તમારો આભાર', 'કંઈ કામ મળી શકે ખરું?' 'ન્યૂયૉર્કનો રસ્તો આ?' વગેરે.

ન્યૂયૉર્કના સિટીપાર્ક પાસે પહોંચતાં એણે ત્યાં લોકોની ભીડ જામેલી જોઈ. પાર્કને છેડે પાટિયાંની નાનીનાની ઑફિસો ઊભી કરવામાં આવેલી અને કેટલા ય જુવાનિયાઓ ત્યાં યુદ્ધભરતીનાં કાગળિયાં પર સહી કરી રહ્યા હતા. જોસેફ વિસ્મયમુગ્ધ બની બાગને છેડે ઊભોઊભો આ બધું જોઈ રહ્યો હતો ત્યાં જ એક સૈનિકે જર્મન ભાષામાં તેને પ્રશ્ન કર્યો: 'ઘોડેસવારી આવડે છે કે?'

'તમે લશ્કર માટે પૂછો છો ને?' જોસેફે દ્વિધા અનુભવતાં પ્રશ્ન કર્યો.

'હા, દોસ્ત; અને તું બરાબર યોગ્ય સ્થળે જ આવી ગયો છે. તાજો જ યુરોપથી આવ્યો છેને? અહીંના લિંકન ઘોડેસવાર-દળમાં ખાનદાન જર્મન કુટુંબોના ઘણા જુવાનો છે. તે તારી ભાઈની જેમ સંભાળ લેશે'

અને તે તેને એક કમરામાં લઈ ગયો. ત્યાં ઊભેલા બીજા સૈનિકો જોસેફને જોઈ હસવા લાગ્યા, અને તેને લાવનાર જર્મન સૈનિકોને કહેવા લાગ્યા: 'આને શું જોઈને લાવ્યા? હજુ એની ઉંમર લશ્કરમાં જોડાવા જેટલી ક્યાં છે?'

જર્મન સૈનિકે એ બધાને ચૂપ રહેવા જણાવી જોસેફને એક ટેબલ સામે બેસાડ્યો ને કેટલાંક કાગળિયાં લઈ નોંધવા માંડ્યું: 'તારું નામ શું?'

'જોસેફ પુલિટ્ઝર'—પણ પેલાએ નામની જોડણી ખોટી લખતાં જોસેફ લશ્કરમાં રહ્યો ત્યાં સુધી 'પુલિટ્ઝર'ને બદલે 'પાઉલેટ્ઝીસ' તરીકે જ ઓળખાયો.' 'ઉંમર કેટલી?'

'સત્તર. ઈ. ૧૮૪૭ના ઍપ્રિલની ૧૦મીએ જન્મ.'

'પિતાનાં નામ અને વ્યવસાય?'

'ફિલિપ પુલિટ્ઝર. ધંધો દુકાનદારીનો. પણ તે મરી પરવાર્યા છે.'

'માતાનું નામ?' 'લુઈઝી બર્ગેર.'

'કયા દેશથી આવેલ છો?'

'હંગેરીથી. મારા પિતા અરધા મગ્યાર અને અરધા યહૂદી હતા. માતા જર્મન. ધર્મે કૅથલિક, કારણ માતાને એ પસંદ હતો.'

'ત્યાં દેશમાં શું કરતો હતો?'

જોસેફને જર્મન ભાષા સમજી શકે એવો એક હમદર્દ મળતાં પોતાની આખી યે કથની તેને કહી સંભળાવી. પરંતુ જર્મન સૈનિકને તેની અંગત વાતોમાં બહુ રસ નહોતો. તેણે જોસેફ સામે કાગળિયાં ધરી તેમાં સહી કરવા કહ્યું.

'મને જ્યાં સુધી પાંચ સો ડૉલર નહિ મળે ત્યાં સુધી હું સહી કરવાનો નથી. હું લડું અને પૈસા તમે મેળવો એ ક્યાંનો ન્યાય?' આમ કહેતો જોસફ ઊભો થઈ બારણા તરફ વળ્યો.

'પૈસા તને જ મળશે, દોસ્ત!' જર્મન સૈનિક જોસેફના ગુસ્સાભર્યા શબ્દો ગળી જઈ તેને પાછો વાળતાં બોલ્યો અને તેને ખભે હાથ મૂકી કહ્યું: 'તારા જેવા છોકરાની ભરતી બદલ હું પૈસા લઈશ એમ તું માને છે?'

જોસેફે સહી કરી. પૈસા તેને મળી ગયા. આનંદ અને આશ્ચર્ય અનુભવતો તે હજુ ઊભો જ રહ્યો હતો ત્યાં પેલા જર્મન સૈનિકના ચહેરાના ભાવ બદલાયા, 'હવે તું સૈનિક બન્યો છે;' જોસેફને સંબોધીને તે બોલ્યો: 'અને સૈનિકે કેવી રીતે હુકમો ઉઠાવવાના હોય છે એ હું તને હવે શીખવું,' કહેતાં ઘડ દઈને એણે એક મુક્કો જોસેફને ચોડી દીધો. જોસેફને કંઈ સમજ પડે તે પહેલાં તો બીજો મુક્કો ચોડતો તે બોલ્યો: 'હુકમ મળતાં તારે તે વિષે કશું પૂછવાનું જ નહિ. જો પૂછ્યું તો આ જ સ્વાદ ચાખવા મળશે!' અને તેના વજનદાર મુક્કાથી ભોંય બેસી પડેલા જોસેફને ત્યાં જ મૂકી તે ચાલતો થયો.

લશ્કરમાં નવા ભરતી થએલા જોસેફને રીઢા સૈનિકો તરફથી ઘણું સહન કરવું પડતું. તેની હાંસી ઉડાવવાથી માંડી અવારનવાર તેને ખોખરો કરતાં પણ તેઓ ચૂકતા નહિ. એવામાં એક દિવસ એની ટુકડીના નાયકે તૈયાર રહેવાનો હુકમ આપતાં જોસેફ થોડીક સેકંડ મોડો પડતાં તેણે તો એના કુટુંબથી માંડીને એના દેશ માટે અપમાનજનક શબ્દોનો ધોધ શરૂ કરી દીધો. જોસેફ માટે આ અસહ્ય હતું. એનો ચહેરો ક્રોધથી તગતગી ઊઠ્યો. સૈનિકોની કતાર તોડી તે એ નાયક ભણી ધસી ગયો અને પોતાનો સઘળો ક્રોધ અને સઘળું બળ તેના પર ઠાલવી દીધાં.

સઘળા સ્તબ્ધ બની ગયા. કેટલાક તો પોતાની સગી આંખે જોયા છતાં એ માનવા તૈયાર નહોતા. એક સૈનિક ઊઠીને તેના નાયકને મારે?!

જોસેફને લશ્કરી વડા મથક પર લઈ જઈ એક સશસ્ત્ર સૈનિકના પહેરા નીચે મૂકવામાં આવ્યો. યુદ્ધનો સમય હતો, અને આવી ગેરશિસ્ત આચરનારને કદાચ ગોળીએ પણ દેવામાં આવે. પરંતુ જોસેફને પોતે જે કર્યું તે બદલ મુદ્દલ અફસોસ નહોતો. પોતાને થનારી સજાના વિચારમાં જ એ બેઠો હતો ત્યાં કોઈનો પદરવ સંભળાયો. એ ચોંકી ઊઠ્યો—નક્કી મોતનો સંદેશ! પણ ના, એ તો પાયદળ ટુકડીનો કૅપ્ટન રામ્સે હતો જેની સાથે જોસેફ શતરંજ ખેલતો અને જેને એના પ્રત્યે પૂરી સહાનુભૂતિ હતી.

'અલ્યા જોસેફ, વળી પાછી મુસીબત ઊભી કરીને?' તે બોલ્યો: 'પણ એમાં તારી ટુકડીના નાયકનો જ વાંક હતો. તારી ટુકડીના જ કેટલાકે તારા વિષે કમાન્ડિંગ ઑફિસરને સારો અભિપ્રાય આપી તને સજામાંથી બચાવી લીધો છે.' અને પછી જોસેફને ખભે હાથ મૂકી બોલ્યો: હવે આપણે છૂટા પડીએ છીએ, મારે વર્જિનિયા જવાનો હુકમ થયો છે. પણ તું તારી શતરંજની રમત ચાલુ રાખજે. બહુ અચ્છો ખેલાડી છે તું.'

જો કે આ પછી લશ્કરમાં કોઈ નવી મુસીબત જોસેફને વેઠવી ન પડી, પરંતુ લશ્કરી જીવતની હાડમારી તથા તેના પ્રત્યેનો અમાનુષી વર્તાવ તો એના હૈયામાં કાયમનાં કોતરાઈ ગયાં.

યુદ્ધનો એકાએક અંત આવ્યો અને ૧૮૬૫ના મેની ૨૩મીએ લશ્કરે વૉશિંગ્ટન ભણી તેની આખરી કૂચ આદરી. જુલાઈની ૭મીએ ન્યૂયૉર્કમાં પગાર ચૂકવાઈ જતાં મોટા ભાગના સૈનિકો પોતાના ઘર ભણી ચાલતા થયા, પણ જેમને ઘર કે કુટુંબ જેવું નહોતું તેઓ ન્યૂ યૉર્કમાં જ રહી પડ્યા. એવા રહી પડેલાની સંખ્યા ન્યૂ યૉર્કમાં વધતી જ ગઈ. જોસેફે જોયું કે લોકો પહેલાં જ્યાં હાથ મિલાવવા સામા દોડતા ત્યાં હવે સૈનિકની હાજરીની નોંધ પણ ભાગ્યે જ લેતા હતા. હવે તેમને સૈનિકોમાં કશો જ રસ રહ્યો નહોતો.

લશ્કરમાંથી ફારેગ થતાં જોસેફને પૈસા સારા મળ્યા હતા, પરંતુ ન્યૂ યૉર્કના ખર્ચાળ જીવન અને કશી કામગીરીના અભાવે તે દિવસોદિવસ ગરીબ બનતો જતો હતો. કામગીરીની શોધમાં ભટકતા આવેલા બધા સૈનિકો વચ્ચે ન્યૂ યૉર્કમાં પોતાનો પાટો નહિ બાઝે એની ખાતરી થઈ જતાં ખિસ્સામાં બચેલા થોડાક જ સેન્ટ સાથે તે સેન્ટ લૂઈ તરફ ચાલી નીકળ્યો. મિસિસિપી પહોંચતાં સુધીમાં તો એ બચ્યા-ખૂટ્યા પૈસા ય વપરાઈ ચૂક્યા અને કેટલાંક કપડાં સુધ્ધાં વેચી નાખવાં પડ્યાં.

ઑક્ટોબરની ૧૦મીએ સાંજે જોસેફ મિસિસિપી નદીના કાંઠે ઊભો સામી પારના સેન્ટ લૂઈના દીવાઓ તાકી રહ્યો હતો ત્યાં ઓચિંતું બરફનું તોફાન આવી પડ્યું. ભૂખ્યા, થાકેલા અને ટાઢે થથરતા તેને વિચાર થઈ પડ્યો કે રાત ક્યાં ગુજારવી. ત્યાં એને એક મછવાના નાખુદાની બૂમ સંભળાઈ: 'યોહા...ન! યોહાન! ક્યાં મરી ગયો?' જોસેફે ધ્યાન દઈને સાંભળતાં એ મછવાના ખલાસીઓ જર્મન ભાષામાં વાત કરી રહ્યા હતા. તેને એ સાંભળી આશા બંધાઈ, અને નાખુદા પાસે જઈ બધી વાત કરી કંઈક કામની માગણી કરી.

'જો છોકરા, તું મુસીબતમાં છે એ વાત સાચી. જો યોહાન પાછો ન ફરે તો જરૂર હું તને રાખી લઈશ.'

અને ખરેખર યોહાન એ રાતે ફરક્યો જ નહિ. નાખુદાએ એની કામગીરી જોસેફને સોંપી. હિમ જેવા ઠંડા પવનના સપાટા તો બરડો ફાડી નાખે તેવા હતા. રાતભરની કામગીરી પછી જોસેફ સામે કાંઠે સેન્ટ લૂઈ ઊતર્યો ત્યારે તો તેના પગમાં ઊભા રહેવાનું પણ જોર નહોતું. ભલા નાખુદાએ તેને તેની રાતપાળીના પૈસા ચૂકવી આપ્યા એટલું જ નહિ પણ તેને રહેવાની સગવડ ક્યાં મળશે એ પણ આ નવા શહેરમાં બતાવ્યું.

થાકીને લોથની જેમ પથારીમાં પડેલો જોસેફ સૂરજ ચડતાં વધી ગએલા કોલાહલ વચ્ચે જાગી ઊઠ્યો. ભૂખ કકડીને લાગી હતી, વળી આ નવા શહેરના ભોમિયા પણ બનવાનું હતું, એટલે ઝટપટ કપડાં ચડાવી તે બહાર નીકળી પડ્યો. રસ્તે થોડીક બ્રેડ ખરીદી લીધી અને તે ખાતોખાતો આગળ વધ્યો. શહેર સરસ હતું, પણ એને શા કામનું? એને તો કંઈ ને કંઈ કામ જોઈતું હતું.

સેન્ટ લૂઈમાં તેને એક જર્મન કુટુંબમાં જ રહેવા માટેનો કમરો મળી ગયો. મકાનમાલેકણ શ્રીમતી ઑગસ્ટસ બહુ ભલી બાઈ હતી. જોસેફને તેણે કહ્યું: 'અહીં અત્યારે તો જોઈએ તેટલું કામ મળી રહે તેમ છે, પરંતુ વધુ ને વધુ લોકો કામ શોધતા સેન્ટ લૂઈ આવતા રહેશે તો પછી કામ મેળવવું મુશ્કેલ બની જશે. વારુ; પણ મિ. પુલિટ્ઝર, તમે અંગ્રેજી બોલવાનું શીખવા માંડ્યા છો ખરા?'

'હા, પણ બહુ જ ધીમું. મને અંગ્રેજી ચોપડીઓ વાંચવા મળે તો તેમાં ઝડપ આવી શકે; પણ તે ખરીદવા જેટલા પૈસા મારી કને નથી.'

શ્રીમતી ઑગસ્ટસે તેને કોઈ સારા પુસ્તકાલયનો ઉપયોગ કરવા ભલામણ કરી. અને બીજા જ દિવસે એના પગ એને માર્કેટ સ્ટ્રીટ દોરી ગયા. ત્યાં એક નવા બંધાએલા મકાનમાં તેણે વકીલોની ઑફિસ જોઈ અને તે સામે તાકતો ઊભો રહ્યો. કેટલા ય વકીલોની અવરજવર ચાલુ હતી. આ વકીલોને કોઈ મદદનીશની જરૂર હશે ખરી?–તેણે વિચાર્યું; સાથે નાનપણમાં વકીલ બનવાના તેણે સેવેલા સ્વપ્નની પણ યાદ આવી ગઈ, અને તેની આંખમાં નવી ચમક ઊભરાઈ આવી.

તેણે એની પાસેથી પસાર થતા એક વકીલને થોભાવી કહ્યું: 'તમને કોઈ મદદનીશની જરૂર છે? રોજના બે કલાક ચીંધશો તે બધું કામ કરી આપીશ, બાકીના સમયમાં તમારાં પુસ્તકો વાંચ્યા કરીશ. મારે પણ વકીલ બનવું છે.'

તેને સાંત્વન આપી આ વકીલે ઑફિસમાં જઈ અન્ય વકીલ મિત્રોને વાત કરી. તેમણે તેને ઉપર બોલાવી મદદનીશ તરીકે રોકી લીધો, સાથે પોતાનાં પુસ્તકોના યે ઉપયોગની છૂટ આપી. જોસેફને જોઈતું મળી ગયું. કાયદાનાં પુસ્તકો ઉપરાંત પુસ્તકાલયમાં બીજાં પણ અનેક પ્રકારનાં પુસ્તકો તે વાંચતો રહેતો. પુસ્તકાલયમાં જ તેને પ્રોફેસર ટૉમસ ડેવિડસન સાથે ઓળખાણ થવા પામી. એ સ્કૉટલૅન્ડથી અહીંની શાળામાં શિક્ષક તરીકે આવ્યો હતો. જોસેફને એકલોએકલો પુસ્તકો વાંચતો જોઈ તે એની તરફ આકર્ષાએલો. એની સાથેની વાતચીતમાં જોસેફના વિસ્તૃત પ્રવાસ અને એથી યે વિસ્તૃત જ્ઞાને તેને વધુ આકર્ષ્યો. જોસેફને તેણે કહ્યું: 'મને લાગે છે, જોસેફ, તું સારો રાજકારણી પુરુષ થઈ શકે. સારો સમાજસુધારક પણ. તું ઇતિહાસ ભલે બદલી ન શકે, પણ તેના સર્જનમાં જરૂર ફાળો આપી શકે.'

ઈ. ૧૮૬૭માં જોસેફે કાયદાનો અભ્યાસ તો પૂરો કર્યો, પણ હવે ઑફિસ ક્યાં શરૂ કરવી? એવામાં એક રાતે મર્કન્ટાઈલ લાયબ્રેરીમાં એણે બે જણને શતરંજની રમત રમતા જોયા. જોસેફ તે જોવા ઊભો રહ્યો. એમાં એક રમનારની ચાલ જોઈ તેનાથી રહેવાયું નહિ, અને રમનારા કોણ છે, પોતાની દરમિયાનગીરી તેમને ગમશે કે નહિ, એ કશું જ ન વિચારતાં એ બોલી ઊઠ્યો: 'એમ ચાલવા જશો તો રમત હારી બેસશો.' અને પછી પોતાની ઇચ્છા મુજબ ચાલ ચાલી બતાવી કહ્યું: 'જુઓ, આમ જિતાય!'

'હું એ જ ચાલ ચાલવા માગતો હતો, એમિલ, જોયુંને? છેલ્લાં કેટલાં અઠવાડિયાંમાં આ મારી પહેલી જીત છે.' એક રમનારો બોલ્યો.

'પણ કાર્લ, મારે કહેવું જોઈએ કે એ છેલ્લી ચાલ તારી તો નહોતી જ, અને એ વાજબી પણ ન ગણાય.' બીજાએ કહ્યું.

જોસેફ તો ત્યાંથી પાછો ચાલવા માંડેલો, પણ ત્યાં બેમાંના એકે તેને પાછો બોલાવ્યો: 'અલ્યા, તારા જેવા ચુનંદા ખેલાડીની ઓળખાણ તો કરવી જોઈએને? આ છે ડૉ. એમિલ પ્રીટોરિયસ; મારું નામ કાર્લ શુર્ઝ.'

જોસેફ તો બંનેનાં નામ સાંભળીને જ અવાક્ બની ગયો. બંને વ્યક્તિઓથી સેન્ટ લૂઇનો જણબચ્ચો સુધ્ધાં પરિચિત હતો. તેમાં યે કાર્લ શુર્ઝ તો અમેરિકાભરમાં ખ્યાત હતો. રીપબ્લિકન પક્ષના સ્થાપકોમાંનો એ એક હતો, અને અબ્રાહમ લિંકનને પ્રમુખપદે લાવવામાં એણે મહત્ત્વનો ભાગ ભજવેલો.

જોસેફ આ બંને મહાન રાજકારણી પુરુષોને આ પહેલાં કદી મળ્યો નહોતો. પરંતુ સેન્ટ લૂઈમાંના તમામ જર્મન જુવાનોની જેમ કાર્લ શુર્ઝ વિષે એ ઘણું જાણતો હતો. તદ્દન અકિંચન હાલતમાં અમેરિકા આવેલો એ, આજે મિસૂરી રાજ્ય તરફથી યુનાઈટેડ સ્ટેટ્સનો સેનેટર હતો અને 'વેસ્ટલિક પોસ્ટ' નામના જર્મન અખબારનો માલિક હતો. એણે જ ફાળો ઉઘરાવી 'લિંકન કૅવેલરી' (ઘોડેસવાર દળ) ઊભું કરેલું અને યુદ્ધ દરમિયાન લશ્કરનો એક સેનાપતિ હતો.

બંનેને આ જુવાન ગમી ગયો. 'પોસ્ટ'નો રિપોર્ટર સેન્ટ લૂઈ છોડી જવાનો હોઈ બંનેને તેની જગ્યા માટે પુલિટ્ઝર યોગ્ય લાગ્યો અને એ જ રાતે તેને વળતે દિવસે પોતાને મળવા માટે ચિઠ્ઠી મોકલી આપી.

અને બીજા દિવસથી પુલિટ્ઝર 'પોસ્ટ'નો ખબરપત્રી નિમાઈ ગયો. તેના તંત્રીએ તેને પહેલી જ કામગીરી શહેરના રૅાઝલીનના પુસ્તક ભંડારમાં થએલી લૂંટનો અહેવાલ લાવવાની સોંપી. તેણે પોલીસની હાજરીમાં જ ખુદ રૅાઝલીન સાથે સવાલજવાબ કરવા માંડ્યા. એક સવાલના જવાબમાં રૅાઝલીને તેના મદદનીશ જૉન એગર્સનું નામ આપતાં જોસેફે પૂછ્યું: 'અત્યારે તે ક્યાં છે?'

'મને ખબર નથી. કાલે તો એણે માંદગીની રજા લીધી હતી, પણ આજે હજુ આવ્યો નથી એટલે લાગે છે કે આજે પણ નહિ આવે.' તેના આ જવાબથી ત્યાં ઊભેલો પોલીસ અધિકારી ચમકી ઊઠ્યો: 'તમે

તમારા મહદનીશ વિષે તો કશું જણાવ્યું જ નથી,' તેણે રોઝલીનને કહ્યું.

'હું તે ભૂલી જ ગએલો.' રોઝલીને જવાબ આપ્યો.

'મને આ કેસમાં કંઈક વિચિત્રતા લાગે છે.' પોલીસ અધિકારી બોલ્યો : 'જો રાહદારીઓમાંના કોઇએ કોઈને બારણું ઉઘાડતો જોયો ન હોય તો તેનો અર્થ એ થયો કે તેને કોઈનું લક્ષ ન ખેંચાય એમ બારણું ઉઘાડતાં આવડતું હોવું જોઈએ. વળી તિજોરી કયાં છે અને તે કેમ ઉઘાડવી એ પણ તે જાણતો હોવો જોઇએ. મને તો ખાતરી થઈ ચૂકી છે કે આ કામ એગર્સ સિવાય બીજા કોઈનું ન હોઈ શકે. અને સવારની ટ્રેઈન પકડી એ રફુચક્કર થઈ ગયો હોવો જોઇએ.'

જોસેફને આખી યે કડી મળી ગઈ. એ સીધો દોડયો રેલવે સ્ટેશને. ત્યાં તપાસ કરતાં એગર્સે સવારની ટ્રેઈન પકડી હોવાની ખાતરી થઈ. જોસેફને કામગીરી સોંપતાં અચકાતા 'પોસ્ટ'ના તંત્રી વિલિકને પણ તેની વૃત્તપ્રતિભાનો સ્વીકાર કરવો પડયો એવો હકીકતનિર્ભર સિલસિલાબંધ અહેવાલ એણે તૈયાર કરેલો. બધાં જ અખબારોમાં આ લૂંટ કોઈ અજાણ્યા શખ્સે કરી હોવાનો અહેવાલ હતો, જ્યારે પુલિટ્ઝરે તો એગર્સને જ ગુનેગાર ઠરાવ્યો હતો. શુર્ઝ પણ તેની આ પ્રથમ કામગીરી પર ખુશ થઈ બોલી ઊઠયો : 'જો, આવા નાના લુટારુઓની જેમ મોટા લુટારુઓને પણ તું પકડી પાડી શકતો હોય તો હું તને રાજકીય ખબરપત્રી તરીકે કેળવવા માગું છું. તેણે મહત્ત્વની વસ્તુ યાદ રાખવાની તે એ છે કે, હમેશાં હકીકતો પાછળ પડી તેણે તે શોધી કાઢવી જોઈએ. જો, તારે 'અફવા' અને 'સમાચાર' વચ્ચેનો તફાવત જાણી લેવો જોઈએ. આપણે જેની સત્યતા સાબિત ન કરી શકીએ તેવા કોઈ સમાચાર આપણા વાચકોને ન આપવા જોઇએ. વળી એ પણ ન ભૂલતો કે આપણું પત્ર એક રીપબ્લિકન પત્ર હોઈ આપણે એ પક્ષ, એની નીતિ અને એના કાર્યક્રમને લોકપ્રિય બનાવવાનાં છે.'

જોકે જોસેફ શુર્ઝના બધા જ વક્તવ્ય સાથે સહમત નહોતો. એની એ દૃઢ માન્યતા હતી કે લોકો રાજકારણ સિવાય બીજું પણ ઘણું જાણવા માગતા હોય છે—અફવાઓ સુધ્ધાં. એના વકીલ મિત્રોએ સ્થાનિક પ્રશ્નોની તેની સાથે વાત કરતાં જોસેફે એ વિષે પણ 'પોસ્ટ'માં લખ્યું. સેન્ટ લૂઈમાં નવા નવા ઉદ્યોગો સ્થપાતા જતા હોઈ એ વિષે પણ લખ્યું. બીજા ખબરપત્રીઓ તેનાં આ લખાણો વાંચી તેના પર હસતા. તંત્રી વિલિક સુધ્ધાંએ ડૉ. પ્રીટોરિયસ આગળ આ અંગે ફરિયાદ કરી. પરંતુ ડૉક્ટરે જોસેફનાં લખાણો વાંચ્યાં હતાં અને તેમને તે ગમ્યાં હતાં. લોકોને પણ તે ગમતાં હતાં તેનો પુરાવો એ કે 'પોસ્ટ'ની વધુ ને વધુ નકલો વેચાવા માંડી હતી. પછી તો બધા હરીફ તંત્રીઓ પણ 'પોસ્ટ'નું બારીક નિરીક્ષણ કરવા લાગ્યા, ને તેમાં છપાએલા સમાચારો પોતાના પત્રમાં કેમ નથી તેનો ખબરપત્રીઓ પાસેથી જવાબ માગવા લાગ્યા. માત્ર ત્રણ અઠવાડિયાંના અનુભવે જોસેફ એવો તો કાબેલ બની ગયો કે સમાચાર બાબતમાં એને તંત્રી વિલિક સુધ્ધાંના માર્ગદર્શનની જરૂર ન રહી.

એવામાં મિસૂરીની વિધાનસભાની બેઠક જેફર્સનસિટી મુકામે શરૂ થતાં શુર્ઝે તેને ત્યાં મોકલી આપ્યો. અહીં પણ એણે રાજકીય બનાવોના ચીલા ચાલુ અહેવાલોની આખી પદ્ધતિ જ બદલી નાખી. રાજકારણી પુરુષો તરફથી પૂરા પાડવામાં આવતા સમાચારો તે જેમના તેમ સ્વીકારી ન લેતો—રીપબ્લિકન પક્ષ સુધ્ધાંના નહિ. વળી વિરોધ પક્ષના સમાચાર કોઈ પક્ષીય અખબાર છાપતું જ નહિ તેના સ્થાને તેણે વિરોધ પક્ષને પણ મહત્ત્વ આપવા માંડયું. એક વાર ડેમોક્રેટિક પક્ષની મળેલી સભામાં એ જઈ પહોંચતાં એ પક્ષના અખબારોના ખબરપત્રીઓએ વાંધો લીધો : 'તમારાથી આ સભામાં અવાય જ નહિ.'

'શા માટે નહિ?' જોસેફે કહ્યું : 'શું પ્રજાને જાણ થવા ન પામે એવું કંઈક તમે કરી રહ્યા છો? લોકોની તમને બીક લાગે છે? હું આ સભામાં આવ્યો છું અને અહીં બેસીશ જ.'

જોસેફ હરેક ક્ષેત્રે ભ્રષ્ટાચારનો વિરોધી અને સામાન્ય પ્રજાજનના હક્કો અને હિતોનો હિમાયતી હતો. હબસીઓને પણ પૂરા રાજદ્વારી હક્કો અને એને ગમે તે વ્યવસાય કરવાની છૂટ હોવી જોઇએ એવું એ બેધડક પ્રતિપાદન કરતો. 'અખબારે લોકસેવાનો ધર્મ બજાવવાનો છે. એની ફરજ લોકો પ્રત્યે છે, નહિ કે કોઈ રાજકીય પક્ષ પ્રત્યે.' તેના આ ખયાલો રીપબ્લિકન પક્ષમાંના ઘણાને પસંદ નહોતા, પણ જોસેફ પોતાના આ ખયાલો પર મક્કમ હતો. કોઈ સમાચાર પ્રસિદ્ધ ન કરવા બદલ એને લાંચ આપવામાં આવતી તો તે લાંચનાં નાણાં પાછાં ફેંકી દઈ એ સમાચાર એની સાથે સંકળાએલી વ્યક્તિઓનાં નામ સાથે રજૂ કરતો.

હવે પુલિટ્ઝર અમેરિકન ગૃહો અને ગૃહિણીઓની, દુકાનદારો અને કામદારોની યે મુલાકાતો લઈ તેમના પ્રશ્નો રજૂ કરવા માંડયો. પછી તો લોકો એ એની ઓળખાણ આપે એ પહેલાં જ એને ઓળખી કાઢતા; 'તમે "વેસ્ટલિક પોસ્ટ"માં લખો છો એ પુલિટ્ઝર જ ને?' ભ્રષ્ટાચારી કર્મચારીઓને એ ખુલ્લા પાડવા માંડતાં લોકો એના પર ખુશ હતા. એવામાં ઈ. ૧૮૬૯માં મિસૂરીની વિધાનસભામાં સેન્ટ લૂઇનો પ્રતિનિધિ ચૂંટી મોકલવાનું આવ્યું. પક્ષની બેઠકો રોજ મળવા માંડી, પણ કોઈ પ્રતિનિધિ જ નક્કી ન થઈ શકયો. મતદારો રીપબ્લિકન પક્ષના ઉમેદવારને ચૂંટી કાઢે એવી શકયતા બહુ ઓછી હોઈ કોઈ તૈયાર જ થતું ન હતું. પક્ષમાં પુલિટ્ઝરની હાંસી ઉડાડનારા તેમજ તેનાથી બીતા રહેનારા પણ કેટલાક હતા. તેમણે તેને ખરાબ કરવા જોસેફ પુલિટ્ઝરનું નામ સૂચવ્યું!

પક્ષની બેઠક મળી. પુલિટ્ઝરના નામની પસંદગી જાહેર થઈ. પુલિટ્ઝર એમ ને એમ નિશ્ચલ બેસી રહ્યો. એ ઉમેદવારી સ્વીકારશે જ નહિ એમ મોટા ભાગનાને લાગ્યું. છેવટે તે ઊભો થયો અને બોલ્યો : 'તમે કયા આશયથી મને પસંદ કર્યો છે તે હું જાણું છું. એ બદલ તમારો આભાર હું માનવાનો નથી. પણ હું માનું છું કે આ ચૂંટણીમાં રીપબ્લિકન ઉમેદવારને સફળ થવાની તક છે. એણે લોકોના સીધા પરિચયમાં આવવું જોઈએ. હું તમારો રીપબ્લિકન ઉમેદવાર બનીશ.'

ત્યાંથી નીકળીને એણે પોતાના જૂના સલાહકાર પ્રો. ડેવિડસનની સલાહ લીધી કે ચૂંટાવા માટે શું કરવું. 'પહેલાં તો તારા માટે સારાં કપડાં ખરીદી લે.' તેણે સલાહ આપી. અને જોસેફે તેમ કર્યું. આ નવાં કપડાંમાં ઓપી ઊઠેલા પોતાના વ્યક્તિત્વ પર જોસેફ પોતે ખુશ થઈ ઊઠયો.

અને એની આત્મશ્રદ્ધા ફળી. સારા યે મિસૂરી રાજ્યના વિસ્મય વચ્ચે એ ચૂંટાઈ આવ્યો. ચૂંટાયા પછીના એના પહેલા જ ભાષણમાં એણે લોકો પાસેથી ઉઘરાવવામાં આવતા કરમાં ચાલતી ગોલમાલ પર સખ્ત પ્રહારો કરી પ્રજા વતી તેનો હિસાબ માગ્યો. વિધાનસભામાં દેકારો મચી ગયો. જોસેફના મિત્રોએ એને ચેતવ્યો. 'આ સરકારી માણસો પાસે જબરી સત્તા રહેલી છે. એ તને વીતાડવામાં બાકી નહિ રાખે, માટે ચેતતો રહેજે.'

પણ જોસેફ કોઈથી ગાંજ્યો જાય એમ નહોતો. એણે કૅપ્ટન ઑગસ્ટાઈન પર જાહેરમાં આક્ષેપ મૂકયો અને વિધાનસભામાં એ અંગેનો ખરડો લાવવાની તૈયારીમાં પડયો. ઈ. ૧૮૭૦ના શિયાળાની એક રાતે તે એના એક મિત્ર સાથે ખાણું લઈ રહ્યો હતો ત્યાં જ એક તગડા જેવો માણસ ધૂંઆંપૂંઆં થતો આવી પહોંચ્યો અને જોસેફ સામે આંખો તગતગાવતો બોલ્યો : 'તેં મને ચોર કહ્યો. હું કહું છું તું જુઠ્ઠો છે, પુલિટ્ઝર!'

એ જમાનામાં આવા તુંકારા હુંકારાનું પરિણામ દ્વંદ્વયુદ્ધમાં જ આવતું. 'જરા થોભજે,' કહી જોસેફ ઊઠયો અને અંદરથી પોતાની બંદૂક ઉઠાવી પાછો આવ્યો. 'જુઠ્ઠો તો તું છે, ઑગસ્ટાઈન! કહેતાં તેણે ઘોડો દબાવી દીધો. ગોળી ઑગસ્ટાઈનને વાગી, પણ કશી (અનુ: પૃષ્ઠ ૧૪)

ઑઇલ પેઇન્ટ

મલયાટ્ટૂર રામકૃષ્ણનની એક મલયાલમ વાર્તા
અનુવાદક • કમલ જસાપરા

ફોન રણકી ઊઠયો. જ્યૉર્જનો અવાજ સંભળાયો: 'તાબડતોબ આવી જા. આવતી કાલે સવારના હું પાછો જાઉં છું. એ પહેલાં આપણે મળી લઈએ.' એનો અવાજ સહેજ ભારે હતો. મેં ઘડિયાળમાં નજર કરી. સાડાસાત. પૂછ્યું: 'તું ક્યાં છે?' જ્યૉર્જે હોટેલનું નામ આપ્યું.

'ક્યારે આવ્યો?' જવાબ ના મળ્યો. રિસીવર મૂકી દેવાનો અવાજ સંભળાયો: ક્લિક!

હું બહાર નીકળ્યો. છેલ્લો આઠ વરસ પહેલાં જ્યૉર્જને મળ્યો હતો. એ સમયે એ મુંબાઈના એક અંગ્રેજી દૈનિકનો સીનિયર સબ એડિટર હતો. બે વર્ષ પહેલાં એના વિષે એક સમાચાર જાણવા મળ્યા હતા. એક નેતાનું વિવાદાસ્પદ જીવનચરિત્ર એણે લખ્યું હતું એમ વાંચ્યું હતું.

હું એ મોટી હોટેલમાં જઈ પહોંચ્યો. ઉપર જતાં જતાં હું વિચારી રહ્યો: એણે મને શી રીતે શોધી કાઢયો?

ઉપર પહોંચતાં જ એનો જવાબ મળી ગયો. કાર્ટૂનિસ્ટ રાઘવને માહિતી આપી હશે. મેં રૂમમાં પ્રવેશ કર્યો ત્યારે જ્યૉર્જ, રાઘવન તથા એક અપરિચિત વ્યક્તિ 'પી' રહ્યા હતા. એ લોકોના હાલ જોતાં જ લાગ્યું કે એ લોકોએ પીવાનું શરૂ કર્યે ઘણો સમય થયો હતો.

જ્યૉર્જ ઊભો થયો ને મને વળગી પડતાં જ ત્રીજી અજાણી વ્યક્તિ તરફ અંગુલિનિર્દેશ કરતાં બોલ્યો 'સાંભળ્યું નથી, આર્ટિસ્ટ મુખરજી વિષે?'

મારી યાદદાસ્ત તેજ બની. ગયા વર્ષે મુંબાઈમાં એક પ્રદર્શનમાંથી એક અશ્લીલ ચિત્ર દૂર કરવામાં આવ્યું હતું. એ બાબતમાં એક સાપ્તાહિકે ખૂબ ધમપછાડા કર્યા હતા. એનો ચિત્રકાર એ જ આ મુખરજી.

'મુખરજી ઑવ ઑબ્સિન ફેઈમ?' મેં સવાલ કર્યો.

મુખરજીને જે રીતે મેં ઓળખી કાઢયો એ એને ખૂબ જ ગમ્યું. એ ઊભો થયો અને મારા બંને હાથ ઝાલી લેતાં બોલ્યો: 'નો! ઑવ ઑબ્સિન નોટોરાઇટી!' સૌ હસી પડયા.

રાઘવન નવી બાટલી ખોલતો હતો. જ્યૉર્જે મને પૂછ્યું: 'હું અહીં શા માટે આવ્યો એ તારે પહેલાં જાણવું છે, નહિ?'

'હા; કહે જોઉં.'

મારો વાંક કાઢતો હોય એ રીતે રાઘવન બોલી ઊઠયો: 'આજે આ મહાનગરમાં એક બનાવ બની ગયો એની તને ખબર નથી શું?'

'કયો બનાવ?'

'નિમંત્રણ મોકલી તને જાણ તો કરી હતી.' 'સમજાયું નહિ.'

'એક ચિત્રોનું પ્રદર્શન...એનો ઉદ્‌ઘાટનવિધિ કરવા જ્યૉર્જ અહીં આવ્યો છે.' રાઘવને ખુલાસો કર્યો.

'હું આ જ્યૉર્જની સાથે આવ્યો, તમારો રમણીય પ્રદેશ જોવા માટે.' સમુદ્રને ગળે વીંટળાએલા કોચીન શહેરના દીવા બતાવી મુખર્જીએ કહ્યું.

'સૉરી... રાઘવન, હું તો પ્રદર્શનની વાત જ ભૂલી ગયો હતો. ઉદ્‌ઘાટક જ્યૉર્જ મારો મિત્ર હોવાની મને ખબર જ નહોતી. આ સિવાય આજે રિટ પિટિશન પણ હતી.' મેં માફી માગી.

'વકીલસાહેબ ખૂબ પૈસા કમાતા લાગે છે. સરસ!' જ્યૉર્જે મશ્કરી કરી.

'ઓહ, જેમતેમ જીવી જાઉં છું. ચિત્રો દોરવાનું કે વાર્તાઓ લખવાનું આવડતું ના હોવાથી વકીલપણું તો કરવું જોઇએ ને?' હું હસ્યો.

રાઘવને બધાયના ગ્લાસ ભરી દીધા. 'પ્રદર્શન કેવું ગયું?' મેં પૂછ્યું.

'ફાઈન! આટલી લોકલ ટૅલન્ટ હશે એની ખબર જ નહિ.' જ્યૉર્જે કહ્યું.

'મુખરજીનાં પેઇન્ટિંગ એક્ઝિબિટ કર્યાં છે કે?' મેં પૃચ્છા કરી.

'ત્રણેક...પરંતુ આપણા ગામવાળા પથ્થર ફેંકશે.' રાઘવન હસ્યો.

'શા માટે?' 'ઍબ્સ્ટ્રૅક્ટ હોવાથી.'

'તો તો પથ્થરમારો ચલાવાશે. અમારા પ્રદેશમાં રવિ વર્મા પછી ચિત્રકલા જ નથી જન્મી, મુખરજી!'

જ્યૉર્જે રાઘવનને પૂછ્યું: 'રમેશનાં ચિત્રો જોયાં ને? શું કહે છે?'

'અત્યુત્તમ! રીઅલિઝમનાં હોવા છતાં અહીંની પ્રજા એને પસંદ કરશે એ ચિત્રોની આગળ પ્રેક્ષકો ટોળે વળીને ઊભા હતા.'

'રમેશ એક જીનિયસ જ હતો!' મુખરજીએ અભિપ્રાય દર્શાવ્યો.

'પરંતુ અહીં જીનિયસો ઝાઝું જીવતા નથી.' રાઘવને કહ્યું.

'રમેશ?...મેં આ નામ સાંભળ્યું નથી.' મેં એકરાર કર્યો.

'અહીં યે કોઇએ સાંભળ્યું નથી—મલયાળી હોવા છતાં! જોકે છેલ્લાં બે વર્ષ થયાં તેને અખિલ હિંદના ધોરણે પ્રશસ્તિ મળી ચૂકી છે. પણ એ બીચારો મરી ગયો.' જ્યૉર્જે અવાજ કરતાં ગ્લાસ ટેબલ પર મૂક્યો.

'એનાં ચિત્રો અહીં કોણે મોકલી આપ્યાં?' મેં પૂછ્યું. રાઘવને જ્યૉર્જ તરફ આંગળી ચીંધી.

'મારા પોતાના કલેક્શનમાંથી...રમેશનાં બારેક જેટલાં ચિત્રો મારી પાસે છે.' જ્યૉર્જે કહ્યું. 'રમેશ કેવી રીતે મરી ગયો?'

'એ એક ભેદ છે, રામુ!' જ્યૉર્જે કહ્યું. થોડી વાર સુધી કપાળમાં હાથ ભીડીને એ ગુપચુપ બેસી રહ્યો. પછી ટેરેસમાં આમ તેમ ટહેલવા લાગ્યો. મારી જિજ્ઞાસા સતેજ બની. રાઘવન તથા મુખરજી ટટ્ટાર બની બેઠા.

'ભેદ?' મુખરજીએ પૂછ્યું. 'હા.'

'ખુલ્લેખુલ્લી વાત કરી નાખ ને. બિનજરૂરી સસ્પેન્સની અહીં જરૂર નથી.' મેં કહ્યું.

'મફતમાં એમ શી રીતે કહેવાય?' જ્યૉર્જ લુચ્ચું હસ્યો.

'તને એની ફી જોઈએ છે કે? મંગાવું છું.' મેં બેરરને બોલાવ્યો.

ટેબલ ઉપર 'કિંગ ઑવ કિંગ્સ'ની એક બૉટલ હાજર થઈ કે જ્યૉર્જ ખડખડાટ હસી પડયો: 'હવે વાત શરૂ કરીશ.'

રમેશ જ્યૉર્જનો મિત્ર હતો. દલાલ સ્ટ્રીટની સાંકડી ગલીમાં ઠેકાણા વગરનો રમેશ પહેલી જ વાર જ્યૉર્જને મળેલો. 'ઑલ માઈ વર્ક' ચીતરેલા એક પાટિયાની આગળ, ફૂટપાથ પર કેટલાંક ચિત્રો એણે વેચવા માટે ગોઠવ્યાં હતાં. એમાંથી એક ચિત્ર પચાસ રૂપિયામાં જ્યૉર્જે ખરીદેલું. એમ ઓળખાણની શરૂઆત થઈ અને એ વધતી ચાલી.

અખબારના એક ખાસ અંક માટે જ્યૉર્જે રમેશ પાસે કેટલાંક ચિત્રો દોરાવ્યાં. સારો એવો પુરસ્કાર મળી રહે એની વ્યવસ્થા પણ કરી આપી. થોડા દિવસ વીત્યા કેડે જ્યૉર્જે રમેશને શિખામણ આપી: 'કૉમર્શિયલ આર્ટિસ્ટ બન; સારી રીતે જીવી શકશે. મારી ઓળખાણવાળી એક ઍડવર્ટાઇઝિંગ એજન્સીમાં નોકરી અપાવી દઈશ.' કેટલું ય દબાણ કરવા છતાં રમેશ ના માન્યો. થોડા દિવસ પછી એ અદૃશ્ય થઈ ગયો.

એક વર્ષ વીતી ગયું. ફરી પાછું રમેશ વિષે સંભળાવા લાગ્યું. મુંબાઈમાં એક 'વન મૅન એક્ઝિબિશન'નું આયોજન થયું. રમેશનાં જ ચિત્રો! વિવેચકોએ એનાં ભારોભાર વખાણ કર્યાં. એ દિવસે જ્યૉર્જે રમેશની તપાસ કરી, પણ એ મળ્યો નહિ.

કેટલાક દિવસો પસાર થઈ ગયા. એક સચિત્ર સાપ્તાહિક દ્વારા જ્યૉર્જે રમેશને નિહાળ્યો. એમાં છ પાનાં ભરીને રમેશના 'પૅરિસ સ્કેચિઝ' પ્રગટ થયા હતા. ફૂટપાથનો રમેશ પારી(સ) સુધી પહોંચી ગયો હતો! પ્રખ્યાત બની ગયો હતો!

'આઈ રિમેમ્બર...રમેશની મુલાકાતે, કેટકેટલા માંધાતાઓ નિહાળી

ચૂકેલા પૅરિસમાં ય ભારે ખળભળાટ મચાવી મૂક્યો હતો.' મુખરજીએ કહ્યું.

થોડી વાર સુધી તો જ્યૉર્જ કાંઈ બોલ્યા વિના વાંકો વળીને ગ્લાસમાં તાકી રહ્યો. આ જોઈ મારી અધીરાઈ વધી: 'પછી શું થયું?'

'અચાનક એ મરી ગયો.' 'કેવી રીતે?'

નાનાં મોજાં ઉછાળતી ખાડી તરફ થોડી વાર તાકયા કર્યા પછી જ્યૉર્જે મારી તરફ નાટકીય રીતે નજર ફેરવી: 'માર્યો ગયો!'

'શું...?' અમે ત્રણે ય એકીસાથે બોલી ઊઠયા.

'એ માર્યો ગયો હોવાની મારી થીઅરી છે.'

'થીઅરી?' 'હા.'

વાતનો અંતિમ ભાગ સાંભળવાની તૈયારી રૂપે બધાએ થોડો શરાબ પી લીધો.

મધ્ય ત્રાવણકોરની એક પંચાયતનું નામ કહી જ્યૉર્જે પૂછયું: 'નામ સાંભળ્યું છે કે?' મેં કે રાઘવને એ નામ સાંભળ્યું નહોતું.

'સાંભળ્યું હોવાની શકયતા નથી, કારણ કે એટલું અજાણ્યું નાનું ગામ છે. ત્યાં એક જૂનું ખાનદાન રહે છે: કનીમંગલ. એ ઘરવાળાંઓએ ત્યાં એક અલ્ટ્રામૉડર્ન ઇમારત ચણાવી છે. એને જોતાં જ લાગે કે આ ઇમારત રસ્તો ભૂલી અહીં આવી ચડી છે. એવી એ અફલાતુન ઇમારતમાં રમેશ મરી ગયો.'

'પરંતુ રમેશ ત્યાં પહોંચ્યો શી રીતે?' મેં શંકા રજૂ કરી.

'એ ઘરમાં માત્ર બે જ વ્યક્તિ રહે છે: ચંદ્રન્ ને એની મા. કુદરતને કરવું તે અચાનક એક દિવસ મદ્રાસમાં રમેશની ઓળખાણ ચંદ્રન્ સાથે થઈ. ત્યારે ચંદ્રને કહ્યું હતું કે એનું ગામ લૅન્ડસ્કેઈપ માટે ઉત્તમ સ્થળ છે અને જ્યારે ઈચ્છા થાય ત્યારે એ ત્યાં આવી શકે છે. રમેશે આ આમંત્રણનો એક દિવસ સ્વીકાર કર્યો અને ત્યાં ગયો.

'ચંદ્રન્ શું કરે છે?' મારો સવાલ રાઘવનને ના ગમ્યો: 'તું જ્યૉર્જને વાત પૂરી કરવા દઈશ કે?' સહેજ કર્કશ રીતે એણે મને પૂછયું. હું ચૂપ રહ્યો.

જ્યૉર્જે વાત આગળ ચલાવી: 'ચંદ્રનને કોઈ કામધંધો નથી. એને કામ કરવાની જરૂર પણ નથી, એટલો અઢળક પૈસો કનીમંગલ કુટુંબમાં છે. એ બધો ય પૈસો ભોગવવા માટે ફક્ત મા દીકરો બે જ જણ છે.

'ચંદ્રનની મા પ્રત્યે ગામવાસીઓને અનહદ માન છે. કનીમંગલ ખાનદાન એટલે આદરભાવનો પર્યાય. ચંદ્રનની માએ ખૂબ પૈસા ખર્ચી એ ગામની તાસીર જ બદલી નાખી છે. કલ્યાણીઅમ્મા મેમોરિયલ સ્કૂલ, કલ્યાણીઅમ્મા મેમોરિયલ ડિસ્પેન્સરી, કલ્યાણીઅમ્મા મેમોરિયલ અનાથાલય...આમ એમના નામે કેટલી ય સંસ્થાઓ ત્યાં ચાલે છે. એ વૃદ્ધા તો એ પ્રદેશનો એક સ્તંભ છે—આદરણીય સ્તંભ, વંદનીય દેવી.'

ગ્લાસ ભરવા માટે જ્યૉર્જે અટકી ગયો અને પછી ભારે અવાજમાં વાત આગળ વધારી: 'કનીમંગલમાં પહોંચતાંવેંત જ રમેશે પોતાનો સ્ટૂડિયો સજાવ્યો. ઉપરના માળે આવેલો એક મોટો ખંડ એણે પસંદ કરેલો. કેટલાંય વર્ષો થયાં એ ખંડનો કોઈ ઉપયોગ કરતું ન હતું. ત્યાં એણે એક જૂનું ઑઈલ પેઇન્ટિંગ જોયું: આલિંગનબદ્ધ યુવમિથુનનું ચિત્ર.

'એના પરથી ધૂળ ખંખેરી, એને સાફ કરી, કનીમંગલના ડ્રૉઇંગરૂમમાં ટાંગ્યું. રમેશની આ પ્રવૃત્તિ કલ્યાણીઅમ્માને ગમી નહિ. ચિત્રમાંનાં યુવક તથા યુવતીએ વસ્ત્રો પહેર્યાં હતાં—આશરે ચાલીસ વર્ષ પહેલાં 'ફૅશનેબલ ગણાતાં વસ્ત્રો. છતાં ય એ લોકોનો પોઝ ગલગલિયાં ઉપજાવે એવો હતો. એક સંસ્કારી ઘરના ડ્રૉઇંગ રૂમમાં આવું ચિત્ર ના હોવું જોઈએ એવું કદાચ કલ્યાણી અમ્માએ માન્યું હશે. એ મતલબનું કાંઈક એમણે ચંદ્રનને કહ્યું પણ ખરું. મહેમાનને ખોટું લાગે તો? એવી ભીતિની વાત કરી થોડા સમય માટે એ ચિત્રને ત્યાં જ રહેવા દેવાની ચંદ્રને અનુમતિ મેળવી લીધી. રમેશે જાતે જ એ ચિત્ર ત્યાં ટાંગ્યું હતું. એ પાછો જશે ત્યારે ફરી એને ઉપર માળિયામાં મૂકી દેવાશે. હા, એક વાત કહેવાની રહી ગઈ. ચંદ્રને આ પહેલાં આ ચિત્રને ક્યારેય જોયું નહોતું.

'રોજ રમેશ એ ચિત્રને તાકીને બેસી રહેવા લાગ્યો. બીજા કોઈની નજરમાં ના ચડે એવું કોઈ તત્ત્વ એને એ વસ્ત્રોમાં જોવા મળ્યું હોય એમ લાગ્યું. એણે એ વસ્ત્રો પર કેટલીય વાર હાથ ફેરવી જોયો. એક વાર તો એના પર કોઈ પ્રવાહી રેડી, વસ્ત્રોના રંગનો થર ઉખેડવાનો પ્રયત્ન કરી જોયો. ચંદ્રને આ વિષે પૂછપરછ કરતાં ચિત્ર સાફ કરતો હોવાનું જણાવ્યું.

'એ ચિત્ર કોણે દોર્યું હોવાનું પૂછતાં કોઈને માહિતી નહોતી. ચિત્રકારની સંજ્ઞા એમાં દેખાતી નહોતી. એક દિવસ જમતાં જમતાં રમેશ બોલી ઊઠયો: "આ ચિત્ર તંગરાજે દોરેલું છે. એમાં શંકા જ નથી."

'બીજા દિવસે સવારના રમેશ ઊઠયો જ નહિ. પથારીમાં જ એ મરણ પામ્યો હતો. કોઈ જાતના ઘા એના શરીર પર નહોતા. સુખેથી સૂતો હોય એમ ચિરનિદ્રામાં પોઢી ગયો હતો!

'રમેશની ડાયરીમાં મારું નામ-સરનામું હતું. એના મૃત્યુના સમાચારની કોને જાણ કરવી એની ગડમથલમાં ચન્દ્રન્ પડયો હતો. અંતે એણે મને પત્ર લખ્યો. મુંબાઈથી રખડતો રખડતો, કેટલીય વાર છેકાયા અને નવાં સરનામાં લખાયા પછી અંતે દિલ્હીમાં મને એ પત્ર મળ્યો.

'એ પછી હું દેશમાં આવ્યો ત્યારે કનીમંગલ ગયો. રમેશના મૃત્યુ વિષે ઝાઝી કાંઈ વિગતો હું ના મેળવી શકયો. એ અચાનક મરી ગયો એટલું જ ચંદ્રન્ તથા કલ્યાણી અમ્માએ મને જણાવ્યું. રમેશની સ્મૃતિમાં એનો સ્ટૂડિયો યથાવત્ રાખવામાં આવ્યો હતો. અધૂરા ત્રણ લૅન્ડસ્કેઈપ્સ મને ત્યાં જોવા મળ્યા. અને પેલા યુવમિથુનનું ચિત્ર પણ!

'મેં એ લૅન્ડસ્કેઈપ્સની માગણી કરી. પરંતુ એ આપતાં ચંદ્રને થોડો ખંચકાટ અનુભવ્યો એટલે મેં વધુ દબાણ ના કર્યું. છૂટા પડતી વેળા એણે જરૂર હોય તો પેલા યુવમિથુનનું ચિત્ર લઈ જવાની મને પરવાનગી આપી. સાથોસાથ મને ચેતવ્યો કે એ ચિત્ર અપશુકનિયાળ છે. એને જોયા કરવાથી જ રમેશ અકસ્માત મરી ગયો. આ માટે એની પાસે કોઈ કારણ નહોતું. આ તો કેવળ એની માન્યતા જ હતી, એવું મને લાગ્યું. આજે પણ એ ચિત્ર મારા સંગ્રહમાં છે.' જ્યોર્જ બોલતો બંધ થયો.

'વાત પૂરી થઈ કે? રમેશને મારી નાખવામાં આવ્યો હતો એવું તેં કહ્યું હતું ને? એની તને કેમ ખબર પડી?' મેં સવાલ કર્યો.

'તગરાજ વિષે કાંઈ સાંભળ્યું છે કે?' જ્યૉર્જે સામો સવાલ કર્યો.

'પ્રસિદ્ધ તમિળ ચિત્રકાર?' મુખરજીએ પૂછયું.

'હા, એ જ. એ ચિત્ર તંગરાજે દોર્યું હતું—વસ્ત્રહીન યુગલનું ચિત્ર.' જ્યૉર્જે બબડયો. એને નશો તો નહોતો ચડયો ને! મને નવાઈ લાગી.

એણે આગળ ચલાવ્યું: 'મેં એ ચિત્રનો બારીકાઇથી અભ્યાસ કરી જોયો. મૂળ ચિત્રમાં વસ્ત્રો ન હતાં. બીજા કોઇ ચિત્રકારે ઓવર પેઇન્ટિંગ કરી વસ્ત્રો પહેરાવ્યાં હતાં. એ ઑવર પેઇન્ટિંગ દૂર કરતાં જ નગ્ન પ્રેમી યુગલ સ્પષ્ટ રીતે જોઈ શકાયું. આજે મારી પાસે એ નગ્ન ચિત્ર છે.

'હવે હું જે કાંઈ કહેવા જાઉં છું એ મારી કલ્પના—મારી થીઅરી જ છે. એની સાથે બંધબેસતી એક વાત છે—હકીકત. કલ્યાણી અમ્મા વીસ વરસની ઉંમરે ગામ છોડીને જતી રહી હતી. પાંત્રીસ વર્ષની વયે એ પાછી ફરી. આ ઉંમરે મોડાં મોડાં પણ એણે લગ્ન કર્યાં. ચંદ્રનનો જન્મ થયો. પાછી ફરેલી કલ્યાણી અમ્મા આદરણીય મહિલા છે.

'એ ચિત્રમાંની સ્ત્રીની શકલ કલ્યાણી અમ્માને મળતી આવે છે. એમની જુવાનીમાં કોઈએ એમને જોઈ એ ચિત્ર દોર્યું છે. કોણે દોર્યું એ ચિત્ર? તંગરાજ ના હોઈ શકે? કલ્યાણી અમ્મા ભાગી ગયા પછી તંગરાજને મળી. પ્રેમમાં પડી. એ ચિત્રકારના જીવનમાં તો કેટલીયે પ્રેમિકાઓ હોવાનું સાંભળ્યું છે. પ્રેમના એ નાટક દરમિયાન તંગરાજે એક ચિત્ર દોર્યું—એને તથા કલ્યાણી અમ્માને આલિંગનબદ્ધ (અનુ. પૃ. ૧૩)

માનવ સેવામાં કૃત્રિમ ઉપગ્રહ-૨]

હવામાન ઉપગ્રહ

લેખક • ડૉ. પરંતપ પાઠક

આપણા જીવનમાં હવામાન ઘણો અગત્યનો ભાગ ભજવે છે. આપણી ઘણી પ્રવૃત્તિઓ ઉપર હવામાનના ફેરફારથી એક યા બીજી રીતે અસર થાય છે. આ દૃષ્ટિએ વાસ્તવિક વરતારાની આવશ્યકતા ઘણી અગત્યની છે. ભારત જેવા કૃષિ-પ્રધાન દેશ માટે હવામાનની વાસ્તવિક આગાહી એક આશીર્વાદ સમાન ગણી શકાય. કેટલાક અમેરિકન હવામાન-શાસ્ત્રીઓના અંદાજ પ્રમાણે જો પાંચ દિવસ અગાઉ હવામાનની આગાહી સંપૂર્ણ ચોકસાઈથી કરી શકાય તો ખેતી, વાહનવ્યવહાર અને પાણીના પુરવઠા વગેરે માટે ત્યાં થતા ખર્ચમાંથી વર્ષે લગભગ ૫૦૦ કરોડ ડૉલર બચાવી શકાય. આપણા દેશ માટે આ જાતનો અંદાજ હજુ કોઈએ કાઢ્યો નથી, પરંતુ આપણે જાણીએ છીએ કે દર વર્ષે પૂર, અનાવૃષ્ટિ કે વાવાઝોડાથી કરોડો રૂપિયાનું નુકસાન થાય છે, જેમાં હવામાનની વાસ્તવિક આગાહીથી સારો એવો ઘટાડો થઈ શકે. આ જાતની વાસ્તવિક આગાહી કૃત્રિમ ઉપગ્રહના ઉપયોગથી શક્ય બનશે એમ આજે બધા જ હવામાનશાસ્ત્રીઓ દૃઢ વિશ્વાસપૂર્વક માને છે. હવામાન ઉપગ્રહ અને તેના ઉપયોગનાં જુદાંજુદાં પાસાંઓ વિષે ચર્ચા કરતાં પહેલાં આપણે હવામાન શું છે અને તેની આગાહી કેવી રીતે કરવામાં આવે છે તે વિષે જાણી લઈએ.

અંગ્રેજી ભાષામાં આ વિષય સંબંધિત Weather અને Climate એમ બે શબ્દો વપરાય છે. આ બંને શબ્દો માટે ગુજરાતીમાં આપણે અનુક્રમે હવામાન અને આબોહવા એમ બે શબ્દો વાપરીશું, ટૂંકા સમયના ગાળા માટે કોઈ પણ પ્રદેશના વાતાવરણની સમગ્ર પરિસ્થિતિ Weather અથવા હવામાન દ્વારા દર્શાવવામાં આવે છે, જ્યારે કોઈ પણ પ્રદેશના વાતાવરણની લાંબા ગાળાની સરેરાશ પરિસ્થિતિ તે પ્રદેશની Climate અથવા આબોહવા દ્વારા દર્શાવી શકાય છે.


જુદીજુદી પરિસ્થિતિને લીધે પૃથ્વીના વાતાવરણમાં ઉત્પન્ન થતી ભૌતિક પ્રક્રિયાઓને કારણે હવામાનમાં ફેરફાર થાય છે. પરંતુ કોઈ પણ પ્રદેશનું સ્થાનિક હવામાન ખરેખર એ પ્રદેશના વાતાવરણની સ્થાનિક ઘટના નથી. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ સ્થળનું સ્થાનિક હવામાન પૃથ્વીની બધી બાજુ ઉપર છવાએલા સમગ્ર વાતાવરણમાં ઉત્પન્ન થતી ભૌતિક પ્રક્રિયાઓ ઉપર આધાર રાખે છે. આ પ્રક્રિયાઓમાં પૃથ્વીનો સમગ્ર ભૂમિ-પ્રદેશ, બધા સમુદ્ર અને આખા વાતાવરણની હવા ભાગ ભજવે છે. દાખલા તરીકે, ગુજરાતનું આજનું હવામાન, પ્રશાંત, હિંદી અને આટલાંટિક મહાસાગર તથા આફ્રિકા, યુરોપ અને ઉત્તર અમેરિકા ઉપરના વાતાવરણમાં પાછલા થોડા દિવસોમાં ઉત્પન્ન થએલી ભૌતિક પ્રક્રિયાઓ ઉપર આધાર રાખે છે. આ દૃષ્ટિએ જોતાં, હવામાન વિષે વાસ્તવિક આગાહી કરવા માટે ૧) પૃથ્વીના ગોળાની બધી બાજુ પર છવાએલા સમગ્ર વાતાવરણની સ્થિતિ બની શકે તેટલી વિગત અને ચોકસાઈથી જાણવી જોઈએ, ૨) પાછલા એક કે બે દિવસની ઉપર્યુક્ત માહિતી ઉપરથી વાતાવરણની વર્તમાન સ્થિતિ સર્જવા પાછળ કઈ ભૌતિક પ્રક્રિયાઓ કારણભૂત હશે તે પણ વિગતથી જાણવું જોઇએ અને ૩) આ બધી માહિતી ઉપરથી ભવિષ્યના ૨૪ કે ૪૮ કલાક દરમિયાન વાતાવરણમાં કેવી પ્રક્રિયાઓ સર્જાશે તે વિષે ખયાલ મેળવવો જોઇએ. પૃથ્વીના વાતાવરણના વિસ્તારની કોઈ સ્પષ્ટ સીમા નથી. પૃથ્વીની સપાટીથી જેમ ઊંચે જઈએ તેમ તે પાતળું થતું જાય છે, અર્થાત્ હવાનું દબાણ ઘટતું જાય છે. ઊંચાઈ વધવાની સાથે વાતાવરણનું ઉષ્ણતામાન પણ અમુક ચોક્કસ રીતે બદલાય છે અને ઉષ્ણતામાનમાં દેખાતા આ પરિવર્તનને આધારે પૃથ્વીના સમગ્ર વાતાવરણને વિવિધ સ્તરમાં વહેંચવામાં આવ્યું છે, જે આકૃતિ-૧માં બતાવ્યું છે. બલૂન, રૉકેટ ને કૃત્રિમ ઉપગ્રહની મદદથી કરવામાં આવતા પ્રયોગોથી વાતાવરણના બધા સ્તરના ગુણધર્મો વિષે આજે સવિસ્તર માહિતી મળી શકે છે.

રોજ-બ-રોજના હવામાનના અભ્યાસ ને તેના ટૂંકા કે લાંબા ગાળાના વરતારા માટે પૃથ્વીની સપાટીથી લગભગ ૧૫ કિ. મી. ઊંચે સુધીના વાતાવરણના ઘટ્ટ સ્તર–ટ્રોપોસ્ફીઅર ઉપર જ મુખ્યત્વે ધ્યાન આપવામાં આવે છે. આ સ્તરમાં સમગ્ર વાતાવરણની લગભગ ૮૫ ટકા જેટલી હવા સમાએલી છે, જેનું ઉષ્ણતામાન પૃથ્વીની સપાટીથી દર કિ. મી. ઊંચાઇએ લગભગ ૬.૫ અંશ સેન્ટીગ્રેડ જેટલું ઘટે છે, અને એ રીતે ટ્રોપોસ્ફીઅરની ટોચ પર ટ્રોપોપોઝમાં ઉષ્ણતામાન શૂન્યથી નીચે લગભગ ૬૦ અંશ સે૦ જેટલું હોય છે. હવામાન માટે આ આખા સ્તરની અગત્ય વધારે છે, કારણ કે હવામાંનો મોટા ભાગનો ભેજ (અથવા પાણી) અને ધૂળનાં રજકણો આ સ્તરમાં જ હોય છે, જેથી વાદળાં, વરસાદ, વાવાઝોડાં વગેરે હવામાનનાં લક્ષણો પણ આ જ સ્તરમાં પેદા થાય છે.

હવામાનના વરતારા તૈયાર કરવા માટે નીચે જણાવેલાં વાતાવરણનાં પરિબળો વિષે સંખ્યાત્મક અને ગુણાત્મક માહિતી મેળવવી જોઇએ: ૧) સંખ્યાત્મક માહિતી: વાતાવરણનું દબાણ, જમીનની સપાટી પાસે તથા ઉચ્ચ-સ્તર (ટ્રોપોસ્ફીઅર)ના વાતાવરણમાં હવાનું ઉષ્ણતામાન, પવનની ગતિ (વેગ અને દિશા) અને ભેજનું પ્રમાણ, તથા છેલ્લા અવલોકન સુધી વરસાદનું પ્રમાણ; ૨) ગુણાત્મક અવલોકન: વાદળાંનાં પ્રકાર અને તેનું પ્રમાણ, દૃષ્ટિ-મર્યાદા (Visibility) વગેરે.

ભારતમાં લગભગ ૩૫૦ હવામાન-મથકો છે, જ્યાં ભૂમિ ઉપર રાખવામાં આવેલાં સાધનો દ્વારા અમુક નિશ્ચિત સમયે નિયમિત રીતે ઉપર જણાવ્યા પ્રમાણે વાતાવરણનાં અવલોકનો લેવામાં આવે છે. વળી, વિમાન અને દરિયામાં ફરતાં વેપારી-જહાજ દ્વારા હવામાનનાં અવલોકનો લેવામાં આવે છે, જે રેડિયો-સંદેશ વડે ભૂમિ પરના મુખ્ય હવામાન મથક ઉપર મોકલવામાં આવે છે. આ ઉપરાંત બલૂનનો ઉપયોગ કરીને પણ અમુક હવામાન-મથકો દ્વારા નિયમિત રીતે ઉચ્ચ-સ્તરના વાતાવરણ વિષે અવલોકનો લેવામાં આવે છે. ઉપરાંત ભારતના દરિયાકિનારા ઉપર મૂકવામાં આવેલાં હવામાન-રૅડારનો ઉપયોગ કરીને હવામાનનાં તોફાનો-વાવાઝોડાં વિષે ભાળ મેળવવાનાં આવે છે. જુદાજુદા પ્રદેશો ઉપર લેવાએલાં આ બધાં અવલોકન, હવામાનના મુખ્ય મથક ઉપર મોકલવામાં આવે છે, જ્યાં આ બધાં અવલોકનને ભૌગોલિક નકશા ઉપર વિવિધ રીતે દર્શાવવામાં આવે છે. આ જાતના નકશાની મદદ લઇને હવામાનના વરતારા તૈયાર કરવામાં આવે છે. આમાં હવામાનની ભૂતકાળની તથા વર્તમાન સ્થિતિની સરખામણી કરીને હવામાનનું વલણ નક્કી કરવામાં આવે છે. આ જાતના વરતારા કરવામાં ભૌતિકશાસ્ત્ર ને દ્રવ-ગતિશાસ્ત્ર (Hydra dynamics)ના સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે, અને સાથેસાથે જે તે પ્રદેશની ભૌગોલિક લાક્ષણિકતા (દાખલા તરીકે પર્વતીય પ્રદેશો, સમુદ્ર અને ભૂમિ વચ્ચેનું અંતર વગેરે) અને હવામાનશાસ્ત્રીનું આનુભવિક જ્ઞાન પણ એટલાં જ ઉપયોગી થાય છે.

હવામાનના વરતારા માટે ગણિતની સંખ્યાકીય પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં હવામાનના અવલોકનને ભૌતિકશાસ્ત્ર ને દ્રવ ગતિશાસ્ત્રનાં સમીકરણો દ્વારા દર્શાવીને આ સમી-



△ પૃથ્વીની આસપાસ વીંટળાઈ રહેલા વાતાવરણમાં આપણને સૌથી વધુ સ્પર્શતા હવામાનના સારા-નરસા ફેરફારો તો તેમાંના છેક નીચેના પહેલા સ્તર ટ્રૉપોસ્ફીઅરમાં જ થાય છે. આથી આ સ્તરને 'હવામાન સ્તર'—વેધર-સ્ફીઅર પણ કહે છે. પલટાતા હવામાનની અસરોને કોઈ રાષ્ટ્રીય સીમાઓ રોકી શકતી નથી અને એટલે એના ઊંડા અભ્યાસમાં દરેક દેશનો સહયોગ અનિવાર્ય છે. વ્યાપક પણે આ હવામાનનો અભ્યાસ કરવા માટે કૃત્રિમ ઉપગ્રહોનું માધ્યમ એ દૃષ્ટિએ અત્યંત ઉપકારક પુરવાર થયું છે. આ આકૃતિમાં એ ટ્રૉપોસ્ફીઅર અને તેની વિધવિધ લાક્ષણિકતાવાળા અન્ય સ્તરો દર્શાવ્યા છે. તેમાં જમણી તરફના ક્રમાંક તથા અન્ય નામો જે તે સ્તરની અન્ય વિશિષ્ટ લાક્ષણિકતા દર્શાવતા પેટાસ્તરના છે. ૨૫૦ માઈલથી યે વધુ ઊંચાઈ સુધી વિસ્તરતા વાતાવરણમાં, કૃત્રિમ ઉપગ્રહો દ્વારા આપણે જેનાં ફોટોચિત્રો મેળવીએ છીએ એ વાદળો તો બહુ બહુ તો પૃથ્વીની સપાટીથી બિએક કિલોમીટર ઊંચે સુધી જ ફેલાએલાં હોય છે.

કરણોનું સંખ્યાકીય મૂલ્યાંકન કરવાથી હવામાનના ટૂંકા ગાળાના વરતારા નક્કી કરી શકાય છે. અત્યંત ઝડપી અને વિશાળ યાદશક્તિની ક્ષમતા ધરાવતા ઇલેક્ટ્રૉનિક કૉમ્પ્યુટર વગર આ કાર્ય કરવું અસંભવિત છે.

વર્ષોના અનુભવ પછી સિદ્ધ થઈ શક્યું છે કે ઉપર્યુક્ત પદ્ધતિથી કરેલા હવામાનના વરતારા સંતોષકારક નથી હોતા. આનું મુખ્ય કારણ એ છે કે પરંપરાગત પદ્ધતિથી પૃથ્વીના હવામાન વિષે આપણે માહિતી મેળવી નથી શકતા. દાખલા તરીકે, બહુ ઓછી વસતિ ધરાવતા દુનિયાના પ્રદેશો તથા સમુદ્ર, રણ-પ્રદેશ, હિમાચ્છાદિત ક્ષેત્રો અને પર્વતો જેવા વિશાળ, દુર્ગમ વિસ્તારોની હવામાનની સ્થિતિ વિષે આપણને જરા પણ માહિતી મળતી નથી. પૃથ્વીની સપાટીનો લગભગ ૭૦ થી વધારે ટકા ભાગ સમુદ્ર વડે ઢંકાએલો છે, જ્યાં નિયમિત રીતે હવામાનનાં અવલોકન લઈ શકાતાં નથી. પરંતુ આ વિશાળ સમુદ્રપ્રદેશ ઉપરના હવામાનની સ્થિતિ જાણવી ખૂબ મહત્ત્વની છે, કારણ કે ઉષ્ણ-કટિબંધમાં ઉત્પન્ન થતા મહાવિનાશક ચક્રવાત અથવા વાવાઝોડાં (Tropical cyclones)નું જન્મસ્થાન પણ સમુદ્રમાં જ હોય છે. વળી, આપણા દેશની ચોમાસાની વિચિત્રતાઓ સમજવા માટે વરસાદ વિષે સંતોષકારક વરતારા કરવા માટે અરબી સમુદ્ર અને બંગાળાના ઉપસાગર ઉપરનાં હવામાન વિષે સવિસ્તર માહિતી મેળવવી ખાસ અગત્યની છે.


ઈ. ૧૯૬૦ પછી કૃત્રિમ ઉપગ્રહના ઉપયોગથી પૃથ્વી ઉપરના સમગ્ર હવામાન વિષે વિસ્તૃત અવલોકન લઈ શકાય છે અને પરિણામે એક કે બે દિવસના હવામાનના વરતારા વધારે સંતોષકારક રીતે કરી શકાય છે. કૃત્રિમ ઉપગ્રહનો ઉપયોગ કરવાથી બે વિશિષ્ટ લાભ મળે છે: એક તો એ કે પૃથ્વીના બધા જ પ્રદેશ ઉપરના સમગ્ર હવામાન વિષે એક જ દિવસમાં સવિસ્તર અવલોકન કરી શકાય છે અને બીજો એ છે કે આ બધી માહિતી તત્કાલીન પૃથ્વી પરના ભૂમિ-મથક ઉપર મોકલી શકાય છે.

હવે આપણે ઈ. ૧૯૬૦થી અત્યાર સુધીના જુદાજુદા પ્રાયોગિક અને સક્રિયાત્મક હવામાન ઉપગ્રહ વિષે જોઈશું.


હવામાન ઉપગ્રહ

ઈ. ૧૯૬૦ના એપ્રિલની પહેલી તારીખે અમેરિકાનો પ્રથમ પ્રાયોગિક હવામાન-ઉપગ્રહ 'ટાઈરૉસ—૧' ૭૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપર વર્તુલાકાર ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો. આ ઉપગ્રહમાં ટેલીવિઝન અને અધોરક્ત કૅમેરા રાખવામાં આવ્યા હતા. (Television and Infra-Red Observation Satelite ઉપરથી તેનું ટૂંકું નામ TIROS રાખવામાં આવ્યું હતું.) બારમી જુલાઈ ૧૯૬૦ સુધીના ગાળામાં આ ઉપગ્રહનાં કૅમેરા વડે લેવાએલાં લગભગ ૨૩,૦૦૦ વાદળ-ચિત્રો પૃથ્વી ઉપર મેળવી શકાયાં હતાં, અને આ રીતે હવામાનશાસ્ત્રીઓને પ્રથમ વાર જ પૃથ્વીના વિશાળ પ્રદેશ ઉપરના હવામાન વિષે સ્પષ્ટ ચિત્ર ઉપલબ્ધ થયું. આ પછી ટાઈરૉસ શ્રેણીના બીજા ૯ ઉપગ્રહો આ જ પ્રકારની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યા હતા. લગભગ ૧૩૫ કિ. ગ્રા. વજનના આ ટાઈરૉસ ઉપગ્રહ એક મીટર વ્યાસના અને અરધો મીટર ઊંચા, નળાકાર આકારના હતા, જેની વક્ર સપાટી ઉપર મૂકેલા ૯,૦૦૦ જેટલા સૌર-કોષ વડે તેની નિકલ-કૅડમિયમ બૅટરી ચાર્જ થતી હતી. આ બધા ઉપગ્રહોની ધરી અમુક દિશામાં સ્થિર રાખવા ઉપગ્રહને ચાક આપવામાં આવતો હતો. ટાઈરૉસ-૧ ઉપગ્રહ ચાક આપીને અવકાશ-સ્થિત બનાવવામાં આવ્યો હતો, અર્થાત્ તેની ચાક-ધરી હમેશાં અવકાશની અમુક ચોક્કસ દિશામાં જ રહેતી હતી. આ જાતની રચનામાં તેના ટી. વી. કૅમેરાનો લૅન્સ પૃથ્વી તરફ હોય ત્યારે જ છબી લઈ શકાતી હતી, જેને લીધે ચિત્રો અનિયમિત રીતે લઈ શકાતાં હતાં અને પરિણામે પૃથ્વીના છૂટાછવાયા ભાગ ઉપરના હવામાન વિષે જ માહિતી મળતી હતી. આ મુશ્કેલી દૂર કરવા માટે એ પછીના ટાઈરૉસ ઉપગ્રહને પૃથ્વી-સ્થિત બનાવવામાં આવ્યો, અર્થાત્ તેની ચાક-ધરીને ભ્રમણકક્ષાની સપાટીની લંબ દિશામાં રાખવામાં આવી, અને બંને કૅમેરાને નળાકારની વક્ર સપાટી ઉપર સામસામે રાખવામાં આવ્યા. આ રચનામાં, ઉપગ્રહના દરેક ચાકમાં બંને કૅમેરા દ્વારા વારાફરતી એક વાર પૃથ્વીના ભાગની છબી લઈ શકાતી હતી, ને એ રીતે વધારે પ્રમાણમાં નિયમિતરીતે હવામાન-ચિત્રો મેળવી શકાતાં હતાં.

ટેલીવિઝન કૅમેરાની મદદથી લેવાતાં ચિત્રો, ઉપગ્રહના ટ્રાન્સમીટર દ્વારા પ્રસારિત કરવામાં આવતાં હતાં, અથવા ઉપગ્રહના ટેઈપ-રેકૉર્ડર ઉપર ઉતારી લેવામાં આવતાં હતાં અને પછી પૃથ્વી પરના ભૂમિ-મથક દ્વારા રેડિયો-આદેશ આપીને ટેઈપ-રેકૉર્ડર ઉપરથી આ ચિત્રો ભૂમિ ઉપર મેળવી શકાતાં હતાં. આ ટેલીવિઝન-ચિત્રો ઉપરથી ફિલ્મ બનાવ્યા પછી તેમાં અક્ષાંશ, રેખાંશ, સમય વગેરે માહિતી ઉમેરવામાં આવતી હતી. આવાં સંખ્યાબંધ હવામાન-ચિત્રોના મોઝેઈક તૈયાર કરીને







◁ 'ટાઇરૉસ-૧', એટલે કે 'ટેલીવિઝન ઍન્ડ ઈન્ફ્રારેડ ઑબ્ઝર્વેશન સેટેલાઈટ' (ટેલીવિઝન અને અધોરક્ત અવલોકન ઉપગ્રહ). ઈ. ૧૯૭૦-ના એપ્રિલમાં અમેરિકાએ અવકાશમાં મૂકેલો એ પહેલો હવામાન ઉપ-ગ્રહ હતો. એના વડે લગભગ ૨૩૦૦૦ વાદળ-ચિત્રો મેળવી શકાયાં હતાં.

પણ એની ચાકધરી એક ચોક્કસ દિશામાં જ રહેતી હોવાથી, ઉપર વચ્ચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એમાંના ટી.વી. કૅમેરા જ્યારે પૃથ્વી તરફ હોય ત્યારે જ છબિ લઈ શકાતી, અને એથી પૃથ્વીના છૂટાછવાયા ભાગ ઉપરના હવામાન વિષે જ માહિતી મળી શકતી. આ મુશ્કેલી દૂર કરવા નવા ટાઈરૉસ ઉપગ્રહને પૃથ્વીસ્થિત બનાવાયો, એટલેકે એની ચાકધરી એની ભ્રમણસપાટીની લંબદિશામાં રાખવામાં આવી અને (જમણી બાજુની ત્રીજી આકૃતિ પ્રમાણે) એની વક્રસપાટી ઉપર સામસામે બે કૅમેરા રાખવામાં આવ્યા. આથી દરેક ચાકમાં બંને કૅમેરા દ્વારા વારાફરતી તેની તળેના પૃથ્વીના ભાગની છબિ લેવી શક્ય બની. આ રીતે વધારે પ્રમાણમાં નિયમિત રીતે હવામાનનાં ચિત્રો સફળ થયાં. આ ચિત્રોને ક્રમબદ્ધ ગોઠવીને હવામાનના નકશા તૈયાર થવા લાગ્યા. વાદળોના પ્રકાર, એના વિસ્તાર અને એની ગતિ તથા તેનાં બધાંમાં થતાં પરિવર્તનો વગેરેની માહિતીના આધારે હવામાન અંગે ચોક્કસ વરતારા કરવાનું આમ શક્ય બન્યું.

તેમાંથી નકશા બનાવવામાં આવતા હતા અને એ પછી તેનો ઉપયોગ હવામાનના અભ્યાસ માટે થતો હતો.

આ જાતનાં વાદળચિત્રોની મદદથી હવામાનને લગતી જરૂરી માહિતી મેળવવા માટે આ ચિત્રોનાં અર્થઘટનની નવી પદ્ધતિનો પણ વિકાસ થયો છે. આ પદ્ધતિથી વાદળોના પ્રકાર, તેનો વિસ્તાર અને તેની ગતિ મેળવી શકાય છે. ઉષ્ણ-કટિબંધના વિસ્તારમાં વાવાઝોડાં ઉત્પન્ન કરતાં વાદળાંની લાક્ષણિક, વક્રતા ને એ વાદળાંમાં દેખાતાં પરિવર્તનો ઉપરથી વાવાઝોડાનો માર્ગ અને તેની ઝડપ વિષે આગાહી કરી શકાય છે.

મોટા ભાગના ટાઈરૉસ ઉપગ્રહનો ભ્રમણકોણ ૫૦°થી ૬૦° જેટલો હોવાથી પૃથ્વીના ધ્રુવપ્રદેશો ઉપરના હવામાન વિષે ચિત્રો નહોતાં મળી શકતાં, પરંતુ પૃથ્વીના ઉષ્ણ-કટિબંધનાં હવામાન વિષે ઘણી મહત્ત્વની માહિતી મળી શકી. પછી આ શ્રેણીના છેલ્લા બે ઉપગ્રહને લગભગ ધ્રુવીય કક્ષામાં મૂકવામાં આવ્યા જેથી પૃથ્વીના સમગ્ર ભાગ ઉપરના હવામાન વિષે ચિત્રો મળી શક્યાં.

આ શ્રેણીના ઉપગ્રહમાં બીજો મહત્ત્વનો સુધારો એ કરવામાં આવ્યો કે ટેલીવિઝન ચિત્ર પ્રસારિત કરવાની પદ્ધતિને સ્થાને બીજી, પ્રમાણમાં વધારે સરળ પદ્ધતિ—સ્વયંસંચાલિત ચિત્ર પ્રસરણ પદ્ધતિ (Automatic Picture-Transmission System—APT)નો ઉપયોગ કરવામાં આવ્યો. આ પદ્ધતિમાં જે રીતે વર્તમાનપત્રોના ઉપયોગ માટે રેડિયો-ફોટો મોકલવામાં આવે છે તે જ રીતે ઉપગ્રહના કૅમેરા વડે લેવાએલું ચિત્ર પૃથ્વી ઉપરના ભૂમિ-મથક ઉપર મોકલવામાં આવે છે. આ પદ્ધતિ પ્રમાણમાં ઓછી ખર્ચાળ પણ છે. દુનિયામાં ભારત સહિત ઘણા દેશોમાં આ પ્રકારનાં APT પદ્ધતિનાં ભૂમિ-મથકની મદદથી ઉપગ્રહનાં હવામાન-ચિત્રો મેળવવામાં આવે છે.* (ચાલુ)

* આ લેખ તૈયાર કરવામાં પ્રો. બી. આર. પીશારોટીના લેખની મદદ તથા તેમની સાથેની ચર્ચા માટે લેખક તેમના આભારી છે.

અનુસંધાન] **ઑઈલ પેઈન્ટ** [પૃષ્ઠ ૧૦ થી

દશામાં રજૂ કરતું ચિત્ર! અંતે તંગરાજે એને લઈ લીધી. એ ચિત્રને કલ્યાણીઅમ્માએ એક સ્મૃતિરૂપે સાચવી રાખ્યું. નગ્ન શરીર પર બીજા કોઈની પાસે ઓવર પેઇન્ટિંગ કરાવી કપડાં પહેરાવ્યાં. છતાં એને જાહેરમાં મૂકવાની હિંમત ચાલતી નહોતી. એક ચિત્રકાર સાથેના પોતાના ઉત્કટ પ્રેમસંબંધની જોખમકારક એ સ્મૃતિ. એ ચિત્રને માળિયા પર ચડાવી દીધું. રમેશે એ શોધી કાઢયું. એ દોરનાર વ્યક્તિ તંગરાજ હોવાનું એણે જાહેર પણ કર્યું. એ વસ્ત્રો ઓવર પેઈન્ટિંગનું પરિણામ હોવાની એને જાણ થઈ ગઈ હતી એ રીતે એ વર્ત્યો...અને પછી એ મૃત દશામાં મળી આવ્યો.'

'તો શું કલ્યાણીઅમ્માએ એને મારી નાખ્યો હશે?' મેં પૂછયું.

'મારી પાસે કોઈ પુરાવા નથી...પરંતુ ચિત્રનો ભેદ બહાર આવે તો એમની આબરૂનો પરપોટો ફૂટી ના જાય?' વાત પૂરી કરી, એક દિવાસળી સળગાવી, તેને ખાલી બાટલીમાં નાખી, એમાંથી નીકળતા ભૂરા પ્રકાશને જોઈ જ્યૉર્જ આનંદ અનુભવતો રહ્યો.

શરાબના નશામાં ઘડી કાઢેલી કોઈ વાત તો નહોતી ને, આ? આજે પણ મને એની ખબર નથી.

મારા ઓળખીતા એક ફિલ્મ-નિર્માતાને મેં આ વાત કહી સંભળાવી. થોડા ફેરફાર સાથે એ એક ફિલ્મ ઉતારવા માગે છે—રમેશ એ કલ્યાણી અમ્મા તથા તંગરાજનો પુત્ર હતો એવા ફેરફાર સાથે.

બૉક્સઑફિસ હિટ સાબિત થશે, નહિ? ☐

—ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચ-૧૦—

એક ઐતિહાસિક ટેસ્ટ મૅચ

—ભરત ના. ભટ્ટ—

ઇંગ્લૅન્ડ વિ. ઑસ્ટ્રેલિયા, ચોથી ટેસ્ટ
ઓવલ: ઑગસ્ટ ૨૦ થી ૨૪, ૧૯૩૮

આ કદાચ સૌથી વધુ એકપક્ષીય દેખાવની આ ટેસ્ટમાં રસાકસી નહોતી. છતાં ક્રિકેટ-જગતમાં એ એક ઐતિહાસિક ટેસ્ટ ગણાઈ છે. વચ્ચેની એક ટેસ્ટ નહિ રમી શકાવાથી ચાર ટેસ્ટની આ સીરીઝમાં ઑસ્ટ્રેલિયા ૧-૦થી આગળ હતું. આથી નિયમ પ્રમાણે સમયની મર્યાદા ન હતી. એટલે ટૉસ જીતવાની અપેક્ષાએ બંને પક્ષે ઝડપી બૉલરો પર ઓછો મદાર રાખી બૅટિંગ તેમજ સ્પિન બૉલિંગ સધ્ધર રાખ્યાં.

પીચને અજોડ બૅટિંગ-પીચ તરીકે તૈયાર કરવામાં આવેલી. ગ્રાઉન્ડ્ઝમૅન માર્ટિને કહેલું કે, 'આ પીચ તો ડિસેમ્બર સુધી ટકશે.' ટૉસ જીતી ઇંગ્લૅન્ડના ૨૨ વર્ષના હટન અને 'બિલ' એડ્રિચ દાવ લેવા મેદાને પડયા ત્યારે સુકાની હેમંડે તેમને કહ્યું: 'આ સમયરહિત ટેસ્ટ છે. હું તમને લંચ અને ટી સુધી નૉટઆઉટ જોવા ઇચ્છું છું.' સીરીઝ સાચવવા જીતવું જરૂરી હતું અને એ માટે આ ટેસ્ટમાં જંગી જુમલો જોઇશે તે હેમંડના મનમાં સ્પષ્ટ હતું.

એડ્રિચ (૧૨) ૨૯ રને ગયા ને લેલૅન્ડ હટન સાથે જોડાતાં એક સુદીર્ઘ ભાગીદારીનો આરંભ થયો. હટન તો પોતાના સ્વભાવ અને સુકાનીના આદેશ મુજબ બહુ જ કાળજીથી અને ઠંડે કલેજે રમતા હતા. દિવસને અંતે આંકડો ૩૪૭ રને પહોંચ્યો. હટન ૧૬૦ રને અને લેલૅન્ડ ૧૫૬ રને દાવમાં હતા. બીજે દિવસે ૪૧૧ રને ૩૮૨ રનની ભાગીદારી નોંધાવી લેલૅન્ડ (૧૮૭) ગયા. સુકાની હેમંડ જોડાયા ને બંનેએ ૧૩૫ રન ચડાવ્યા ત્યાં હેમંડ (૫૯) ગયા. હટન ૨૪૦ ઉપર પહોંચી ગયા હતા ને હજી તેઓ અડગ હતા. આ પછી પેઈન્ટર અને કૉમ્પટનની વિકેટો ઝડપથી ગઈ ને પાંચ વિકેટે ૫૫૫ રન થયા. હવે છેલ્લા માન્ય બૅટ્સમૅન હાર્ડસ્ટાફ હટન સાથે જોડાયા ને ફરી સંગીન રમત શરૂ થઈ ઓરીલી અને ફ્લીટવૂડ-સ્મિથ જ મુખ્યત્વે બૉલિંગ કરતા હતા. આ બંને સ્પિન જાદુગરો ધૈર્યથી બૉલિંગ કર્યે જતા હતા, પરંતુ પીચ તેમને યારી આપતી નહોતી. હટન ૨૫૧ રન વટાવી ગયા ને ઑસ્ટ્રેલિયા સામેનો સુકાની હેમંડનો વિક્રમ તોડયો. બીજી સાંજે ઇંગ્લૅન્ડના પાંચ વિકેટે ૬૩૪ રને પહોંચ્યું. હટન ૩૦૦ રન સાથે અને હાર્ડસ્ટાફ ૪૦ રન સાથે રમતમાં હતા. હેમંડને હજી આ આંકડો જીત માટે પૂરતો નહોતો લાગતો, કારણ અહીં જ અગાઉ ઑસ્ટ્રેલિયાએ ૭૦૦ આસપાસના જુમલા ખડકેલા. બ્રૅડમૅન હોય ત્યાં આ અશક્ય નહોતું.

રાત્રે ને સવારે હટન પર અનેક સંદેશાઓ આવ્યા જેમાં બ્રૅડમૅનનો ૩૩૪ રનનો વિક્રમ તોડવાની માગણી હતી. ત્રીજી સવારે હટન ૩૩૫ રન કરવા કૃતનિશ્ચયી હોય તેમ સ્વસ્થતાથી રમવા લાગ્યા. બ્રૅડમૅન અને તેના સાથીઓના અથાક પ્રયત્નો છતાં લંચ પહેલાં જ હટને ૩૩૫ રન કરી નાખ્યા ને સ્ટેડિયમ ગાજી ઊઠયું. બ્રૅડમૅને જ સૌ પ્રથમ હટનને અભિનંદન આપ્યાં ને દાવ આગળ ચાલ્યો. ૭૭૦ રને હટન ૩૬૪ (૩૫ ચોગ્ગા) રન કરીને આઉટ થયા. આ પછી હાર્ડસ્ટાફ (૧૬૯ નો. આ.)ને વૂડ (૫૩)ની મદદથી દાવ આગળ ચાલ્યો ને ૯૦૩ રને ૭ વિકેટે ડિક્લેર થયો.

થાકેલું ઑસ્ટ્રેલિયા મેદાને પડયું ત્યારે કમનસીબે તેમને સાણસામાં લીધું. ઑસ્ટ્રેલિયાના બે ઉત્તમ બૅટ્સમૅનો-બ્રૅડમૅન ઘૂંટણમાં ફ્રેક્ચર થવાથી અને ફિંગલટન પગના સ્નાયુઓ તંગ થવાથી રમી શકે તેમ નહોતા. આવી હતાશામાં બૅટિંગ-પીચ પર અને સામાન્ય બૉલિંગ સામે પણ ઑસ્ટ્રેલિયા ૨૦૧ અને ૧૨૩ રનમાં ખખડી ગયું અને એક દાવ ને ૫૭૯ રને એ પરાજિત થયું.

ઇંગ્લૅન્ડનો આ વિજય આજ સુધી સૌથી જંગી ટેસ્ટ-વિજય છે. હટનનો આંકડો વિપક્ષીના બંને દાવના સરવાળા કરતાં પણ વધુ છે. ૯૦૩નો આંકડો પણ હજી ટેસ્ટ-વિક્રમ છે. હટનની ધીમી પણ સંગીન રમત ૭૯૭ મિનિટ ચાલેલી જે ટેસ્ટનો બીજા નંબરનો (હનીફના ૯૯૯ મિનિટમાં ૩૩૭ એ પ્રથમ) લાંબો દાવ છે. હટનનો ૩૬૪ રનનો વિક્રમ આંકડો ૨૦ વર્ષ પછી ગેરી સોબર્સે કિંગ્સટન ખાતે ૬૦૮ મિનિટમાં ૩૬૫ (નૉટ આઉટ) રન કરીને તોડયો.

અનુસંધાન] **જોસેફ પુલિટ્ઝર** [પૃષ્ઠ ૮ થી

ઈજા ન થઈ કોઇએ જોસેફના હાથમાંથી બંદૂક લઈ લીધી. ઑગસ્ટાઇને જોયું કે હવે તેના હાથમાં બંદૂક નહોતી, એટલે એ એકદમ તેના પર ત્રાટકયો ને પોતાની બંદૂક વડે ફટકારવા લાગ્યો. તરત લોકોએ બંનેને છૂટા પાડયા, પરંતુ જોસેફનાં લખાણો કરતાં યે તેના પરના આ આક્રમણે લોકોને સરકારી તંત્રમાં ચાલતી ગેરરીતિઓની ખાતરી કરાવી આપી.

ઈ. ૧૮૭૨માં અમેરિકાના પ્રમુખની ચૂંટણી આવી. રીપબ્લિકન પ્રમુખ ગ્રાન્ટ ફરી વાર પ્રમુખપદ માટે ઊભો રહ્યો, પણ 'વેસ્ટલિક પોસ્ટે' તેને ટેકો ન આપતાં રીપબ્લિકન ઉમેદવાર તરીકે હૉરેસ ગ્રીલીની તરફેણ કરી. પરંતુ ચૂંટણીમાં ગ્રાન્ટ વિજયી નીવડતાં 'વેસ્ટલિક પોસ્ટે' તેનું અગ્રગણ્ય રીપબ્લિકન પત્ર તરીકેનું સ્થાન અને ગ્રાહકસંખ્યા બંને ગુમાવ્યાં. શુર્ઝ અને પ્રીટોરિયસે વધુ ખાધમાં ઊતરવા કરતાં પત્ર વેચી નાખવાનું નક્કી કર્યું, પરંતુ પુલિટ્ઝર સંમત ન થયો. 'બધું બદલાઈ જવાનું.' તેણે કહ્યું: 'આપણે રાહ જોઈએ. લોકો કોઈ પણ ઝુંબેશ ભૂલી જતા હોય છે. તેમ આ ચૂંટણી-ઝુંબેશ પણ ભૂલી જવાના. "વેસ્ટલિક પોસ્ડ"ની કારકિર્દી જ્વલંત છે. સેન્ટ લૂઈનાં બીજાં પત્રોમાં ન આવતા સમાચારો આપણે છાપતા રહીશું તો લોકો ફરી આપણું પત્ર ખરીદતા રહેશે.'

તરત તંત્રી વિલિક બોલી ઊઠયો: 'જો સાચું કહે છે. અખબાર ચાલુ જ રાખવું જોઇએ. અને મને લાગે છે કે તે માટેની યોગ્ય વ્યક્તિ એ જ છે. તંત્રીસ્થાન એણે સંભાળવું જોઇએ. હું એની સાથે રહીને કામ કરીશ અથવા તો છૂટો થઈ જઈશ. અખબારને અત્યારે કોઈ બચાવી શકે તેમ હોય તો તે એ જ છે.'

શુર્ઝ વિલિકને ખભે હાથ મૂકતો બોલ્યો: તારું સૂચન બહુ સરસ છે, વિલિક; પણ તેની કશી જરૂર નથી. તું, હું ને ડૉ. પ્રીટોરીઅસ હવે વૃદ્ધ થતા જઈએ છીએ. જોસેફ જુવાન છે અને નવાનવા વિચારોથી ભરેલો છે. હું એને પ્રકાશક ને પત્રનો ભાગીદાર બનાવીશ, તંત્રી નહિ.'

પરંતુ પ્રકાશક તરીકે જોસેફે જે ફેરફારો પત્રમાં કરવા માંડયા અને તેથી યે વધુ તો રીપબ્લિકન પક્ષ સાથે ડેમોક્રેટિક પક્ષના પણ સમાચાર છાપવા માંડયા તેથી શુર્ઝ અને પ્રીટોરીઅસ ભડકી ઊઠયા. તેમણે પુલિટ્ઝરને ભાગીદારીમાંથી મુક્ત થવા ત્રીસ હજાર ડૉલરની ઑફર કરી. જોસેફને પણ સતત કામગીરીને લઇને આંખો નબળી પડવા આવેલી અને માથાનો દુખાવો શરૂ થએલો એટલે તેણે એ ઑફર સ્વીકારી લીધી અને આરામ લેવા હંગેરી ઊપડી જવાનો નિર્ણય કર્યો. (ચાલુ)

પ્રિયકાન્ત મણિયાર

'વિનોદ'ની નજરે [૨૨]

લેખક
વિનોદ ભટ્ટ



રા. વિ. પાઠકને એક નામ ઉપરાંત ત્રણ ઉપનામ હતાં. જ્યારે આ કવિને ત્રણ ત્રણ નામ હોવા છતાં એકેય ઉપનામ નો'તું. પરિવારમાટેનું હુલામણું નામ બચુભાઈ, ને ગ્રાહકો માટે બાબુભાઈ હતું. શબ્દ તથા 'અર્થ'ની બૅંકમાં તેમણે પ્રિયકાન્ત નામે ખાતું ખોલાવેલું. એવા કવિ પ્રિયકાન્તને આજથી લગભગ છવ્વીસેક વર્ષ અગાઉ સૌ પ્રથમ જોએલા–સાંભળેલા. એ વખતે મારી ઉમર ચૌદેક વર્ષની હશે. પ્રકાશ ગર્લ્સ હાઈસ્કૂલની રજતજયંતીની ઉજવણી પ્રસંગે એક કવિ-સંમેલન યોજાએલું. બચુભાઈ રાવત પ્રમુખ હતા. એ સમયે સ્ટેઈજ ઉપર સફેદ કળીવાળો ઝભ્ભો ને છુટ્ટી પાટલીવાળું ધોતિયું પહેરેલા પ્રિયકાન્તને કવિતા બોલતા મેં સાંભળ્યા. અગાઉ કોઈ કવિને સ્થૂલ દેહે જોએલા નહિ. આ કવિને જોયા એટલે નાના મગજમાં એ વાત ઠસી ગઈ કે કવિ એટલે બસ, આટલી આટલી (એટલે કે પ્રિયકાન્તમાં હતી એટલી) ચીજ હોય. કવિને બદલે કવિતાને સ્ટેઈજ પર જોતો હોઉં એવું લાગ્યું. કવિતાના વેશમાં કવિને જોયાં: ધોતિયા–ઝભ્ભામાં. આજે ય કવિતા પૅન્ટના લિબાસમાં હોવાનું સ્વીકારી શકાતું જ નથી. તેમ કરતાં મન રોકે છે.

ને ત્યાર પછી કેટલાંક વર્ષે પ્રિયકાન્તને ગાંધી માર્ગ પર આવેલા 'મેષ-મનુષ્ય'ના માળામાં જોયા. યૉસેફ મૅકવાન તેમની દુકાને બેઠેલો, ને ડોકું હલાવતા પ્રિયકાન્ત યૉસેફની કવિતા સાંભળતા'તા. બનતાં સુધી યૉસેફે જ પ્રિયકાન્ત સાથે મારો પરિચય કરાવ્યો. જોતાંવેંત જાણે ભવોભવની ઓળખ હોય એ રીતે પળમાં જ તેમણે મૈત્રી બાંધી દીધી. (હી કેઈમ, હી સૉ, ઍન્ડ હી કૉંકર્ડ...) પછી તો જ્યારે પણ જતાં-આવતાં જુએ ત્યારે હાથ અધ્ધર કરે. મૂડમાં હોય ને નવરા પડ્યા હોય તો બૂમે ય પાડે: 'આવોને! જવાય છે, ચા પીને...' આગ્રહ કરીને ચા પીવડાવે. એમની યાદદાસ્ત ઘણી જ તીવ્ર. મારા એકાદ લેખનો ઉલ્લેખ કરીને તેને વિષે કશુંક બોલે. વચ્ચે વચ્ચે છુટ્ટે મોંએ આશ્રમ રોડ જેટલું લાંબું હસે. મનમાં રાજી થઇને પછી હું ય સામો વિવેક કરું: 'તમારી કોઈ નવી કવિતા...' ને તેમની આંખમાં ચમક આવે. બેઠક નીચેથી કાગળિયાં કાઢે. કવિતા વાંચવાની શરૂ કરે ત્યાર પહેલાં જ ભૂમિકા બાંધી કે: 'મિત્ર, આ કાવ્ય તો તમને ગમશે જ...' કે પછી 'આ કવિતા લખતી વખતે તમે યાદ આવેલા; તમારા સમ, નો જોક.' (આ તેમની રસમ હતી.) પછી કવિતા વાંચે. શબ્દો છુટ્ટા પાડીને બોલે. કાગળમાં ઓછું જુએ, મારી સામે વધારે. 'કાળા' ને બદલે 'કારા' કહે. એ થોડુંક ખૂંચે ખરું, પણ તો ય કવિતામાં મન પરોવું. કવિતા પૂરી થાય એટલે આંખમાં આંખ નાખીને પૂછે 'ગમીને?'

'વાહ! બહોત ખૂબ...' હું બોલી દઉં. (આ મારી રસમ છે.)

'ને આ જુઓ; પેલા કરતાં આમાં જરા જુદો ટોન છે.' કહી બીજી કાઢે. એમ ત્રણ, ચાર, પાંચ કવિતાઓ ફટકારી દે. (પીવડાવેલી ચા વસૂલ કરી નાખે.) ત્યાં કોઈ ઘરાક દુકાન પર આવે એટલે 'એક મિનિટ' કહીને કવિતાનાં કાગળિયાં સંકેલી લે, ને 'ફરી મળીશું' કહીને હું યે દુકાનનું પગથિયું ઊતરી પડું. પ્રિયકાન્ત મણિયારમાંના કવિ પ્રિયકાન્તને ચીત કરી વેપારી મણિયાર ગ્રાહક સામે જોઈ સત્કારનું સ્મિત કરી દે. વેપારી પ્રિયકાન્ત ને કવિ પ્રિયકાન્તમાં તમને નભ-જમીનનો ફેર લાગે. ('નભ ઝૂક્યું તે કાનજી'વાળો પ્રિયકાન્ત ગાયબ થઈ જાય). કંકણ ને કવિતાને તેમણે સમજપૂર્વક અલગ રાખેલાં. કંકણનો ખણખણાટ શરૂ થાય ત્યાં કવિતા મૂગી બની જતી. (તેમની એક આંખમાં લક્ષ્મી અને બીજીમાં સરસ્વતી વસતી. લક્ષ્મી સામે આવે ત્યારે બીજી આંખ તે મીંચી દેતા!) તેમની દુકાને બંગડીઓ ખરીદવા આવનાર બહેનો આગળ તે કવિ મટી ભાઈ બની જતા. બહેનોને સાંભળવી ગમે એવી લહેકાદાર વાણી, ને અવાજ પણ મુલાયમ, મીઠો. માત્ર જોવા આવનાર પણ કશું ખરીદ્યા વગર દુકાનની નીચે ના ઊતરી શકે એવી ઠંડી તાકાત તેમના વ્યક્તિત્વમાં જબરી સેલ્સમૅનશિપ.—'જુઓ બેન, આ કંગન તો તમને ગમશે જ' અથવા તો, 'આ પ્રકારનાં કંગન અમે તમારા જેવી બહેનોને ધ્યાનમાં રાખીને જ બનાવીએ છીએ...' 'ખરેખરનો જોક...' ને ગ્રાહક દુકાન પરથી ઊતરે પછી સરસ્વતીવાળી પેલી આંખ ધીમેધીમે મોટી થવા માંડે.

તેમની દુકાને કોઈ ને કોઈ કવિ તો ભેટી જ જાય. ઊગતા કવિઓ માટે તે અતિ-પ્રિયકાન્ત હતા; કેમ કે એ લોકો માટે તે હૈયાવગા હતા. પોતાની કવિતા સંભળાવવાનો જેટલો ઉમંગ ધરાવે એટલી જ હોંશથી તે બીજાની કવિતા ય સાંભળે. કોઈ નવા કવિની એકાદ પંક્તિ ગમે તો તેની હાજરીમાં જ તે મમળાવે; ત્રણ–ચાર વાર રટણ કરે. પેલાના મનમાં ઠસાવડાવે કે બીજી પંક્તિઓ આ પંક્તિ જેવી ધારદાર બની શકી નથી. પણ તે હમેશાં ગુણદર્શી જ રહે. કવિતા બરાબર ના લાગે તો કવિતા વિષે કહેવાને બદલે મર્મમાં કહી દે: 'જોયું? છંદ સાવ સાચો કર્યો છે, તમે.' આ તેમની એક આગવી પદ્ધતિ હતી.

ઘણી વાર તો પ્રિયકાન્ત કવિતા 'લખતા' જ નહિ, પણ કવિતા 'જીવતા' લાગે. ભરબજારે તે કવિતા લલકારતા જાય, ચપટી વગાડતા કવિતા ગણગણતા ચાલે. કવિતા મેળવવા માટે તેમને ગતિમાં રહેવું પડતું. એક વાર સાંજે તે જમવા માટે મેડીએથી નીચે ઊતર્યા. જમવા બેઠા. કોળિયો લેવા મોં ખોલ્યું ને, 'આ નભ ઝૂક્યું તે કાનજી, ને ચાંદની તે રાધા રે...' બહાર આવવા માંડી. કોળિયો અંદર જતાં કવિતા કદાચ બહાર નહિ આવી શકે એવું જણાતાં જમવાનું મુલતવી રાખીને કવિ રાધા સંગે ઘરની બહાર નીકળી પડ્યા. વાળની એક લટ સહેજ આગળ. ઝૂમતી ચાલ, ને કવિતાનો નશો આંખમાં છલકાએલો. આંખ પણ પૂરી નો'તી ખોલી શકાતી. પોલીસ જુએ તો નક્કી પકડી લે એવી સ્થિતિમાં ય ખાડિયાથી પાંચકૂવા ને પાંચકૂવાથી ખાડિયાનાં બે ચક્કર પૂરાં કરીને કવિતા મગજમાં કોતરાઈ ગયા પછી જ કવિ ઘેર પાછા ફર્યા. કવિતા તેમનો પડછાયો હતી. તે રૂંવે રૂંવે કવિ હતા, કવિતાને તે સેવતા–પ્રસવતા.

ને આ રીતે પ્રસવેલી કવિની કવિતા વિષે કોઈ જરા પણ ઊણું બે ... પોણા સોળ આની બોલે તો કવિ ઊભા થઈ જતા. હાથ હવામાં વીંઝી કહી દેતાય ખરા: 'સમજ્યાં, સમજ્યાં... તમે કવિતામાં શું સમજો!'

હરિ: ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

અંક ૬૪૮ માટેનું 'પિટર પૉલ રૂબિન્ઝ'ના

લેખક શ્રી બિહારીલાલ ટાંકને મળે છે.

કવિ તરીકેનો તેમનો 'ઇગો' ભારે. એને કોઈ જરાક છંછેડે તો પ્રિયકાન્ત માટે તે અસહ્ય બની જતું.

એક વાર 'કવિલોક' માટે તેમણે કેટલાંક કાવ્યો ટપાલમાં મોકલ્યાં. 'કવિલોક'ના તંત્રીઓના મતે તે છાપી શકાય એમ નો'તાં. તંત્રીમંડળમાંના એક એવા ધીરુભાઈ પરીખ દિવાળી નિમિત્તે કવિને ત્યાં મળવા ગયા. કવિ એ વખતે જમતા'તા. 'કવિલોક' માટે મોકલેલી તેમની કવિતાઓ વિષે વાત નીકળતાં ધીરુભાઇએ પોતાના આગવા લહેજામાં કહ્યું: 'તમારી પાસેથી હજુ ય ઉત્તમ કાવ્યોની અપેક્ષા છે. આનાથી ય ઉત્તમ કાવ્યો આપો.' ને કવિ ખિજવાઈ ગયા: 'મારું કાવ્ય અનુત્તમ હોઈ શકે જ નહિ. બસ, હવે તો તમને એક પણ રચના નહિ મોકલું...' ને કવિ રીસાઈ ગએલા.

તે અમેરિકા ગયા ત્યારે નલિન રાવળને 'સમીપ' કાવ્ય-સંગ્રહનું સંપાદન કરવાનું કામ—હોમવર્ક—સોંપીને ગએલા. આ સંગ્રહ માટે પ્રિયકાન્તે આપેલી કવિતાઓમાંની ચારેક કવિતાઓ નલિને કાઢી નાખી. કવિ પરદેશથી પાછા આવ્યા એટલે નલિનને પેલી ચાર કવિતાઓ બાબત પૂછ્યું. જવાબમાં નલિને કહ્યું: 'મારી દૃષ્ટિએ તે અ-કાવ્યો હતાં. એ પ્રગટ કરત તો તમારા વિષે લોકો ગેરસમજ કરશે એવું લાગ્યું એટલે રદ કર્યાં.

'એ તમે લોકો પર છોડી દો'. કવિએ બેફિકરાઈથી કહ્યું.

પ્રિયકાન્તને વિવેચકોની બહુ તમા નો'તી, ભાવકની જ ચિંતા રહેતી. અને એટલે તો કવિ-સંમેલનોમાં કવિતા બોલતી વખતે તેમની નજર હમેશાં સામે બેઠેલા લોકો પર જડાએલી રહેતી. કવિતા પ્રજાને હાથોહાથ પહોંચાડવાની તેમની નેમ રહેતી. પ્રજાની દાદ ઝીલવા તે સદા ય તત્પર રહેતા. કવિતાને તે પોતાની પડખે જ રાખતા. કવિતાથી અળગું રહેવું તેમને પાલવતું નહિ.

લગ્ન કરવા તે અમરેલી ગએલા. ચૉરી પતી ગએલી. પૂરત ભરાવાને થોડી વાર હતી. ગામના બે-ત્રણ યુવાનો જાનીવાસે આવ્યા. પૂછ્યું: 'પ્રિયકાન્ત ક્યાં છે?'

'આવો ભાઈ, અહીં છું... બોલો, શું છે?' કવિએ પ્રશ્ન કર્યો.

'કાવ્ય-વાચનનો કાર્યક્રમ રાખવો છે. આપને ક્યારે ફુરસદ છે?'

'ચાલો, અત્યારે જ...અહીં થોડી વાર છે...' કહી પ્રિયકાન્ત એ લોકો સાથે કવિતા વાંચવા ઊપડી ગયા! પૂરતનું મુહૂર્ત વીતી જતું'તું. 'વરરાજા ક્યાં ગયા, વરરાજા ક્યાં ગયા?' એવા પ્રશ્નો પુછાઈ રહ્યા. કુટુંબીજનો અજંપામાં પડી ગયા; કેમ કે પાંચેક વર્ષ અગાઉ આ કવિએ પરિવારને મુશ્કેલીમાં મૂકી દીધેલું: લગ્નની કંકોત્રીઓ વહેંચાઈ ગએલી, લગ્ન માટેના મનપસંદ બૂટ પણ કવિએ જાતે જ બજારમાં જઈને ખરીદેલા...ને પછી લગ્નની આગલી સાંજે 'કુમાર'ની બુધસભામાંથી છૂટીને તે સીધા મુંબાઈ ભેગા થઇ ગએલા! આવા મનમોજી કવિનાં સગાંવહાલાંઓને ફડક રહે એ ય સ્વાભાવિક છે.'

પણ કવિ તો કવિ-સંમેલન પૂરું કરીને જ પાછા ફર્યા! નાનીમોટી કોઈ પણ સંસ્થા માટે કવિતા બોલવાની પ્રિયકાન્તે ક્યારેય ના પાડી નથી. ધોધમાર વરસતા વરસાદમાં પલળતાં પલળતાં ય તેમણે કાવ્યો ગાએલાં. મુંબાઈ હોય કે કચ્છ—મુસાફરી વેઠીને ય તે મુશાયરામાં જતાં એ કોઈ દિવસ થાક્યા નથી. તે ન્યૂ યૉર્ક ગયા ત્યારે ત્યાંના ગુજરાતી શ્રોતાઓ આગળ તેમના કાવ્યપઠનનો કાર્યક્રમ રાખવામાં આવેલો. રાતના નવથી તે છેક સવાર સુધી અથાકપણે કવિએ કાવ્યો ગાએલાં. લોકોને જોઈને તેમને વધારે નશો ચડતો.

મુશાયરામાં પ્રિયકાન્ત પ્રેક્ષકો પર છવાઈ જતા. સ્ટેઈજ પર કવિતાની સૂક્ષ્મ હાજરી સાથે કવિની સ્થૂળ હાજરીથી સ્ટેઈજને તે ભરી દેતા. તેમના પછી બોલનાર કવિ માટે મોટું જોખમ રહેતું; કેમકે તેમનાથી હિપ્નોટાઈઝ થએલા ઑડિયન્સને તેમની ભૂરકીમાંથી પાછા ખેંચવાનું કામ દોહ્યલું રહેતું. પ્રેક્ષકોને પોતાનામાં તે રમમાણ કરી દેતા. સ્ટેઈજ પર હોય ત્યારે તે કોઇને ગાંઠે નહિ. આ આખો ય બગીચો પોતાનો છે. બધાં જ ફૂલો પોતાની માલિકીનાં છે, આ બધા માત્ર પોતાને એકલાને જ સાંભળવા આવ્યા છે એવું ય કેટલીક વખત તે માની લેતા. પાછળ બેઠેલા, (મનોમન તેમને ગાળો દેતા) કવિ-મિત્રો સામે ડોકું ફેરવીને તે જુએ ખરા, પણ ઝટ બેસવાનું નામ ના લે. એકમાંથી બીજી ને ત્રીજી ને ચોથી...એમ કવિતાઓ કાઢ્યા કરે. સીધા ઊભા રહીને તે કવિતા બોલી ના શકે. હાથ હલાવે, આંખો ગોળ ગોળ ફેરવે, ક્યારે મીંચકારી પણ લે! મુગ્ધતાથી મોઢું પહોળું કરી નાખે...ને લોકો ખુશ થાય ત્યારે ક્યારેક આ કવિ પોતાને પણ દાદ આપી દે. ('કવિએ અહીં કેવી અદ્‌ભુત વાત કરી છે વાહ!...' કે એવી મતલબનું કશુંક બોલે.) આ ક્ષણોમાં તે આત્મરતિમાં રાચતા લાગે. પ્રેક્ષકો પર પકડ જમાવવા ક્યારેક પ્રિયકાન્ત વધુપડતા નાટકીય પણ બની જતા. 'કાણિયો પૈસો' નામનું કાવ્ય બોલવા ઑડિયન્સમાં એક-બે બાર તેમણે કાણિયો પૈસો ય ઉછાળેલો!

'મને એક મ્હેક મળી ગઈ' કાવ્ય બોલતી વખતે આ વાત તે અચૂક કહે: 'હું રસ્તા પરથી પસાર થતો હતો ત્યાં મારી બાજુમાંથી એક સુંદર સ્ત્રી પસાર થઈ ગઈ...ને મને એક મ્હેક મળી ગઈ. પછી એ સ્ત્રીનો મેં પીછો કર્યો. તે આગળ ચાલે ને હું તેની પાછળ પાછળ ચાલું. ચૌટામાંથી તે એક પોળમાં પ્રવેશી ગઈ. હું પણ તેની પાછળ પોળમાં પેઠો. પોળમાંથી તે એક શેરીમાં વળી. હું પણ વળ્યો. તે એક મકાનમાં દાખલ થઈ ગઈ. હું માથું ખંજવાળતો મકાન સામે ઊભો રહી ગયો, કેમ કે ત્યારે જ મને ખબર પડી કે એ મકાન મારું હતું ને એ સ્ત્રી બીજી કોઈ નહિ, પણ મારી પત્ની રંજન હતી!'

પ્રેક્ષકોને, અલબત્ત, મઝા આવતી; પણ કવિતાને ગંભીર પ્રવૃત્તિ લેખતા કોઈ કોઈ કવિ આથી અકળાઈ ઊઠતા. છેલ્લેછેલ્લે તો કેટલાક કવિઓએ એવું ય નક્કી કરેલું કે જ્યાં પ્રિયકાન્ત હશે એ કવિ-સંમેલનમાં અમે ભાગ નહિ લઈએ, ને પ્રિયકાન્તે તે સામે બેધડકપણે કહી પણ દીધેલું કે 'કશો વાંધો નહીં. એકલો જઈશ...વનમૅન શો કરીશ.'

કોઈ પણ રીતે કવિતાને લોકહૃદય સુધી પહોંચાડવામાં તેમને ભારે રસ હતો. કોઈ પણ સ્વરૂપે લોકો કવિતાને પામે એ જ કવિની મહેચ્છા રહેતી. એટલે એક વાર પંચવર્ષીય યોજનાના ઉપક્રમે યોજાએલા કવિ-સંમેલનમાં તેમણે પોતાની લોકપ્રિય કવિતા, 'સોળ વરસની છોરી' ને 'ફાઈવ ઈયર્સ પ્લાન'ના અર્થમાં ઘટાવેલી!

તેમનામાં જગત વિષેનું કુતૂહલ બહુ જ હતું. પ્રકૃતિમાં ભારે રસ. સૂર્યાસ્ત જોવો ગમે ને સૂર્યગ્રહણ પણ જોવું ગમે. સૂર્યગ્રહણને દિવસે મિત્ર સાથે નદીએ નાહવા જાય. ને ત્યાં ગ્રહણ જુએ. મિત્ર કહે: 'કવિ! સૂર્યગ્રહણને દિવસે સૂર્યનાં દર્શન કરવાં એ નિષેધ ગણાય.' ત્યારે હસીને બોલે: 'કવિને વળી નિષેધ શા?'

કવિ ઉપરાંત તેમનામાં એક પત્રકાર પણ પડેલો. જે પ્રિયકાન્તને પ્રશ્નો પૂછીને મૂંઝવ્યા કરતો. ને પ્રિયકાન્ત લોકોને પ્રશ્ન પૂછીને મૂંઝવતા. એકવાર ઈન્દુકુમાર ત્રિવેદી સાથે તે મહાકવિ નાનાલાલને મળવા ગયા. મહાકવિની ઉત્તરાવસ્થા. મૃત્યુને બહુ છેટું નહિ. પ્રિયકાન્ત ને ઇન્દુકુમાર નાનાલાલ સામે બેઠા. સામાન્ય વાતચીત ચાલતી'તી, ત્યાં પ્રિયકાન્તને

વળી શું સૂઝયું તે નાનાલાલને એ પૂછી બેઠા : 'મુરબ્બી !...ગાંધીજી આપને મળવા આવે તો ?' આ સવાલ સાંભળીને ઈન્દુકુમાર ધ્રૂજી ગયા. તેમને લાગ્યું કે નક્કી હવે મહાકવિનો પિત્તો હાથમાં નહિ રહે, ને બ-રાબરની સૂણવી પડશે...' નાનાલાલ કવિ તરીકે મહાન હતા એટલા જ ગુસ્સામાં યે મહાન હતા, આ માણસને છંછેડતાં અટકાવવા, ઇન્દુકુમારે પ્રિયકાન્તને પગ માર્યો. પણ પ્રિયકાન્ત એમ સખણા રહે ? તેમણે નાના-લાલ આગળ એ જ સવાલ દોહરાવ્યો ને નાનાલાલે કહ્યું : 'હા, ગાંધી મળવા આવે તો તેને છાતી સરસો ચાંપું; કાઠિયાવાડી પરોણાગત કરું.' આમ નાનાલાલને ગુસ્સે કરવામાં તે નિષ્ફળ ગયા.

પણ પ્રિયકાન્ત લાંબુ જીવ્યા હોત તો મહાકવિ થઈ શકત; કારણ કે તેમનો ગુસ્સો ય નાનાલાલ જેટલો મોટો હતો. તે પ્રેમ કરતા તેની સાથે દિલ ફાડીને પ્રેમ કરતા ને જેના પર ગુસ્સો કરતા તેના પર ગળું ફાડીને ગુસ્સો કરતા. તેમની ગુસ્સાની ક્ષણોમાં તો લાગે કે તે કદાચ સામેના-ને મારી બેસશે ! ગુસ્સાથી તેમનું આખું શરીર ધ્રૂજવા માંડતું, મોં લાલચોળ થઈ જતું, આંખો બહાર નીકળી આવતી, મોંમાંથી અ-કવિતા ય ક્યારેક સરી પડતી.

તેમને ગુસ્સે થવા માટે મોટા કારણની ભાગ્યે જ જરૂર પડતી, એક-વાર રઘુવીર ચૌધરી, નિરંજન ભગત ને ભોળાભાઈ હૅવમોરમાંથી નીક-ળતા'તા. પ્રિયકાન્ત સામેથી આવતા'તા. તેમના હાથમાં ઝોળી હતી. રઘુવીરે પૂછ્યું : 'કેમ ઝોળી લઈને હોટેલમાં ?' ને કવિ તો રઘુવીર પર બરાબરના ચિડાઈ ગયા, નિરંજને તેમને શાંત પાડવા પ્રયાસ કર્યો તો રઘુવીરને ખો આપીને નિરંજન સાથે જમાવી દીધી...પણ ગુસ્સા પછી-ની બીજી જ ક્ષણમાં તે નૉર્મલ બની જતા. કોઈ વાર બોલી પણ દેતા : 'હું બહુ ગુસ્સે થઈ ગયો, નહિ ?'

છેલ્લાં વર્ષોમાં તે બિલકુલ 'મની-ઓરીએન્ટેડ' થઈ ગએલા. પણ એમાં ય, મને લાગે છે કે, તેમણે બાળપણમાં જે દારુણ ગરીબી જોઈ તેથી ગરીબી પર તેમને પ્રચંડ તિરસ્કાર આવી ગયો હશે. મારાં કુટુંબી-જનોને ફરી વાર ક્યારેય એ કાળમુખીનું મોઢું જોવું ના પડે એવું માનીને જ પૈસા માટે વિવિધ ધંધાઓ પાછળ પોતાની જાતને તે ઘસતા રહેલા.

પણ માત્ર પૈસા 'કમાવા'માં તેમને રસ હતો એમ ન કહી શકાય. જરૂરતમંદ કવિમિત્રોને મદદ કરવા તેમણે 'સંવેદન' નામની એક ખાનગી સંસ્થા ય શરૂ કરેલી, ને કેટલાક દોસ્તોને મદદ પણ કરતા. રાવજીની માંદ-ગીથી દ્રવીને તેને માટે ફંડ-ફાળો ઉઘરાવવાની બાબતમાં ઉમાશંકર સાથે તેમને ચડભડ પણ થઈ ગએલી.

પોતાનાં પુસ્તકો તે છુટ્ટા હાથે વહેંચતા. સાધારણ ઓળખીતો હોય, પણ કાવ્યમાં તેને થોડો ય રસ પડે છે એમ જાણે તો પ્રેમથી 'પ્રિ.' લખીને તેને આપી દેતા. પડોશીની વચ્ચે વાડકી-વ્યવહાર હોય છે એવો પુસ્તક-વ્યવહાર અમારી વચ્ચે ખરો. પણ તેમની વૃત્તિ લેવા કરતાં આપવા તરફ વધારે. તેમણે મને 'સ્પર્શ' અને 'સમીપ' બન્ને સામેથી બોલાવીને આપેલાં. પહેલ તેમણે કરી. પછી વળતો વ્યવહાર (એને હુમલો પણ કહી શકાય) કરવા મારું પુસ્તક લઇને હું ગયો. મને કહે : 'રહેવા દોને !... આમે ય આપણને પ્રકાશકો તરફથી ગણતરીની નકલો મળતી હોય છે; ને તમારે તો પાછું મિત્રવર્તુળે ય મોટું છે. આમાં પ્રકટ થએલી તમારી વાર્તાઓ અગાઉ 'કુમાર'માં હું વાંચી ગયો છું...'

'એ વાંચ્યા પછી પુસ્તક નહિ લેવાના નિર્ણય પર તો નથી આવ્યા-ને ?' મેં પૂછ્યું. તે હસી પડયા. પુસ્તક આંખે અડાડી રાખી લીધું. (આ આંખે અડાડવાની ટેવ તે ઉમાશંકર પાસેથી શીખ્યા હોવા જોઇએ. આંખે અડાડી લે એટલે વાંચ્યા તુલ્ય ગણાય!)

આ કવિને માત્ર સાહિત્યના માણસો ચાહતા એવું નથી. સેઈલ્સ-ટૅકસ ઑફિસમાં ત્રણ-ચાર ઑફિસરોને તેમની સહીથી સપ્રેમ અપાએલા કાવ્ય-સંગ્રહો પણ મેં જોયા છે. સાહિત્ય સાથે નાહવા-નિચોવવાનો સંબંધ નથી એવા લોકો ય પ્રિયકાન્તને પ્રેમ કરતા. તેમનું અવસાન થયાના સમાચાર છાપાંમાં છપાયા એ જ દિવસે મારા એક અસીલનો મુનીમ આવ્યો. મને કહે : 'પ્રિયકાન્ત બહુ સારો માણસ હતો...'

'તમે એને કેવી રીતે ઓળખો ?' મેં પૂછ્યું.

'મારી બહેનના લગ્ન ટાણે અમે તેમને ચૂડો બનાવવા આપેલો. બે દિવસમાં બનાવી આપવાનો વાયદો કર્યો. લગ્ન બહારગામ હતાં. શનિ-વારે બપોરે અમારે ચૂડો લઇને ગામડે પહોંચી જવાનું હતું. શુક્રવારની સાંજનો વાયદો પ્રિયકાન્તે કરેલો. "પણ શુક્રવારે નહિ બને તો ? શનિ વારે તો તમારી દુકાન બંધ રહે છે." મેં ચિંતા વ્યક્ત કરી. તો કહે : "તમે બેફિકર રહો. એ જવાબદારી મારી, ચૂડો શનિવારે સવારે દસ વાગ્યે તમારે ઘેર પહોંચાડી દઈશ. જો તેમ નહિ થાય તો તમારે ગામ પહોં-ચતો કરવાની હું બાંહેધરી લઉં છું." ને એ શનિવારે સાડા નવ વાગ્યે ખુદ પ્રિયકાન્ત જ મારું ઘર શોધતા ચૂડો આપવા આવેલા...'

આ ચૂડા ઉતારવાના પિતાના ધંધા તરફ શરૂઆતનાં વર્ષોમાં પ્રિય-કાન્તને સૂગ હોઈ દુકાનથી તે ફંટાઇને જતા ! એ તરફ નજર સુધ્ધાં કરતા નહિ...ને પછી એક વાર એ દુકાનમાં એ પેઠા, તે છેક વીસ વરસે તેમાંથી બહાર નીકળ્યા...

એ રીતે જોઈએ તો પ્રિયકાન્ત આત્યંતિક લાગે : છેડાનો માણસ. તે ક્યારે શું પકડશે ને શું છાડશે એ કલ્પવું અઘરું પડે. એક વાર મને કહે : 'વિનોદભાઈ ! મારે હવે આ બધું છોડી દેવું છે. માત્ર લેખન પર જ જીવવું છે. એ રીતે જીવી શકાય ખરું ?'

'જિવાય, કેમ ના જિવાય ? પ્રિયકાન્ત ધારે તો જરૂર જીવી શકે'

'બસ, તો પછી આ બધું વહેલી તકે છોડી દઇને......' ને તેમનું વાક્ય પૂરું થાય ત્યાર પહેલાં એક ઘરાક દુકાન પર ચડયું એટલે અધૂરે વાક્યે મારી સામે જોતાં 'એક મિનિટ, જરા આટલું પતાવી દઉં..' કહી ઘરાકને નીપટાવવામાં પડી ગયા. પણ પકડેલું છાડતાં ય પાછી વાર નહિ

જુઓને, દુકાનનું શટર બંધ કરતાં કરતાં જીવનનું શટર પણ કેવું ઝડપથી પાડી નાખ્યું !

પણ મને તો આમાં જુદી જ શંકા આવે છે. યમરાજા કોઈ સજ્જનના વેષમાં પ્રિયકાન્ત પાસે આવ્યા હશે, કહ્યું હશે. 'કવિ' ચાલો, તમને એક કવિ-સંમેલનમાં લઈ જવા આવ્યો છું.' અને આપણા આ ભોળા કવિ શ્વાસ લેવા જેટલો ય સમય વેડફ્યા વગર યમરાજા સાથે ચાલી નીકળ્યા હશે—આપણી મહેફિલને સૂની કરીને...... □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૪

બાળકને દાંત આવવા

કેટલીક વાર દાંત આવતી વખતે બાળકને ઝાડા, શરદી, ઉધ-રસ, કાનમાંથી પાક વહેવો, બેચેની, અરુચિ વગેરેનાં લક્ષણો સાથે એ ખૂબ રિબાય છે. દાંત સહેલાઈથી આવે અને બાળક હેરાન ન થાય તે માટે નીચેના ઉપચાર કરવા :

૧) બાલાર્ક રસની ૧-૧ ગોળી ૩ વાર પાણીમાં આપવી. ૨) લાકડાની ચૂસણી આપવાથી પેઢાં ઘસાશે અને દાંત જલદી ફૂટશે. ૩) ખારેક, રોટલા વગેરે જેવો કઠણ ખોરાક આપવાથી બાળકના પેઢાં ઘસાશે. ૪) પેઢાં ઉપર મધ અને સિંધવ ઘસવાં. ૫) બાળકને ચૂનાનું નીતર્યું પાણી (લાઈમ વૉટર) પાવું. ૬) બાળકને સે'જ હરડેનો ઘસારો પાવો. ૭) મસુઢાં ઉપર ડિકામારી-નું ચૂર્ણ મધ સાથે ઘસવું. ૮) લીંડીપીપરનું ચૂર્ણ મધમાં કાલવી પેઢા ઉપર ઘસવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

ટિકિટ-સંગ્રહ





આંતરરાષ્ટ્રીય સાંખ્યિકીય સંસ્થાના ૪૧મા અધિવેશન નિમિત્તે ગઈ ૧૩મી ડિસેમ્બરે બહાર પડેલી ખાસ ટિકિટ, જેના પર અટપટા આંકડાઓની સરળ ચિત્રાત્મક રજૂઆતના પ્રકારનું સૂચક આલેખન છે. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર)

△ 'ધી ટ્વેલ્વ ડેઝ ઑવ ક્રિસ્ટમસ' એ નાતાલમાં ગવાતું એક પ્રચલિત ગીત છે. એમાં એક થી બારની ક્રમિક સંખ્યા દર્શાવતી પંક્તિઓમાં એક તેતર, પાંચ વીંટી કે બાર નાચતી સ્ત્રી એમ બારેય દિવસ બાર વિવિધ ભેટોનો ઉલ્લેખ સાંકળેલો છે. આ વર્ષના નાતાલના તહેવાર નિમિત્તે બ્રિટને આ બારેય ભેટોનાં ચિત્ર સાથે આ છ ખાસ ટિકિટો બહાર પાડી છે. બાળકો એ છ યે ટિકિટો સરળતાથી એકઠી કરવા પ્રેરાય એટલે એને સહજ પ્રાપ્ય બનાવવા ઓછા દરની શ્રેણીમાં એ બહાર પડી છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન)



લઘુકથા

ફરી પાછા

સરોજ ત્રિવેદી

બા મારા દસેક દિવસના બાબાને ખોળામાં લઈ એનું ગોળ લાડવા જેવું મોં ને અણિયાળી ચિબુક જોઈ રહેતાં ને કહેતાં : 'આંખો તો અસલ મારા સુકેતુની જ ચોરી છે. એકદમ તારા જેવો જ થશે.' ત્યારે હું કહેતો : 'આના ગોળ ખભા, મોટીમોટી આંખો ને લાંબું શરીર ને કંઈક પાકો રંગ જોતાં બાપુજીની યાદ નથી આવી જતી સરયુ ? ને બાપુજીની બીજી મરણતિથિને દિવસે જ આનો જન્મ છે !'

સરયુએ પણ હસીને બાપુજીએ મરતાં પહેલાં મને મળવા બોલાવ્યો હતો ને હું જઈ શક્યો નહોતો તેની યાદ અપાવી ને મારી વાતમાં સૂર પુરાવતાં કહ્યું : 'આમે ય બાપુજીને તમારા પર વધુ લાગણી હતી.'

'ગાંડો નહિ તો; તારા સંત જેવા બાપને બીજી વાર શાને જનમ લેવો પડે ? એમનો તો મોક્ષ થઈ ગયો બેટા !'—કહી બાએ મારી વાત ઉડાવી દીધી.

'તમે માનો યા ન માનો, આ અદ્દલ મારા બાપુજી જેવો જ થશે.' —મેં કહ્યું તો ખરું, પણ બાએ વાતને સાવ હસી જ કાઢી.

એક સાંજે હું ઑફિસેથી પાછો ફર્યો ને લૉબીમાં બોગનવેલીનાં ઝૂમખાં નીચે, બેઠકરૂમમાં પડતી બારી પાસે પડેલી ઈઝીચેરમાં ચૂપચાપ જઈ બેઠો. મંદિરની આરતીનો ઘંટારવ સંભળાતો હતો ને અંધારું ઘેરાતું જતું હતું.

બીજા રૂમમાંથી બેઠકરૂમમાં બા આવ્યાં. એમના હાથમાં નાનો બાબો હતો, એને પલંગ પર સુવડાવી નાનકડા મંદિરમાં ઘીનો દીવો કર્યો ને માથે ઓઢી હાથ જોડી વંદના કરીને પછી પલંગ પરથી બાબાને ઉઠાવી ભગવાનની મૂર્તિ સામે રાખ્યો. બારીના ખૂણેથી મને બધું દેખાતું હતું. પછી બાબાને પલંગ પર સુવડાવી બા એની પાસે બેઠાં.

મારી ઉપસ્થિતિથી અનભિજ્ઞ બાને મેં બાબાને માથે હાથ ફેરવતાં કહેતાં સાંભળ્યાં : 'બે વરસે ય પાછું આવવું હતું તો જવાની એટલી બધી શી ઉતાવળ હતી ?'—ને ઘીના દીવાની જ્યોતના પ્રકાશમાં બાની આંખોમાં ઘેરી ઉદાસી ઝળકી રહી. ◻



તાજેતરમાં ઈજિપ્તના પ્રમુખ સાદતની ઈઝરાએલની મુલાકાતના માનમાં તા. ૨૦મી નવેમ્બરે જેરુસલેમ, તેલ અવિવ અને હાઈફામાં થી જતી બધી ટપાલ માટે બનાવાએલી પોસ્ટની રદ્દી કરણની ખાસ છાપ.

એક કલા-યુગનો અંત

ગઈ તા. ૯મી ડિસેમ્બરે (૧૯૭૭), આ માસિક—અને સંસ્થા—ના સ્થાપક અને ગુજરાતની કલા-અસ્મિતાના પુરોધા, સાંપ્રત ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં પહેલા કલા-યુગના પ્રવર્તક, કલાગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળનું અમદાવાદમાં, એમના નિવાસસ્થાન 'ચિત્રકૂટ'માં, ૮૫ાા વર્ષની પાકટ વયે, બે દિવસની ટૂંકી માંદગી બાદ અવસાન થયું. સુદીર્ઘ કહી શકાય એવા એ આયુષ્ય દરમિયાન ગુજરાતમાં કલાની અસ્મિતા જગાડવાના પોતાના મિશન—ધર્મકાર્ય—માટે આજીવન મથતા રહી એમણે, આજથી વર્ષો પહેલાં કાકાસાહેબ કાલેલકરે આપેલું 'કલાગુરુ'નું બિરુદ સાચા અને વિશાળ અર્થમાં સાર્થક કર્યું છે.

શિશુકાળથી જ ચીતરવાના વલણ સાથે વિકસતા જતા એમના માનસમાં, આગળ અભ્યાસકાળે ઈતર વાચનના પ્રભાવથી કળાની જે લગની પોષાતી ગઈ તેણે દઢ સંકલ્પપૂર્વક (એમને એન્જિનીઅર બનાવવાની પિતાની ઇચ્છાની ઉપરવટ જઇને) મુંબાઈની કલાશાળામાં ચિત્રકળાનો અભ્યાસ કરવા ઉત્તેજ્યા; અને ત્યાં, એક બાજુ ચિત્રના સઘન અભ્યાસ સાથે બીજી બાજુ મહાદેવ દેસાઈ અને સ્વામી આનંદ જેવાના સાન્નિધ્યથી તથા 'મૉડર્ન રિવ્યૂ'માં આવતા આનંદ કુમારસ્વામી, સિસ્ટર નિવેદિતા, ઈ. બી. હૅવેલ વગેરેના ભારતીય કલાનો આત્મા અને હાર્દ સમજાવતા લેખોના વાચનથી એમની દષ્ટિને દિશા લાધી અને ભારતીયતાનો ભાવનાદેહ ઘડાતો ગયો, જેના ફલસ્વરૂપ તેઓ જ્યારે કલાના છેલ્લા વર્ષમાંથી સુવર્ણચન્દ્રક સાથે પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયા તેના બીજા જ વર્ષે–ઈ. ૧૯૧૭માં–'બૉમ્બે આર્ટ સોસાએટી'ના વાર્ષિક કલાપ્રદર્શનમાં, મુંબાઈની અને સમસ્ત પશ્ચિમ ભારતની કલાના ઇતિહાસમાં પહેલી જ વાર, એમણે હિંમતપૂર્વક એતદ્દેશીય તત્ત્વોવાળી ભારતીય ઢબે તૈયાર કરેલી કૃતિ (બિલ્વમંગળ) રજૂ કરી એ વર્ષનો સોસાએટીનો સુવર્ણચન્દ્રક મેળવ્યો, જેણે કલાજગતમાં ખળભળાટ મચાવી મૂકયો. એ જ અરસામાં દેશમાં થતા નવનિર્માણના પ્રયત્નનો દિશાદોર સાંધીને રણજિતરામ વાવાભાઈ જેવાના નેતૃત્વ નીચે કનૈયાલાલ મુનશી આદિ જેવા જુવાનોનું જે જૂથ ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાની જાગ્રતિ માટે મુંબાઈમાં જામતું હતું તેનો રંગ એમના ભાવનાદેહને ચડયો અને એને ચરિતાર્થ કરવા ઈ. ૧૯૧૯માં અમદાવાદ આવીને ગુજરાતને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું; અને ત્યાં, ભારતના સાંસ્કૃતિક નવોત્થાનના એ કાળે, કલાના પુનરુત્થાનની જે ગંગા બંગાળમાં અને અન્યત્ર અવતરિત થઈ એ ભાગીરથીની એક શાખા એમણે ગુજરાતમાં વહેવડાવવી શરૂ કરી.

જે જમાનામાં ચિત્રકાર માત્ર પાટિયાં ચીતરનારો 'પેઈન્ટર' ગણાતો, કલાવિષયક અસ્મિતાનું કોઇને સ્વપ્ન પણ ન હતું, કે ન કોઈ પ્રોત્સાહન આપનારું કે પથપ્રદર્શક હતું, એવા સમયમાં એમણે સંકલ્પબદ્ધ થઇને પોતાની આર્ષ દષ્ટિ અને અવિરત ઉદ્યમ વડે ગુજરાતમાં કલા-સંસ્કારનું બીજારોપણ કર્યું, એતદ્દેશીય કલાનું પ્રથમ દર્શન કરાવ્યું, પ્રજાની રસરુચિ કેળવી અને ચિત્રકારને 'સંસ્કારમૂર્તિ'ને સ્થાને પ્રસ્થાપિત કર્યો. એથી જ તો, ભારતમાં કલાની અસ્મિતાની જાગ્રતિ અને નવનિર્માણની દિશામાં બંગાળના કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરનું જે આદરણીય સ્થાન જનહૃદયમાં છે એવું જ સમકક્ષ સ્થાન સ્વ. રવિશંકર રાવળનું ગુજરાતની કલાના પુરોધા તરીકે તેમ જ ગુજરાતની કળાની પોતીકી પ્રણાલિ અને શિષ્ય-પરંપરાના પ્રવર્તક કલાગુરુ તરીકે છે.

આજથી બરાબર દશ વર્ષ પૂર્વે, એમને પંચોતેર વર્ષ પૂરાં થયાના અમૃત-મહોત્સવ પ્રસંગે 'કુમારે' પ્રકટ કરેલા ખાસ 'કલા-અંક'માં એમને અભિનંદતાં અમે લખેલું તેમ કેવળ ચિત્રકલા જ નહિ, પણ શિલ્પ, સ્થાપત્ય અને અન્ય ચારુ-કારુ કલાઓને અવનતિની ગર્તામાંથી બહાર કાઢીને તેમાં ભારતીયતાનું સ્વરૂપ, રાષ્ટ્રીયતાનું ઓજસ અને આદર્શની ઉચ્ચતા ઉતારવાની તીવ્ર ઝંખના એમને સદોદિત રહેલી. જેટલો બજારુ અને અશિષ્ટ કળા તરફ, એટલો જ કલાને નામે અપ્તરંગી ગોળા ગબડાવવાના લેભાગુવેડા તરફ એમનો પ્રકોપ રહેતો. એમના અભિપ્રાય મુજબ 'કલા જીવતા માનવીનું સર્જન હોવાથી જીવન સાથે તો તેનો સંબંધ અનિવાર્ય છે. એ જીવનને સર્વતોમુખી, સર્વરસસાક્ષી કરવું અને તેનો અનુભવ અબાધિત સ્વરૂપે કલા દ્વારા પ્રજામાં સંક્રાંત કરવો એ જ કલાકારનું કર્તવ્ય છે.'


આવા કલાકાર માત્ર જાતે બનવામાં જ જીવનનું ઇતિકર્તવ્ય માનીને એ બેસી રહ્યા નહિ. પણ એ કાળે અજ્ઞાનપણે પશ્ચિમની નરી વાનરનકલમાં પડેલા, અને દારૂની જાહેરખબરવાળી દેવદેવીઓની બેડોળ છાપોને પૂજાસ્થાને લગાડવા સુધી બહેર મારી ગએલી રસવૃત્તિવાળા સમાજને સૈકાજૂના તેના સમૃદ્ધ વારસાનું ભાન કરાવીને સમસ્ત પ્રજામાં કલાની અસ્મિતા પ્રકટાવવાનું જીવનધ્યેય એમણે નક્કી કર્યું; અને એ માટે કલાની એક આખી પરંપરા ગુજરાતમાં સર્જવાના સંકલ્પથી પોતાના ઘરઆંગણે એક નિઃશુલ્ક અને નાનું, પણ અભ્યાસનાં ઓજસ અને ભાવનાની મહેકથી ભર્યુંભર્યું કલાશિક્ષણ માટેનું ગુરુકુલ શરૂ કર્યું, જે જતે દહાડે 'ગુજરાત કલાસંઘ'નું વિસ્તૃત સ્વરૂપ પામીને એમાંથી સીધા અને આડકતરા અનેક શિષ્યોની—અને આજે તો પ્રશિષ્યોની—પરંપરા ગુજરાતમાં પ્રવર્તી રહી છે. એ શિષ્યોને પર્યાપ્ત ચિત્રશિક્ષણ આપીને જ એ અટકી ગયા નહિ; પણ એમને કલાના આંતરભારતી રંગનો પાશ આપવા માટે બંગાળ, મદ્રાસ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, એમ વિવિધ પ્રદેશોમાં આગળ શિક્ષણ લેવાની અનુકૂળતા ગોઠવી આપીને, તેમ જ એમના ભાવિ જીવનના યોગક્ષેમ માટે પણ સચિંત પ્રયત્નો કરીને એમણે 'કલાગુરુ'નું બિરુદ ચરિતાર્થ કર્યું.

ભારતીય કલાના અન્ય અગ્રચારીઓને મુકાબલે સ્વ. રવિભાઈની વિશિષ્ટતા એમનામાં રહેલું સંસ્કારનું સર્વતોભદ્રપણું હતું. કલાસર્જનની પ્રતિભા ઉપરાંત એમનામાં તલસ્પર્શી મીમાંસાશક્તિ સાથે સચોટ તથા રોચક લેખનશૈલી પણ હતી, અને તે દ્વારા, માત્ર કલા-વિવેચન જ નહિ, પણ શિક્ષણ, સાહિત્ય, સમાજ આદિ જીવનને સ્પર્શતાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની વિચારણા તથા દર્શન એમણે રજૂ કર્યાં છે. એમનું પ્રાસાદિક ગદ્ય, એમની ચિત્રણાની પેઠે, સર્વ વિષયને વિશદતાથી હૃદ્ય બનાવે છે. ચિત્રકારની વેધક દષ્ટિ સાથે સાહિત્યકારની સહૃદયતા અને પ્રજાશિક્ષણની સૂઝ હોવાથી સંપાદનનું નૈપુણ્ય એમને સહજ સિદ્ધ થયું, એની પ્રતીતિ એમણે શરૂ કરેલા 'કુમાર' માસિકે કરાવી છે. આ રીતે આજે, ગુજરાતના સમન્વયિત સંસ્કારઘનના લઘુતમ સાધારણ અવયવ રૂપ બની રહેલા શ્રી રવિશંકર રાવળનું સ્થાન ગુજરાતના આ યુગના સંસ્કારક્ષેત્રના અગ્રચારીઓમાં ઓજસવંતું રહ્યું છે.

એમના આવા આદર્શપૂત અને ઉપાસનારત જીવનના ઘડતરની સિલસિલાબંધ અને વિગતપ્રચુર કથા 'સ્મૃતિચિત્રો' તથા 'ગુજરાતમાં કલાનાં પગરણ' રૂપે વર્ષો સુધી—સ્વકાલીન સમાજનું દર્શન કરાવતા એમના સ્કેચો તથા વિરલ ફોટોગ્રાફ સાથે—'કુમાર'નાં પાનાં ઉપર એમની વિશદ શૈલીએ આલેખાતી રહી હતી; (જેમાંનો વડવાઓની ઘાતથી માંડીને ઈ. ૧૯૧૯માં અમદાવાદમાં વસવાટ કર્યો ત્યાં સુધી પહેલો ભાગ 'આત્મકથાનક' નામે પણ પ્રકટ થયો છે) એ પછીનું એમનું જીવન તો લોકવિશ્રુત છે, એટલે આ અંકમાં માત્ર એમના જીવનની આછી રેખા, એમના વિવિધ સમયનાં ફોટોચિત્રો સાથે આપી અમારા હૃદયની અંજલિ અર્પીએ છીએ.



△ પિતા મહાશંકર તથા મોટા ભાઈ રતિલાલ સાથે ઈ. ૧૮૯૩માં, એક વર્ષની વયે, માતા ઊજમબાના ખોળામાં બાળક રવિશંકર.



△ રવિશંકર રાવળની જન્મકુંડળી: ઈ. ૧૮૯૨ની પહેલી ઑગસ્ટે ભાવનગરના શેરડી પીઠમાં બાપદાદાના અસલ મકાનમાં એમનો જન્મ થએલો.



△ ઈ. ૧૮૯૫–'૯૬માં નિશાળે ભણવા બેઠા ત્યારે.

નિકટનાં મંડળો ને શિષ્યોમાં 'રવિભાઇ'ના હેત-માનભર્યા નામે ઓળખાતા રવિશંકર રાવળના પિતા મહાશંકર છગનલાલ રાવળ કૌટુંબિક સંજોગોને કારણે નાનપણથી જ પોસ્ટખાતામાં જોડાઈ જઈ પોતાની હોશિયારી, ચીવટ અને ખંતથી ઉત્તરોત્તર ચડતા જઈને ઉચ્ચ હોદ્દે પહોંચવા ઉપરાંત રાવસાહેબનું બ્રિટિશકાલીન રાજ્યસમ્માન પામેલા. આવા શક્તિશાળી, સેવાનિષ્ઠ અને ધાર્મિક વૃત્તિના પ્રેમાળ પિતા, તથા આર્ય નારીનાં ગુણગરવાં અને ઊર્મિલતાની પ્રેરણાનાં દાતા માતા ઊજમબાના વચેટ પુત્ર તરીકે એમનો જન્મ ઈ. ૧૮૯૨ની પહેલી ઑગસ્ટે સૌરાષ્ટ્રના ભાવનગર શહેરમાં થયો હતો.

પિતાને પોસ્ટ ઑફિસની નોકરી અંગે ગામેગામ બદલીઓ થતી હોવાથી એમના શૈશવ તથા બાળ–કુમાર–વયનો કેટલોક કાળ પોરબંદર, રાજકોટ, વઢવાણ કૅમ્પ, મહેસાણા, એમ જુદાંજુદાં સ્થળે વીત્યો હતો. એ ગામેગામની પ્રકૃતિ અને અવનવી માનવસૃષ્ટિ, પડોશીઓ, પોસ્ટ ઑફિસના નોકરો તથા અમલદારો, વિવિધ સ્થળોના સામાજિક-ઐતિહાસિક પ્રસંગોની વાતો આદિની રંગભર છાપો એમના બાળમાનસ પર જે અંકાતી રહી હતી તે, એમની કાંઈક અસાધારણ કહી શકાય એવી તીવ્ર સ્મરણશક્તિને બળે પોતાની આત્મકથામાં એમણે ઉતારી છે. કલાકારમાં બે શક્તિ ખાસ આવશ્યક હોયછે: ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ. જે જોયુંજાણ્યું તેની છાપ તત્કાલ કાયમને માટે ચિત્તમાં છપાઇને આત્મસાત્ થઈ જાય, અને કાળનાં અંતરોની પાર પણ તે એ જ સ્પષ્ટતાથી ચમકતી રહે. રવિભાઈમાં આ બંને શક્તિઓ સાથે એમની કલ્પનાશીલતા પણ ઘણી તેજ હતી. એ ત્રિ-શક્તિએ એમનું કલાકાર તરીકેનું સર્જન કર્યું, અને એમની તીવ્ર જિજ્ઞાસાવૃત્તિને પોષતી બાળપણમાં સાંભળેલી વાર્તાઓમાં એમનો કલ્પનાદેહ ઘડાતો ગયો.

રાજકોટમા પ્રૅક્ટિસિંગ સ્કૂલમાં ભણતા હતા ત્યારે શિક્ષકોના ઓરડામાં કેટલાક શિક્ષકોને રંગ વડે ભાતભાતનાં ચિત્રો કરતા જોયા તે પરથી બાલ મન ઉત્તેજિત થઈ ગયું અને ચિત્રો કરવાનો નાદ લાગ્યો. પિતા ત્યારે તાર ઑફિસમાં હતા. તે ફુરસદના વખતમાં પોતાની પાસે એક તરફ બેસાડી લાલ-વાદળી પેન્સિલ અને રદ્દી કાગળો આપતા, તે વડે એ વખતની બાળપોથીમાંથી જોઇને ચિત્રો દોરતા. એમાંથી ચિત્ર પર હાથ સ્થિર થવા લાગ્યો. એમની માતાની વાત કરવાની અને વાર્તા કહેવાની શૈલી ચિત્રાત્મક હતી. માતા પાસેથી આવું ચિત્રકારનું માનસ પામેલા રવિભાઇએ, આમ, પિતાની ભરાવદાર મુખ પરની મોટી મૂછોને પદાર્થપાઠ ગણી કરેલા એક ચિત્ર પરથી, પહેલા વર્ગમાં હતા ત્યારે 'ડ્રૉઇંગનો શૉખ છે' એવું પ્રમાણપત્ર મેળવેલું.

ગામ-પરગામ ફરતાં ફરતાં પિતાશ્રીને ઉત્તરોત્તર બઢતી મળતી જઈ એમની બદલી ભાવનગર ડિવિઝનમાં ઈન્સ્પેક્ટર તરીકે થઈ ત્યાં સુધીમાં આલેખનમાં એમનો હાથ દઢ થતો જઈ (એ સમયે પીંછી ન મળી હોઈ) પોતાની ચોટલીના વાળમાંથી પીંછી બનાવી ચિત્રોમાં રંગ પૂરવાનું શરૂ કરેલું. વતન ભાવનગરમાં આવીને એ ઍંગ્લો વર્નાક્યુલર શાળામાં દાખલ થયા, જ્યાં ચિત્રવર્ગો હોવાથી રીતસરનું ચિત્રશિક્ષણ શરૂ થયું, ને ચિત્રશિક્ષક ભગવાનલાલે કાઢેલા રવિવારના ખાસ વર્ગોમાં જોડાયા. એ અરસામાં એમના કાકાની રેલવે ઑફિસના સ્ટાફના એક નરોત્તમ બાવા ફોટોગ્રાફી તેમ જ પોર્ટ્રેટ (તસવીર)પેઇન્ટિંગ જાણે છે એવી ભાળ મળતાં તેમની પાસેથી તસવીર–ચિત્રણાની તરકીબ શીખી લઇને તે, ઘર આગળ, સારા ફોટોગ્રાફ ઉપર ચોરસ ખાનાં આંકી, તેના પરથી બીજા મોટા કાગળ પર આંકેલાં મોટાં ચોરસ ખાનાંઓમાં માપસર મોટી તસવીરો બનાવવા લાગ્યા. એ જ રીતે, આગળ જતાં રવિવર્માનાં ચિત્રો પરથી, કંપાસથી બિંદુએ બિંદુ માપીને મોટું ચિત્ર તૈયાર કરતા થઈ ગયા.

આમ ચિત્રકળાના શૉખને ધીરેધીરે આકાર મળી રહ્યા હતો એ જ ગાળામાં તેઓ ભાવનગરના વસૂલાતી ખાતામાં સામાન્ય કારકુન છતાં સમાજમાં પોતાના ચારિત્ર્યપ્રભાવથી પૂજ્ય વ્યક્તિ તરીકે 'દેવ મહારાજ' નામે આદર પામતા વાસુદેવભાઈ પ્રત્યે આકર્ષાયા હતા. તેઓ ચિત્રકળાના એક પ્રખર સાધક અને ભક્ત હતા તેમ જ રાજા રવિવર્માને એમણે નજરોનજર જોએલા હોવા ઉપરાંત તેમને સમાગમ પણ પામ્યા હતા. એમને રવિભાઇએ જ્યારે કહ્યું કે 'હું હાઈસ્કૂલના ચિત્રવર્ગમાં છું અને ચોરસ ખાનાંના માપથી મોટી છબિઓ બનાવું છું' ત્યારે તેઓ જરા મર્માળું હસ્યા અને કહ્યું કે 'કોઈ પણ આધાર વગર, માત્ર આંખની જ મદદથી હાથ ધાર્યો આકાર કરી શકે ત્યારે જ સાચી ચિત્રસિદ્ધિ થઈ ગણાય.' આ કથનના પુરાવા રૂપે તેમણે સંખ્યાબંધ માનવપાત્રોને સન્મુખ બેસાડીને મુક્ત હાથે કરેલા વિવિધ લાક્ષણિકતાવાળા સ્કેચોનો પોતાનો ચોપડો બતાવ્યો; અને પછી એમને ઘેર જઇને જે જોયું એવી સિદ્ધ ચિત્રકળાનું કામ જીવનમાં કદી જોયું ન હતું. એમના શબ્દો મનમાં મંત્રની જેમ ચોંટી ગયા અને ખાનાં પાડીને કામ ન જ કરવું એવો સંકલ્પ કર્યો. તે દિવસથી એમની સાધના કઠોર બની, દૃષ્ટિ અને હાથ ગતિમાન બન્યા, નકલ કરવાની લાલચ ગઈ અને જીવંત સૃષ્ટિમાં રસ પડવા લાગ્યો.

એવામાં આર્ય સમાજના એક સ્વામી ભૂમાનંદ જાપાનનો પ્રવાસ કરી આવેલા તે ભાવનગર આવ્યા. તેમના વાર્તાલાપમાં, જાપાનના વિદ્યાર્થીઓ વિષે જાણ્યું કે ત્યાં દરેક વિદ્યાર્થી ખીસામાં નાની નોંધપોથી રાખે છે, ને પોતાના અભ્યાસના વિષય માટે જ્યાંથી જે કાંઈ જાણવાનું મળે તેની નોંધ—અને ચિત્રકાર વિદ્યાર્થીઓ તો જે કાંઈ જુએ તેના સ્કેચ, આકૃતિઓ વગેરે—સતત કરતા જ રહે છે. રવિભાઈએ એ વાત પકડી લીધી. પછીથી તે ખીસામાં અચૂક નોંધપોથી રાખવા લાગ્યા ને તેમની આંગળીઓમાંની એવી જ ટચૂકડી પેન્સિલ વડે, જરા પણ નવરાશ મધ્યે પોતાની ચોમેરની સૃષ્ટિમાં જ્યાં જે કાંઈ નજરે પડે તેના હૂબહૂ સપ્રમાણ સ્કેચ એમાં ઝડપવા લાગ્યા. એવી એક પેટી ભરીને એકઠી થએલી એ સ્કેચબુકોમાંની છૂટીછવાઈ આકૃતિઓ એમની ભવિષ્યની સમૃદ્ધિ બની.

એ પછી એક વાર ભાવનગરમાં ભરાએલા હુન્નરઉદ્યોગ પ્રદર્શનમાં સ્વયંસેવક થએલા રવિભાઇને સ્વાભાવિકરીતે જ કળાખંડમાં દેખરેખ રાખવાનું કામ સોંપાયું. એ ખંડમાં મુંબાઈના વિવિધ ચિત્રકારોનાં નાનાંમોટાં કામો જોઈ ચટપટી લાગી કે એવું કામ પોતાને કેમ ને ક્યારે આવડે; અને શહેરમાં એવું ચિત્રકામ જે કોઈ કરતું હોય તેમનો સમાગમ શોધવા માંડ્યો, ને દિવસે દિવસે વિકાસ વધતો ગયો.

કલાકારો તો ધૂની, વ્યવહારશૂન્ય, ઉલબટાઉ કે ક્વચિત્ શિથિલનીતિ પણ હોય એવો પ્રજામાનસમાં જે સામાન્ય ખ્યાલ હોય છે તેને ખોટો પાડનાર રવિભાઈનું જીવન આદર્શ કલાકારનું ઉદાહરણ છે. તેના મૂળમાં બાળપણથી જ તેમના પર પડેલા સાત્ત્વિક સંસ્કાર છે. એમનાં દાદીમા સ્વામીનારાયણ ભગવાનની પૂજા પાથરી નિયમિત કીર્તનમાળા કરતાં તે એ જોતા. એમના પિતા શ્રીમન્ નથુરામ શર્માના વેદાંતમાર્ગના અનુગામી હતા એટલે તેઓ રોજ સંધ્યા-ઉપાસના અને આસન-પ્રાણાયામ કરતા. નાનપણમાં તેઓ તે સમજતા નહિ, પણ પછીથી માનવા માંડ્યું કે એમની સાધનાથી ઘરને દિવ્ય શક્તિનું રક્ષણ મળે છે. એમનાં માતુશ્રી પણ બપોરે ઘરમાં 'રામાયણ', 'ચંદ્રકાંત', 'ભામિનીભૂષણ' વગેરે વાંચતાં. ચિત્રવર્ગના ભગવાનલાલ માસ્તર મુંબાઈથી પ્રાર્થના-સમાજનો ભજન-મંડળનો પ્રકાર લઈ આવ્યા હતા. તે પોતાના નિવાસ નજીકના ઠાકોરદ્વારમાં ભજન-મંડળની સ્થાપના કરી રોજ ભજન કરાવતા. તેમાં કોઈ સંપ્રદાયનું સ્વરૂપ ન હતું. હેડમાસ્તર જમશેદજી ઊનવાળાના પરિચયમાં પણ તે હોવાથી અને થીઑસૉફીના પરમ ભક્ત ગોપાલજીભાઈ ઠક્કરના તે મિત્ર હોવાથી, ધીમેધીમે એ શિક્ષિતવર્ગ પણ એમના ભજન-



∆ ઈ. ૧૯૦૦માં પંદર વર્ષની વયે પાંચમું ધોરણ પાસ કરી ત્યારે.

મંડળમાં હાજરી આપતો થયો હતો. તેમાં રોજ જવાનું તો અશક્ય હતું, પણ અઠવાડિયે એક વાર ત્યાં જવાનું તો રાખ્યું.

મૅટ્રિકના વર્ગમાં વળી એક વિશિષ્ટ મંડળી જામી હતી, જેમાં રાજા, દીવાન, અગાઉના પ્રોફેસરો ને વિદ્યાર્થીઓની તથા અલકમલકની વાતો થતી, અને સાંજે ફરવા પણ સૌ સાથે જતા. એ ચાતુર્માસમાં સુરતવાળા સતારેકર બૂવાની કીર્તનકથા શરૂ થઈ એટલે મંડળી તેમાં જવા લાગી. કથાના પૂર્વરંગથી માંડી ઉત્તરરંગ સુધીનું સંપૂર્ણ શ્રવણ કરી તેની તથા તેના શ્લોકો, પદો વગેરેની ચર્ચા બીજે દિવસે શાળાના વિરામ સમયે ઊપડતી, ને કોઈ તો શ્લોકો ઉતારી પણ લાવતા. એ કથાઓએ ભારતીય જીવન અને આદર્શોનું રોચક અને રસિક દર્શન કરાવ્યું અને અભિજાત સંસ્કાર પ્રદીપ્ત કર્યા.

એ વૅકેશનમાં એમના ચિત્રવર્ગના એક મિત્ર છગન સોની વડોદરા કલાભવનમાં દાખલ થયા હતા તે આવ્યા. ત્યાંના ક્લાસનું કામ જોઇને



∆ ઈ. ૧૯૦૨માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી ત્યારે.



ભારતીય પ્રણાલિના ચિત્ર માટે ૧૯૧૭માં 'બૉમ્બે આર્ટ સોસાએટી'નો સુવર્ણચંદ્રક પામ્યા ત્યારે હાજીમહમ્મદે હોંશથી એમને વિખ્યાત ફોટોગ્રાફર તારાપોરવાલા પાસે લઈજઈપડાવેલીછબિ.



ઈ. ૧૯૨૦માં અમદાવાદના સંસ્કારજીવનમાં પ્રવેશ કર્યો ત્યારે.

હિંગ થઈ ગયા, ને પોતે પાછળ રહી ગયાનો જીવ બળ્યો. તેણે હિંમત આપી કે એમાં કાંઈ નથી. તારો હાથ તો ઘણો સારો છે, એટલે મેમરી ડ્રૉઇંગ, જ્યૉમેટ્રીના પૅટર્ન વગેરે ચોપડીમાંથી એક વાર જોઇને ફરી બીજી વાર મનથી કરી શકાશે. તારે ડ્રૉઇંગની ફર્સ્ટ ગ્રેઈડની પરીક્ષાની માથાફોડ કરવી નહિ. આ વરસે જ રાજકોટ સેન્ટરમાં સેકન્ડ ગ્રેઈડની પરીક્ષા આપી શકીશ. આથી એ આખી રજા દરમિયાન સેકન્ડ ગ્રેઈડનું ચિત્રકાર્ય તૈયાર કરી નાખ્યું. પણ તેમાં મૅટ્રિકનો અભ્યાસ રહી ગયો.

રાજકોટમાં એમના પિતાશ્રીના ગુરુભાઈ વિશ્વનાથ પાઠક (રામનારાયણભાઈના પિતા)ને ત્યાં ઊતર્યા. તેમના બીજા પુત્ર ગજુભાઈ (ગજાનન) પાઠક તો એમના નાનપણના સાથી હતા અને મૅટ્રિકમાં જ હતા. એમણે પણ ચિત્રનો શૉખ માણેલો હોઈ ડ્રૉઇંગની પરીક્ષાઓ આપી દીધી હતી અને વડોદરા કલાભવનમાં જવાનો વિચાર કરતા હતા. એમની સાથે ઘણીઘણી વાતો થઈ અને રવિભાઈના મનમાં કૉલેજ સિવાય બીજી કોઈ લાઈન લેવાની પ્રેરણા જાગી.

રાજકોટની ડ્રૉઈંગની પરીક્ષા વખતે શરદીના ઝપાટામાં આવી જવાથી ભાવનગર જતાં જ ન્યૂમોનિયા થયો અને તેને કારણે થએલી નિશાળમાંની લાંબી ગેરહાજરીને પરિણામે પ્રીલિમિનરી પરીક્ષામાં નાપાસ થવાને કારણે ફૉર્મ ન મળ્યું; તો બીજી તરફથી ચિત્ર-પરીક્ષામાં પાસ થવાના ખબર મળ્યા, અને ભાવનગર હાઈસ્કૂલમાં આવી પરીક્ષામાં પાસ થનાર પહેલા જ વિદ્યાર્થી તરીકે ચિત્રશિક્ષક ભગવાનલાલભાઇએ હોંશથી રીવ્ઝ કંપનીની મોટી જળ-રંગ પેટી હેડમાસ્તરના હાથે ઈનામ અપાવી. હિંમતપૂર્વક મૅટ્રિકમાં બીજું વર્ષ શરૂ કર્યું અને એ વર્ષના લગ્નગાળામાં એમનું લગ્ન થયું.

લગ્ન થયા પછી થોડા જ સમયે પિતાશ્રીની બદલી નાસિકના પોસ્ટ માસ્તર તરીકે થઈ હતી, એટલે અમદાવાદમાં મૅટ્રિકની પરીક્ષા આપ્યા બાદ પરિણામ આવતાં સુધીના ગાળામાં મુંબાઈ અને નાસિક જઈ આવવાનું ગોઠવ્યું. એ વેળા ગજુભાઈ (ગજાનન) પાઠક મુંબાઈની સર



'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઈ. ૧૯૨૦માં અમદાવાદમાં યોજાએલા છઠ્ઠા અધિવેશનના કાર્યવાહક મંડળમાં : ડાબી બાજુથી બેઠેલા–રામમોહનરાય જસવંતરાય દેસાઈ, ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ; પાછળ ઊભેલા ડાબી બાજુથી–રવિશંકર મ. રાવળ, પ્રીતમરાય વ્રજરાય દેસાઈ અને ગટુલાલ ગોપીલાલ ધ્રુ.






ઈ. ૧૯૨૭માં ઔંધ-નરેશ બાલાસાહેબ ભવાનરાવ પંતના નિમંત્રણથી એક માસ અજંતા-યાત્રા કરી ત્યાંનાં ભીંત-ચિત્રોની નકલો તૈયાર કરી એ સમયમાં.

◁ અમદાવાદમા રાયપુરવાળા ઘરમાં 'કુમાર'ની સ્થાપના થઈ ત્યારે ડાબી બાજુથી—દેશળજી પરમાર, રવિશંકર રાવળ અને બચુભાઈ રાવત.

જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં આર્કિટેક્ચર (સ્થાપત્ય)નો અભ્યાસ કરતા હતા તેમનો ત્યાં ભેટો કર્યો, અને એ કળાશાળાના ચિત્રવિભાગો, ગ્રીક શિલ્પોની અસલ માપની મોટી પ્લાસ્ટર-કૃતિઓ, પાત્રને સામે બેસાડીને કરાતી તસવીરો વગેરેથી એટલા પ્રભાવિત થયા કે મૅટ્રિક થયા બાદ પિતાના આગ્રહથી કૉલેજ જવાનું ઠર્યું હતું છતાં મનમાં જુદી જ મહત્ત્વાકાંક્ષા પ્રકટી, અને કોઈક દિવસ એ કળાશાળામાં જઇને ચિત્રકામ શીખવાનો પ્રબળ મનસૂબો જાગ્યો.

એવામાં કલાજીવનની આંતરિક ભાવનાને ઉત્તેજિત કરતો અને જીવનમાં મોટો પલટો લાવનાર પ્રસંગ બન્યો. ત્યારે મૅટ્રિક પાસ થઇને એ ભાવનગરની શામળદાસ કૉલેજમાં પહેલા વર્ષમાં હતા. એ જ વર્ષે કૉલેજને ૨૫ વર્ષ પૂરાં થતાં હોઈ તેની રજતજયંતી ઊજવાતી હતી. એ પ્રસંગે એમણે ચીતરેલા નાટકના પરદા જોઇને પ્રસન્ન થએલા પ્રિન્સિપલ સંજાણાએ હેતથી એમના ખભે હાથ મૂકી કહ્યું: 'Young man, why do you waste your time here? Go to an art-school and study painting.' આ શબ્દોએ મન પર ઘેરી ચોટ કરી. એ વખતે પિતાની બદલી નાસિકથી કરાચી થઇ હતી. તેથી ભાવનગરમાં પિતાને સ્થાને વડીલ જેવા એમના મિત્ર હરગોવિંદભાઈની સલાહ લઇને પિતાને પત્ર લખી નાખ્યો કે 'મેં કૉલેજની ટર્મ છોડી દઇને જૂનમાં મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટમાં ચિત્રકળાનો અભ્યાસ કરવાનો નિરધાર કર્યો છે. મને ગમે તે સુખદુઃખ પડશે તે વેઠી લઈશ. કુટુંબની સ્થિતિ હું સમજું છું. મને માત્ર દસથી પંદર રૂપિયા મળશે એમાં નિભાવી લઈશ. હવે આપ આશીર્વાદ સાથે સંમતિ આપો તેની રાહ જોતો હું ઉપવાસ કરી રહ્યો છું. આપનો સંમતિપત્ર આવશે ત્યારે જ જમીશ.' તેમને એન્જિનીઅર બનાવવા ઇચ્છતા પિતાએ પોતાના અંતઃકરણ વિરુદ્ધ જઈ સંમતિ આપી અને રવિભાઈ, ગજુભાઇને પોતાના નિર્ણયના ખબર લખી દઈ ઈ. ૧૯૧૦ના જૂનમાં મુંબાઈ જવા નીકળ્યા.

રાત્રે કોઈ દેશી વેપારીની પેઢીમાં સૂઈ રહીને, દિવસભર અભ્યાસ માટે કાળી મહેનત કરીને અને ફુરસદની ચોરેલી ક્ષણોમાં નિર્વાહ માટે ટ્યૂશન કરીને યા લોકોનાં ફોટોચિત્રો રંગી આપીને મુંબાઈના અભ્યાસકાળનાં પાંચ વર્ષોની પળેપળ એમણે કલાદેવીની અદૃષ્ટ મૂર્તિની જે અખંડ અને કપરી સાધના કરી તે કોઈ પણ ભાવનાપૂત યુવાનને પ્રેરણા રૂપ બને એવી છે. ટ્રામના પણ પૈસા બચાવવા પડે એવી તંગીમાં પગે ચાલીને મુંબાઈનાં લાંબાં અંતર કાપતાં, અને હાથે કરેલી કાચી-પાકી ભાખરી ને ગોળના ભોજન પર ને બપોરે એક પૈસાનાં બે કેળાંના નાસ્તા પર ગુજારો



ગુજરાતના કલાકારો સાથે ડાબેથી: ચિત્રકાર કનુ દેસાઈ, ફોટો કલાકાર આબિદભાઈ સૈયદ, રવિશંકર રાવળ, ફોટો કલાકાર બલવન્ત ભટ્ટ અને ચિત્રકાર રસિકલાલ પરીખ. ચિત્રકળાની સાથોસાથ ફોટોગ્રાફીના કૌશલને પણ એમણે કલાનું સમકક્ષ સ્થાપિત કર્યું હતું.



જાપાનના પ્રવાસમાં એક દૈનિક પત્રના મુખ્ય તંત્રી ઓકાબીને ગુજરાતની ચિત્રકળા બતાવતા. જમણી બાજુ—શ્રી સહાય ત્યાં જતા હિંદીઓને સહાય રૂપ થનાર એક વગદાર ભારતીય હતા. (ઈ. ૧૯૩૬)



△ ઈ. ૧૯૩૭માં ગુજરાતી સાહિત્ય પરિષદના કરાચી અધિવેશનમાં કલાવિભાગના પ્રમુખ થયા ત્યારે.

▽ ઈ. ૧૯૬૫માં 'પદ્મશ્રી'નું માન પામ્યા એ સમયે ત્યારના વડા પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીને હાથે તે સ્વીકારતા



કરતાં કરતાં એમણે અભ્યાસમાં આર્ટ સ્કૂલમાં સૌથી આકરી શિસ્તવાળા તાસ્કર માસ્તર પાસેથી દસમાંથી નવ માર્ક મેળવવા જેટલી સિદ્ધિએ હાથની તાલીમને પહોંચાડી.

અત્યાર સુધી વાચનમાં માત્ર ભાવના અને પ્રગતિ અર્પતાં પુસ્તકો તથા સામયિકો જ આકર્ષતાં હતાં. ભાવનગરની બાર્ટન લાયબ્રેરીમાંનાં 'ગ્રેઈટ માઈન્ડ્ઝ ઈન આર્ટ' જેવાં મહાન કલાકારોનાં જીવન આલેખતાં પુસ્તકો તથા 'આર્ટ જર્નલ'ની ફાઇલો અને મુંબાઈમાં પેઈન્ટર બચુભાઈ મૂલાણીના સ્ટૂડિયોમાં, ઇંગ્લૅન્ડની રૉયલ ઍકેડેમીનાં વાર્ષિક પ્રદર્શનોનાં કૅટલગોમાં પ્રકટ થતી ત્યાંની વર્ષોવર્ષની સર્વોત્તમ કૃતિઓ એવી પરમ સિદ્ધિએ પહોંચવા પ્રેરતી હતી. એમાં, પીપળવાડીમાં પડોશમાં રહેતા મહાદેવભાઇએ બંગાળની કલાજાગ્રતિની વાત કરીને ત્યાંના પુનરુત્થાનકાળના ફલસ્વરૂપ કલાકૃતિઓ ને વિવરણ લેખો ધરાવતા 'મૉડર્ન રિવ્યૂ'ની ફાઇલો એમને બતાવી ને એ રીતે 'ભારતીય ચિત્રકાર' થવાની પ્રેરણા જન્મી.

નવો જીવનમંત્ર પામેલી એમની પ્રજ્ઞાને આથી પહેલો સાચો માર્ગ લાધ્યો. દેશનો ખરો કલા-પ્રાણ પાશ્ચાત્ય વિચારશૈલીનાં ઉછીનાં અનુકરણોમાંથી ન પ્રકટે એની એમને પ્રતીતિ થઈ. એટલે એમણે સાહિત્ય, ઇતિહાસ અને જનપદમાં વહેતી આવતી સાંસ્કૃતિક પરંપરાના તાર સાંધીને લોકહૃદયનો ધડકાર પકડવા માંડ્યો. એમની ફૂટતી આવતી પ્રતિભાનાં કિરણો તેજસ્વી થવા માંડ્યાં. એની પ્રથમ અભિવ્યક્તિ સૂરતમાં ઈ. ૧૯૧૫માં સાહિત્ય પરિષદ સાથે ભરાએલા કલા-પ્રદર્શનમાં થઈ. એનો સુવર્ણચન્દ્રક પામેલું 'ગુર્જર સુંદરી'નું એમનું એ ચિત્ર ગુજરાતીતાનું લાક્ષણિક પ્રતિનિધિત્વ ધરાવતું હતું; અને 'ગરવી ગુજરાત' નામની એક નાનકડી તકતીમાં એમણે વેરેલા ગુજરાતનાં નાનાવિધ જનપાત્રોના વૈવિધ્યે તો જાણે આખું ગુજરાત નજર આગળ રમતું કરી દીધું હતું. એ જોઈ દિન-રાત ગુજરાતના પુનર્વિધાનનું ચિંતન કરતા, ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક, અને ત્યારની યુવા પેઢીમાં ગુજરાતી અસ્મિતાનો તણખો મૂકનાર રણજિતરામ જેવા પણ હરખાયા કે ગુજરાતના કલા-સૂના અંધકારમય આકાશને પ્રકાશિત કરનાર અરુણનો ઉદય થયો.

સૂરતના પ્રદર્શનમાં એમની કળા જોઇને રણજિતરામે એમને, ત્યારે મુંબાઈમાં 'વીસમી સદી' માસિકની તૈયારી કરતા હાજીમહમ્મદ અલારખિયા શિવજી નામના શ્રીમંત ને સરસ્વતી-સેવક તથા કલાપૂજક ખોજા ગૃહસ્થના સંપર્કમાં મૂક્યા. એ ગુણજ્ઞ કલાપારખુએ રવિભાઈની શક્તિઓ પ્રીછી અને પોતાના નવા માસિકમાં તેને પાંગરવાનું ક્ષેત્ર આપ્યું, અને 'વીસમી સદી'ના પહેલા જ અંકથી એમનાં ચિત્રોમાંનું ભૂમિજાત તત્ત્વ વાચકોનાં હૃદયને સ્પર્શવા લાગ્યું. આજ સુધી પશ્ચિમી ચિત્રોની છાપો તથા પોસ્ટકાર્ડો, રવિવર્માનાં ચિત્રો અને સુવર્ણમાળામાં દક્ષિણી પોશાકનાં ચિત્રો જોનાર ગુજરાતી જનતાની આંખ સમક્ષ એક નવી જ અને પોતીકી સૃષ્ટિએ દેખા દીધી. દેશજ વ્યક્તિ અને વાતાવરણના હાર્દમાં પેસીને કરેલા અભ્યાસ અને ઉપાસનાનું એ ફળ હતું.

એક બાજુ હાજીમહમ્મદના ઉત્તેજનથી 'વીસમી સદી'ની આ નવી દિશા ઊઘડી, તો બીજી બાજુ અભ્યાસની પૂર્ણાહુતિ પણ એવી જ તેજોજ્જ્વલ નીવડી. કલાશાળાના પ્રિન્સિપલ સેસિલ એલ. બર્ન્સે એમની શક્તિની કરેલી પ્રશંસાએ અભ્યાસમાં અનેરો રંગ પૂર્યો ને ૧૯૧૬ની છેલ્લી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઇને શાળાનો સર્વોચ્ચ સુવર્ણચન્દ્રક 'મેયો મેડલ' મેળવ્યો. એ મેળવનાર એ પ્રથમ ગુજરાતી હતા.

બીજે વર્ષે વળી એક નવો જ ચમત્કાર સર્જાયો. બૉમ્બે આર્ટ સોસાએટી નામની સંસ્થા તરફથી વર્ષોવર્ષ ભરાતા કલા-પ્રદર્શનમાં આખા ઇલાકાના કલાકારો ભાગ લેતા, અને મુંબાઈના ગવર્નર સાથે શ્રેષ્ઠ કલાવિવેચકો તથા સંસ્કારી ઉચ્ચ વર્ગમાંથી તેનું પરીક્ષકમંડળ રચાતું. ઈ. ૧૯૧૭ના એ કલા-પ્રદર્શનનો સુવર્ણચન્દ્રક, ચાલુ પશ્ચિમી પરંપરાથી તદ્દન

નિરાળી શૈલીએ, આછા રંગ અને રમતી રેખાઓ વડે ભારતીય ઢબે આલેખાએલા, રવિભાઈના નવતર ચિત્ર 'બિલ્વમંગળ'ને મળ્યો. એ જોઇને ત્યાંના ચીલાચાલુ કલાકારોમાં ખળભળાટ મચી ગયો. પરીક્ષક સમિતિએ આજ પહેલી જ વખત શુદ્ધ ભારતીય ભાવ ને શૈલી વ્યક્ત કરતા ચિત્રને પોતાના ઉત્કૃષ્ટ પદકથી નવાજ્યું હતું. કળાના અભ્યાસની સિદ્ધિ રૂપ રાળા-સુવર્ણચન્દ્રક પછી દેશજ સંસ્કારપરંપરાની પ્રેરણાથી પ્લાવિત થઇને નવસર્જનની દિશામાં આ ચિત્રથી શરૂ કરેલી કારકિર્દીનો આદર કરતા આ સુવર્ણપદકે એમના જીવનનો અગત્યનો સીમાસ્તંભ રોપ્યો. હવે એમણે સ્વતંત્ર ચિત્રકારતરીકે જીવવાનો નિરધાર કરી લીધો ને કુટુંબને મુંબાઈ બાલાવીસાન્ટાક્રૂઝમાં વાસ કર્યો.


ઈ.૧૯૧૮માં જૂનાગઢ કૉલેજના નિવૃત્ત થતા પ્રિન્સિપલ સ્કૉટની પૂરા માનવ-કદની તૈલરંગી તસવીર કરવાનું કામ એમને સોંપાયું અને તે માટે એ સમયમાં અસાધારણ ગણાય એવા રૂ. ૧૨૦૦ના પારિશ્રમિક તથા પ્રિન્સિપલની



*

સ્વ. રવિભાઈના જીવનમાં સીમાચિહ્ન આંકી ગએલાં બે ચિત્રો ▷ ઉપર-પશ્ચિમ ભારતની આધુનિક ચિત્રકળાના ઇતિહાસમાં પહેલી જ વાર ભારતીય ઢબે આલેખાએલા એમના જે ચિત્રને ઈ. ૧૯૧૭માં બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચન્દ્રક મળ્યો તે 'બિલ્વમંગળ'. નીચે-ઈ. ૧૯૨૨માં અમદાવાદના સર્કિટ હાઉસમાં ચાલેલા ગાંધીજી ઉપરના ઐતિહાસિક મુકદ્દમા વખતે એમણે સ્થળ પર હાજર રહીને કરેલા સ્કેચ પરથી તૈયાર થએલું ચિત્ર જે આજે ત્યાંની ભીંત ઉપર છે.





ગુજરાતમાં લલિતકળાનાં ઉત્તેજન અને વિકાસમાં અમૂલ્ય સેવા તથા નોંધપાત્ર ફાળો આપવા બદલ ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીએ ઈ. ૧૯૬૫માં એમનું બહુમાન કર્યું ત્યારે.

પ્રસન્નતાનું પ્રમાણપત્ર મળ્યું. એ તસવીર કરવા માટેના જૂનાગઢના ફેરા દરમિયાન ગોંડળના ઊગતા ચિત્રકાર રવિશંકર પંડિતના આગ્રહથી રવિભાઈ એક વાર એમને ત્યાં રોકાયા. ત્યાં એમના મિત્રો બચુભાઈ રાવત, દેશળજી પરમાર અને ધૂમકેતુનો મેળાપ થયો, જેમાંથી ભવિષ્યના સમાનશીલ ને ભાવનાવાળા મિત્રો મળ્યા. એ મંડળીમાં બચુભાઈ ત્યાંની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતાં કરતાં, ચિત્રકળાની ત્રણે ગ્રેઈડની પરીક્ષાઓ પસાર કરીને હાઈસ્કૂલની તથા કળાશાળાની લાયબ્રેરીઓમાંના સાહિત્ય અને કળાનાં પુસ્તકોના વાચનથી પરિપુષ્ટ થઇને, ઇંગ્લૅન્ડનાં સચિત્ર સામયિકોની ઢબે એક કલામંડિત હસ્તલિખિત પત્ર 'જ્ઞાનાંજલિ' ચલાવતા હતા. તેના અંકો જોઇને રવિભાઈના મન પર જે છાપ પડી તેમાંથી એમને ભવિષ્યના સાથીની પ્રાપ્તિ થઈ.

પણ મુંબાઈની ભેજવાળી હવા એમને અનુકૂળ ન આવી ને દાક્તરોની સલાહ મુંબાઈ છાડી ગુજરાતની સૂકી હવામાં સ્થાયી થવાની મળી. ગુજરાતમાં જ જો સ્થાયી થવું હોય તો અમદાવાદ જ બધી રીતે યોગ્ય જણાયું. આથી ત્યાંના સાહિત્ય તથા જાહેર જીવનના બે અગ્રણી સજ્જનો શ્રી હીરાલાલ પારેખ અને ડૉ. હરિપ્રસાદ દેસાઇનો મુંબાઈના મિત્રો દ્વારા સંપર્ક સાધીને એમણે ઈ. ૧૯૧૯ના એપ્રિલમાં અમદાવાદના મધ્યવર્તી વિસ્તાર ખાડિયામાં વસવાટ શરૂ કર્યો.

અમદાવાદ આવ્યાના એક જ વર્ષમાં એમની પીંછી જેટલી જ એમની કલમની પણ અભિવ્યક્તિની શક્તિ તથા કલા-સંસ્કારના ક્ષેત્રમાં એમની સૂઝ-સમજ જોઇને ઉપર કથિત ત્યાંના બંને મિત્રોએ એમને શહેરની સાહિત્ય સભા, વર્નાક્યુલર સોસાઍટી વગેરે સંસ્થાઓમાં મોખરાનું કાર્ય કરતા કરી દીધા, અને ત્યાં બીજે જ વર્ષે, ઈ. ૧૯૨૦માં ભરાએલા ગુજરાત સાહિત્ય પરિષદના છઠ્ઠા અધિવેશનના સંલગ્ન કલા પ્રદર્શનના આયોજનનું કામ એમને સોંપ્યું, જે એમણે સફળતાપૂર્વક પાર પાડયું. એ પ્રદર્શન માત્ર ચિત્રકળાનું જ ન હતું, પરંતુ સાહિત્ય, ચારુ-કારુ કળાઓ આદિ જ્યાં જ્યાં ગુજરાતની સંસ્કાર-લક્ષ્મી વ્યાપી હતી તે સર્વ-ક્ષેત્ર-સ્પર્શી 'ગુજરાત પ્રદર્શન' હતું, જેને ત્યારના ભારતીય કલાના પ્રમુખ પુરસ્કર્તા શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીએ ખુલ્લું મૂકયું હતું.

એ દિવસોમાં બચુભાઈ રાવત ગોંડળ છાડીને અમદાવાદમાં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં કામ કરતા હતા. બીજી બાજુ આર્થિક ચિંતાઓ અને માંદગીથી ઘેરાએલા હાજીમહમ્મદને કોઈ વિશ્વાસુ અને સંપાદનકાર્યમાં દૃષ્ટિવાળા મદદનીશની જરૂર હતી. રવિભાઈએ બંનેની મુલાકાત યોજી અને ઈ. ૧૯૨૧ની શરૂઆતમાં બચુભાઈએ સસ્તું સાહિત્ય છાડી મુંબાઈ હાજીમહમ્મદ પાસે જવું એવું ઠરાવ્યું. બચુભાઈએ સસ્તા સાહિત્યમાંથી રાજીનામું આપ્યું તેના થોડા જ દિવસોમાં હાજી મહમ્મદનું અવસાન થયું અને 'વીસમી સદી' બંધ પડયું. પરિણામે રવિભાઇએ શેઠ અંબાલાલ સારાભાઈનાં બાળકોનાં શિક્ષણ માટેની એમની ગૃહશાળામાં કળાશિક્ષક તરીકેની નોકરી સ્વીકારી લીધી, ને બીજી બાજુ પોતાની કારકિર્દીની શરૂઆતમાં આંગળી પકડનાર એ સ્વર્ગસ્થ મિત્રનું તર્પણ કરવા 'હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ' પ્રકટ કરવાનું ઠરાવી, પોતાના ભોગ ઉપર 'સસ્તું સાહિત્ય'માંથી રાજીનામું આપી દેનાર બચુભાઈને તેમાં યોજી લીધા; અને ઈ. ૧૯૨૨માં એ ગ્રંથ પ્રગટ થયે બચુભાઈને ગાંધીજીના જેલવાસ દરમ્યાન નવા શરૂ થતા નવજીવન પ્રકાશન મંદિરમાં સ્થાન અપાવ્યું.

પરંતુ સ્વતંત્ર કલાકારકિર્દી ઘડવાના રવિભાઈના માનસને નોકરીનું બંધન ફાવ્યું નહિ; એટલે બીજે જ વર્ષે એમણે અંબાલાલ શેઠની નોકરી છાડી દીધી, ખાડિયાનું નાનું ઘર બદલીને રાયપુરમાં મોટું સોઈવાળું મકાન ભાડે રાખ્યું અને કાંડાના બળે કલાકારની કારકિર્દી ફરી શરૂ કરી, જેમાં ઉત્તરોત્તર સફળતા મળતી ગઈ. આ દરમિયાન 'વીસમી સદી'ના બંધ પડવાને કારણે ગુજરાતમાં કલાસંસ્કારના ક્ષેત્રે જાણે ખાલીપો લાગતો હતો. આ પડકાર ઝીલી લેવા કલકત્તામાં રહ્યે રહ્યે ચાંપશીભાઈ ઉદેશીએ 'નવચેતન' માસિક શરૂ કર્યું હતું, પણ લલિતકળાના ક્ષેત્ર પ્રતિ એમની દૃષ્ટિ નહોતી—બલ્કે રાષ્ટ્રઘડતરના એક માધ્યમ તરીકે એ ક્ષેત્રનો કોઈને ખયાલ ન હતો. એવા એ કાળે રવિભાઈએ હિંમતપૂર્વક બચુભાઈ રાવતને ફરી પોતાના સાથમાં લઈ ઈ. ૧૯૨૪માં ઊગતી પેઢીના ઘડતર માટે કલા-સાહિત્ય-સંસ્કારનું સચિત્ર માસિક 'કુમાર' શરૂ કર્યું. સાથેસાથે ચિત્રકળાના વલણવાળા વિદ્યાર્થીઓ ઘર આંગણે માર્ગદર્શન માટે આવતા થયા હતા એમની સંખ્યા વધતી જતી હતી, એટલે ઈ. ૧૯૨૫માં કુમાર કાર્યાલય માટે જે વિશાળ મકાન ભાડે રાખ્યું તેના મેડા પર પોતાનો સ્ટૂડિયો જમાવી ત્યાં જ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના ચિત્રશિક્ષણ આપવાનું શરૂ કર્યું. બહારગામના વિદ્યાર્થીઓ ત્યાં જ સૂઈ રહેતા. સવારે વહેલા ઊઠી સ્ટૂડિયો વ્યવસ્થિત કરી, નજીકની લૉજમાં જમી લઈ, કોઇકોઇ તો ખર્ચ કાઢવા કુમારકાર્યાલયમાં પરચૂરણ કામ કરી લઈ મોડી રાત સુધી ચિત્રકળાના પાઠ પાકા કરતા અને કુમાર કાર્યાલય દિવસ ને રાત સતત ધમધમતું રહેતું. કનુ દેસાઈ અને રસિકલાલ પરીખથી માંડીને જે ફૂડીબંધ કલાકારો એ ગુરુકુલમાંથી નીપજ્યા તેમણે ગુજરાતમાં કળાની વાડી વિસ્તારવાના રવિભાઈના સ્વપ્નને જે સાકાર કર્યું એ તો જાહેર પ્રતીતિની વાત છે.

ગાંધીજીની રાષ્ટ્ર-મુક્તિની લડતથી પ્રેરિત એ કાળ સર્વક્ષેત્રીય સમુત્ક્રાન્તિનો હતો. એમણે સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં જેમ રાષ્ટ્રીય શિક્ષણના પ્રયોગો થતા હતા તેમ જુદાંજુદાં સંસ્કારક્ષેત્રોમાં પણ પુનરુત્થાનના પ્રયોગો થતા હતા. ઝવેરચંદ મેઘાણી 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક સંભાળવાની સાથેસાથ લોકસાહિત્યનાં પુરાણાં પડ ઉખેળતા હતા,



કલાનું ગુરુકુલ : ગુજરાત કલાસંઘ-ઈ. ૧૯૨૩માં ઘરઆંગણે આવતા છૂટાછવાયા વિદ્યાર્થીઓમાંથી વધીને ઈ. ૧૯૨૫માં કુમાર કાર્યાલયના મકાનમાં કલાનું જે નિઃશુલ્ક ગુરુકુલ શરૂ થયું તે એક દાયકા પછી એલિસબ્રિજમાં એમના આવાસની નજીકના મકાનમાં 'ગુજરાત કલાસંઘ' રૂપે વિકસ્યા બાદ ઈ. ૧૯૩૫ની વિજયા દશમીએ તેના બીજા સ્થાપના દિને લેવાએલી તસવીર-જેમાં આજના જાણીતા કલાકારોના ચહેરા જોવા મળશે; અને નીચે એ જ કલાસંઘ ઈ. ૧૯૪૧માં જે રૂપે ફાલ્યો તે.



ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના સાથમાં ગિજુભાઈએ બાળકેળવણીનો નવો જ દિશાદોર સાંધ્યો હતો. કનૈયાલાલ મુનશી મુંબઈમાં 'સાહિત્ય સંસદ' સ્થાપી વિજયરાયના તંત્રીપણા નીચે 'ગુજરાત' માસિક ચલાવતા હતા, રમણલાલ વસંતલાલ દેસાઈની કલમ સામાજિક નવલકથાઓ દ્વારા ગુજરાતના સંસારજીવનને ઓપ આપતી હતી, વિશ્વનાથ મગનલાલ ભટ્ટે પશ્ચિમને પગલે નીડર વિવેચનની કેડી પાડી હતી, રામનારાયણ પાઠકે સાહિત્યના સર્જન અને વિવેચનના ક્ષેત્રમાં 'પ્રસ્થાન' માસિક દ્વારા અમોલ અર્પણ શરૂ કર્યું હતું તો વિજયરાયે 'ગુજરાત' છોડીને 'કૌમુદી' ત્રૈમાસિક દ્વારા તંદુરસ્ત અને નવા વિવેચનની દિશા ઉઘાડી હતી અને કવિતાની ક્ષિતિજ ઉપર સુન્દરમ્ અને ઉમાશંકરના તેજસ્વી તારકો ઝળકતા થયા હતા. આ બધા પ્રયત્નોથી પુલકિત થએલા હીરાલાલ પારેખે પોતાના સ્વર્ગસ્થ મિત્ર રણજિતરામના સ્વપ્નને આકાર લેતું થએલું જોઈ, એ કરનારાઓનો પુરસ્કાર કરવાને નિમિત્તે, ગુજરાતની એ સંસ્કારયાત્રાના સીમાસ્તંભો આંકવાના ઉદ્દેશથી ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતા અને ઉત્થાન માટે આજીવન મથનાર પોતાના સ્વર્ગસ્થ મિત્રના સ્મરણાર્થે રણજિતરામ સુવર્ણચન્દ્રકનું પોતાને ખર્ચે આયોજન કર્યું, અને ઈ. ૧૯૨૮થી શરૂ કરીને વર્ષોવર્ષ ઝવેરચંદ મેઘાણીને લોકસાહિત્ય માટે, ગિજુભાઈ બધેકાને બાલશિક્ષણ માટે, અને એ પછી ૧૯૩૦માં રવિભાઈને કલાઉત્થાન માટે એ ચન્દ્રકથી નવાજ્યા. એ પછીથી અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ એ ચન્દ્રકની જવાબદારી પોતાને શિરે લઈ લીધી.

આમ રવિભાઈની કલાપ્રવૃત્તિ પ્રફુલ્લતી જતી હતી એ જ ગાળામાં એમને એક વિરલ કલાપ્રવાસની તક મળી. ભારતીય ચિત્રકળાના ઇતિહાસનો પહેલો અંકોડો જ્યાંથી મળે છે એ, દુનિયાભરમાં આ દેશની કલાપરંપરાનો ડંકો વગાડનાર અજંતાની બૌદ્ધ ગુફાઓની ભીંતો અને છતો પરની મબલખ ચિત્રસૃષ્ટિનો અભ્યાસ કરવાની એ તક હતી. એ ગુફાઓ શોધાયા પછી તેનો અભ્યાસ અને નકલો કરવાના બે પ્રયત્નો આ અગાઉ થયા હતા. પહેલો પ્રયત્ન ગઈ સદીની આખરમાં મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિપલ ગ્રિફિથ્સે પોતાની કળાશાળાના વિદ્યાર્થીઓના સાથમાં કર્યો હતો, ને બીજો ઇંગ્લૅન્ડની કલાચાહક શ્રીમંત સન્નારી લેડી હૅરિંગહામે આ સદીની શરૂમાં બંગાળના અવનીન્દ્રનાથ ઠાકુર પાસે ત્યારે કલાઅભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નંદલાલ બસુ, અસીતકુમાર હલદર આદિ દ્વારા કર્યો હતો. હવે એવા જ ત્રીજા પ્રયત્નનું આયોજન ઔંધના રાજાસાહેબ ભવાનરાવ પંત પ્રતિનિધિ (આપણા આજના વિખ્યાત રાજદૂત આપ્પાસાહેબ પંતના પિતા)ના આશ્રયે થયું. મુંબઈ-મહારાષ્ટ્રના મરાઠી ચિત્રકારો સાથે ગુજરાતમાંથી રવિભાઈને તેમાં જોડાવાનું નિમંત્રણ મળ્યું એ એમના જીવનનો એક ધન્ય પ્રસંગ બની રહ્યો. ત્યાંના એક માસના વસવાટ દરમ્યાન એમણે એ પ્રગલ્ભ-પુનિત કલાસરવાણીમાંથી પ્રેરણાનું આકંઠ પાન કર્યું ને એક નવી જ દૃષ્ટિ લઈને—જાણે દ્વિજ બનીને આવ્યા. અહીં એક નાની પણ મહત્ત્વની વાત ઉમેરવા જેવી છે, કે ત્યાંની કામગીરીને અંતે જ્યારે બધા ચિત્રકારોની નકલો ત્યાંના વર્ષોના અભ્યાસી ક્યુરેટર સૈયદ અહમદ આગળ પરીક્ષણ માટે પાથરવામાં આવી ત્યારે એણે રવિભાઈની અનુકૃતિને અજંતાની શૈલીનો આત્મા પકડીને કરેલી સૌથી શ્રેષ્ઠ અનુકૃતિ તરીકે તારવી આપેલી.



△ ઉત્તરાવસ્થાએ પત્ની રમાબહેન સાથે

એ જ ગાળામાં શહેરોની ગીચતા દૂર કરવા બહાર ખુલ્લા વાતાવરણમાં મધ્યમ વર્ગ માટે સહકારી યોજનાએ નિવાસો બાંધવાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. તેમાં જોડાઈ રવિભાઈએ એલિસબ્રિજ વિસ્તારમાં 'ચિત્રકૂટ' નામનું પોતાનું નિવાસસ્થાન રચી ૧૯૩૩માં ત્યાં વાસ શરૂ કર્યો, અને બીજે જ વર્ષે—૧૯૩૪માં પડોશના જ એક મોટા મકાનનો નીચલો વિસ્તાર ભાડે રાખી, કળાના ગુરુકુળને ત્યાં ફેરવી તેને 'ગુજરાત કલાસંઘ' રૂપે સ્થાપ્યું. ઈ. ૧૯૨૪માં શરૂ થઈ દસકો વીતાવી અહીં આવેલું એ ગુરુકુળ, ૧૯૪૮ થી તે ધીમેધીમે વિલીન થતું ગયું ત્યાં સુધીનો બીજો દોઢ દાયકો જે રીતે ફૂલ્યુંફાલ્યું એ કેવળ રવિભાઈના જ નહિ સમસ્ત ગુજરાતના સાંસ્કૃતિક જીવનનું એક ઉજ્જ્વલ પ્રકરણ છે. પ્રાચીન કાળનાં ગુરુકુળોમાં ગુરુની અને તેમના પરિવારની સેવા કરવાની પણ રહેતી. અહીં તો તેનો પણ અંશ ન હતો. કેવળ કલાપ્રીત્યર્થે નિઃશુલ્ક ચલાવેલા એ યજ્ઞકાર્યનો જોટો ભારતમાં વિરલ છે.

જાપાન જેવા ટચૂકડા દેશે પોતાની સાર્વત્રિક ઉન્નતિ કરીને રશિયા જેવા મહાકાય દેશને યુદ્ધમાં જે ભૂંડી રીતે હરાવ્યો હતો તેની—એ પ્રજાના પુરુષાર્થની ગાથા નાનપણથી સાંભળતા આવેલા રવિભાઈના મનમાં તેને માટે આદરનું બીજ રોપાયું હતું, અને કિશોરકાળે સ્વામી ભૂમાનંદ જેવાના વાર્તાલાપોથી એ પોષાતું ગયું હતું. એટલે ઈ. ૧૯૩૬માં દક્ષિણામૂર્તિ ભવન માટે નાનાભાઈ (નૃસિંહપ્રસાદ) ભટ્ટે ત્યાં જઈને માતબર થએલા ગુજરાતી વેપારીઓ પાસેથી ફાળો ઉઘરાવવા જવાનું આયોજન કર્યું ત્યારે રવિભાઈ ભાવનગરના પોતાના એ મુરબ્બી મિત્ર સાથે જોડાઈ ગયા અને ત્યાંના કલાજીવનની સાથોસાથ પ્રજાજીવનનો જીવંત સંપર્ક સાધી મૂલ્યવાન ભાથું બાંધી લાવ્યા.

'કુમાર'ની સ્થાપના થયે એક તપ (બાર વર્ષ) વીતી ગયું હતું. એ દરમિયાનની એમની કલાપ્રવૃત્તિએ પ્રૌઢી પકડી લીધી હતી. 'કુમાર'માંના કલાવિષયક લેખો અને અજંતાની કલાયાત્રાના ફલસ્વરૂપ 'અજંતાના કલામંડપો'નું પ્રકાશન એમની કલમ અને પીંછીની કીર્તિદા બન્યાં હતાં. એ પરિપક્વ કાળે, ઈ. ૧૯૩૭માં કરાચીમાં શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે ભરાએલા સાહિત્ય પરિષદના અધિવેશનના કલાવિભાગના પ્રમુખ તરીકે એમની વરણી થઈ. એમનું એ વખતનું અધ્યક્ષ તરીકેનું વ્યાખ્યાન સ્મરણીય છે.

ભારતની સાંસ્કૃતિક પરંપરાથી આકર્ષાઈ જે કેટલાક મહાનુભાવ અંગ્રેજોએ આ દેશને પોતાનું વતન બનાવી તેમાં જ સમાઈ જવામાં ગૌરવ અનુભવ્યું હતું તેમાં થીઑસૉફી સંપ્રદાયનાં અગ્રણી (અને પાછળથી ભારતના રાજકારણમાં આગળપડતો ભાગ લઈ, ગાંધીજીના આગમન પહેલાં હોમરૂલની ચળવળ શરૂ કરનાર) શ્રીમતી ઍની બિસન્ટ તથા એ જ સંપ્રદાયના એમના શિષ્ય-સાથી જેવા જેઈમ્સ કઝિન્સનાં નામ મોખરાનાં ગણાય. એમાં શ્રી કઝિન્સ ભારતીય કલા-સંસ્કારની પ્રવૃત્તિમાં વિશેષ રસ ધરાવતા. એમણે રવિભાઈની કલા અને કલાહેતુને સન્માન્યાં હતાં અને જ્યારે જ્યારે અમદાવાદ આવવાનું થાય ત્યારે તે



કુટુંબ-મંડળ: નીચલી હાર ડાબી બાજુથી—રવિભાઈના પિત્રાઈ ભાઈ દીનાનાથની પુત્રી સ્વ. મીનાક્ષીબહેન; સૌથી નાનો પુત્ર કનક (જે હાલ અમેરિકાવાસી છે); ખોળામાં વચેટ પુત્ર ગજેન્દ્રનો સ્વ. પુત્ર વિક્રમ; મોટા પુત્ર નરેન્દ્રનો પુત્ર મહેન્દ્ર (જે બંને પિતાપુત્ર અમેરિકાવાસી છે); અને લઘુબંધુ પ્રાણશંકરના પુત્ર જનાર્દન (જે. પી. રાવળ) જે હાલ ગુજરાત રાજ્યના સર્વોચ્ચ કક્ષાના એક અમલદાર છે. વચલી હાર: ડાબી બાજુથી—બહેન નર્મદાબહેન (ભાવનગરનાં જાણીતાં બાળકેળવણીકાર અને સામાજિક કાર્યકર); રવિશંકર રાવળ; પત્ની રમાબહેન. પાછળ: ડાબી બાજુથી—વચેટ પુત્ર ગજેન્દ્ર; તેમનાં પત્ની પ્રભાબહેન; મોટા પુત્રનાં પત્ની સવિતાબહેન અને મોટા પુત્ર નરેન્દ્ર.

રવિભાઈની મુલાકાત લેવાનું ચૂકતા નહિ; અને રવિભાઈ પણ એમનાં કલા ઉપરનાં વ્યાખ્યાનો યોજવાની અચૂક તક લેતા. એમણે જ ભારતમાં આવી વસેલા રશિયાના વયોવૃદ્ધ, પીઢ અને પ્રભાવી, તથા ઋષિ જેવા કલાકાર નિકોલસ રૅરિક સાથે રવિભાઈની મૈત્રી સાધી આપી હતી, જેને પરિણામે શ્રી રૅરિકે એમને ઈ. ૧૯૪૦માં હિમાલયની કુલુખીણમાં આવેલા પોતાના નિવાસસ્થાને માનભેર નિમંત્ર્યા હતા.

આ બધાં વર્ષો દરમિયાન—અંબાલાલ શેઠની નોકરી છોડી દીધા પછી તરત જ—રવિભાઈને અમદાવાદના એક અગ્રણી, ગર્ભશ્રીમંત સંસ્કારસંપન્ન શ્રેષ્ઠી સર ચિનુભાઈના કુટુંબ સાથે ગાઢ સંબંધ બંધાયો હતો, અને એમનાં કુટુંબીજનો તથા બાળકો એમની પાસેથી કલાનાં શિક્ષણ અને સંસ્કાર મેળવતાં રહ્યાં હતાં. એ સર ચિનુભાઈના કુટુંબ સાથે દર ઉનાળે ભારતનાં મુખ્ય મુખ્ય હવા ખાવાનાં સ્થળોની સફરો વખતે તે તે પ્રદેશના નામી કલાકારોની ને વિદ્વાનોની મુલાકાતો લેવાનો યોગ એમને સાંપડચો હતો. એવો જ, પણ જરા વિસ્તૃત પાયા ઉપરનો યોગ ઈ. ૧૯૪૧માં એમણે સાધ્યો. એ વર્ષે, બંગાળમાં શાન્તિનિકેતનમાં કલાકાર નંદલાલ વસુના હાથ નીચે તાલીમ લેતા ગુજરાતી વિદ્યાર્થીઓએ એમની ત્યાંની મુલાકાતનું આયોજન કર્યું. એનો લાભ લઈ એમણે એ પ્રવાસના અનુસંધાનમાં પૂર્વ તથા ઉત્તર ભારતનાં કલાસંસ્કારનાં ધામો, કલાના પુરસ્કર્તાઓ, કલાકારો વગેરેની મુલાકાત લીધી જેનું રસમય નિરૂપણ એમણે પોતાના 'કલાકારની સંસ્કારયાત્રા' પુસ્તકમાં વિસ્તારથી કર્યું છે.

તળ ગુજરાતમાં તો એમની પ્રવૃત્તિ અસ્ખલિત ધારાએ વહેતી જ રહેતી હતી. ગુજરાત કલાસંઘ ઉપરાંત એક બીજું મંડળ-ભારત કલામંડળ-જનસમુદાયમાં કલારસ જાગ્રત કરવાના ઉદ્દેશથી એમણે કલાકારો તથા કલાચાહકોનું સ્થાપ્યું હતું અને તેના આશ્રયે પ્રતિવર્ષ નિકોલસ રૅરિક જેવાનાં ભવ્ય પ્રદર્શનો તથા જેઈમ્સ કઝિન્સ, કાર્લ ખંડાલાવાળા, અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, વાસુદેવ શરણ અગ્રવાલ, શ્રીમતી સ્ટેલા ક્રૅમરિશ, ડૉ. નિહારરંજન રાય આદિ જેવા સમર્થ કલાવિવેચકોનાં વ્યાખ્યાનો પણ યોજતા રહેતા હતા. આ દરમિયાન એમનાં પોતાનાં પણ કલા વિષયક લેખનો, તથા રૉટરી ક્લબથી પોલૅન્ડના કૉન્સ્યુલેટ સુધીનાં મંડળો સમક્ષનાં એમનાં અંગ્રેજી-ગુજરાતી વ્યાખ્યાનો થતાં જ રહેતાં. મહાત્મા ગાંધીજીએ જે વર્ષે સાબરમતી આશ્રમમાં વાસ કર્યો તે જ વર્ષે તે અમદાવાદ આવ્યા હોઈ, ત્યારે આશ્રમમાં 'નવજીવન' પત્રોના સંચાલન અર્થે આવી વસેલા એમના પૂર્વ-પરિચિત સ્વામી આનંદ દ્વારા ગાંધીજીના અને એમની સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના સંસ્કારસંપન્ન પ્રાધ્યાપકોના સંપર્કમાં આવ્યા હતા ને 'કુમાર' તથા તેની સંલગ્ન પ્રવૃત્તિઓથી 'રાષ્ટ્રીય કલાકાર' જેવું અભિધાન પામ્યા હતા. 'કુમાર' ઉપરાંત એમની પીંછી બીજાં અનેક ક્ષેત્રોમાં ઘૂમી વળી હતી. પાત્રચિત્રો, છાયાચિત્રો (અફલાતુનની સહીથી) કટાક્ષચિત્રો, ભીંતચિત્રો, આદિ વિવિધ કલાશૈલીઓનાં પ્રથમ મંડાણ ગુજરાતમાં એમણે જ સૌપ્રથમ કર્યાં હતાં. મુનશી જેવા એમના મિત્ર અને પ્રિય લેખકની 'પાત્રસૃષ્ટિ'નાં ચિત્રોની માળા એમનું એક મૂલ્યવાન સર્જન છે, જેમાં વેદકાળથી આજ લગીના ગાળાને આવરી લેવાયો છે. શું ગુજરાત વિદ્યાપીઠ કે શું વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી—એવાં વિદ્યાધામોના કલાના અભ્યાસક્રમોનાં આયોજનમાં એમનો મુખ્ય ફાળો હતો.

પણ આની વચ્ચેનો ગાળો એમને માટે 'કુમાર'ના આર્થિક જોખમો અને વચ્ચે વચ્ચે આવી જતી નાની મોટી માંદગીનો પણ રહેતો આવતો હતો. એવી એક ગંભીર માંદગી ઈ. ૧૯૪૨માં આવી, અને બીજી બાજુ બીજા મહાયુદ્ધને લીધે ચાલતી મોંઘવારીજન્ય આર્થિક ભીંસની મૂંઝવણ પણ ઊભી થઈ. પરિણામે એમણે એ વર્ષને અંતે 'કુમાર' બંધ કરવાનો

નિર્ણય કર્યો. પણ સ્વ. ચૈતન્યપ્રસાદ દીવાનજીની આગેવાની નીચે અન્ય મિત્રો, શુભેચ્છકો તથા એમના સાથી બચુભાઈએ મળીને લિમિટેડ કંપની રચીને એના સંપાદન અને અર્થતંત્રની જવાબદારી લઈ લીધી. ત્યારથી તેઓ 'કુમાર'થી તદ્દન નિવૃત્ત થઈ બાકીનાં પાંત્રીસ વર્ષ લગી પોતાને અનુકૂળ રહે તેટલી પ્રવૃત્તિઓ કરતા રહ્યા. જોકે જીવનના અંત સુધી એક યા બીજા પ્રકારે સતત કલાપ્રચારમાં જ રત રહ્યા.

ઈ. ૧૯૫૨માં રશિયાની આગેવાની નીચે વીએનામાં યોજાએલી સામ્યવાદી દેશોની 'શાંતિ પરિષદ'ના આમંત્રણથી આકર્ષાઈને સ્વ. રમણલાલ દેસાઈ જેવાની સાથે રવિભાઈએ પણ વીએના અને તેના અનુસંધાનમાં રશિયાના મૉસ્કો, લેનિનગ્રાડ આદિ શહેરોનો પ્રવાસ કર્યો, જે દરમિયાન ત્યાંના કલાસંઘો અને શાળાઓના નિરીક્ષણદ્વારા ત્યાં જીવનનાં સર્વ ક્ષેત્રોમાં કલાનો શો આદર છે તે અનુભવ્યું. એના ફલસ્વરૂપ એમણે 'દીઠાં મેં નવાં માનવી' પુસ્તક લખ્યું.

ઈ. ૧૯૬૫માં ભારત સરકારે એમની કલાસેવાની કદરમાં એમને પદ્મશ્રીનું બિરુદ આપ્યું. એ જ વર્ષે 'સોવિયેત દેશ'ના નેહરુ પારિતોષિકના રૂ. ૨૫૦૦ના પુરસ્કારની જાહેરાત સાથે એમને બીજી રૂસ-યાત્રાનું નિમંત્રણ મળતાં તેનો લાભ લીધો.

કેન્દ્રની (ભારતીય) લલિત કળા અકાદમીના સ્થાપનાકાળથી સળંગ એક દાયકા સુધી તેની સમિતિના સભ્યપદે તે રહેલા. ઈ. ૧૯૭૦માં એ અકાદમીએ એમને પોતાના 'ફેલો' બનાવી રૂ. ૫૦૦૦, શાલ ને તામ્રપત્રથી પુરસ્કૃત કર્યા. ગુજરાત રાજ્યની લલિત કળા અકાદમીના પણ સ્થાપનાકાળથી તેઓ લાંબા કાળ સુધી તેના ઉપપ્રમુખપદે રહેલા, અને હમણાં થોડા જ સમય પહેલાં એ અકાદમીના ભવનનું ખાતમુહૂર્ત કરવાનું માન અકાદમીએ એમને આપ્યું. એ એમની જાણે અંતિમ કલાસેવા હતી.

એમની હયાતીમાં જ, આજના તામિલનાડુના રાજ્યપાલ શ્રી પ્રભુદાસ પટવારીની આગેવાની નીચે—અને ત્યારના ગુજરાતના રાજ્યપાલ મેહદી નવાઝ જંગના પ્રારંભિક અનુદાનથી—કેટલાક મિત્રોએ રવિભાઈની કલા-પ્રવૃત્તિના સ્મરણમાં 'કલા-રવિ' ટ્રસ્ટની સ્થાપના કરી છે, અને તે દ્વારા પિક્ચર ગૅલેરી, કલા-ગ્રંથાલય, પ્રેક્ષકાલય, કલાકારો તથા મહેમાનો માટે સ્ટૂડિયો–અતિથિગૃહ જેમાં હોય એવા એક ભવનનું આયોજન કર્યું છે. એ માટે ગુજરાત સરકારે વિનામૂલ્યે જમીન પણ ટ્રસ્ટને ભેટ આપી છે. પરંતુ તે અંગે કાયદાની કામગીરી ઊભી થઈ હોવાથી હાલ ટ્રસ્ટ અવારનવાર માત્ર કલા અંગેનાં પ્રકાશનોની પ્રવૃત્તિ કરતું રહે છે. □

૨૬/૪ ('કુમાર' અંક ૬૪૯)

પચ્ચીસ વર્ષ પહેલાં



જાન્યુઆરી ૧૯૫૨ · સળંગ અંક ૩૭

વિખ્યાત વિદ્વાન ઇતિહાસકાર રત્નમણિરાવ ભીમરાવની એ કાળે 'કુમાર'માં ચાલતી લેખમાળા 'ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય'માં આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં અમદાવાદની અદ્‌ભુત કારીગરીનો દુનિયાભરમાં દિગંત ડંકો વગાડનાર કાબેલ કોતરણીથી ભરેલી બેનમૂન જાળીઓ ધરાવતી 'સીદી સયીદની મસ્જિદ' ઉપરનો સચિત્ર લેખ આવેલો તે આજે પણ એટલો જ રસદાયક નીવડશે.

અમદાવાદમાં લાલ દરવાજાના મેદાનને અડીને આવેલી આ મસ્જિદ એનાં કદ ને બાંધણીની દૃષ્ટિએ ખાસ કાંઈ મહત્ત્વની નથી. એની લંબાઈ ૬૮ ફીટ અને પહોળાઈ ૩૬ ફીટ છે. આખું યે મકાન એક સામાન્ય લંબચોરસ જેવું દેખાય છે. અમદાવાદની મસ્જિદોની બાંધણીમાં સોળમી સદીના ચોથા દસકાથી ફેર પડવા માંડયો હતો. અગાઉની પેઠે થાંભલા તથા પાટડાથી હિંદુ મંદિરોના અષ્ટકોણ મંડપ ઉપર ઘુંમટ કરીને અગાસી કરવાને બદલે હવે માત્ર કમાનો ઉપર ચપટા ઘુંમટ કરીને જ અગાશી કરેલી છે. મિનારા સાદા ને અષ્ટકોણ છે; અને તે પણ મસ્જિદના પ્રવેશદ્વારને બે પડખે મૂકવાને બદલે મસ્જિદના છેડા ઉપર કરવાનો રિવાજ ગુજરાત સલ્તનતના પાછલા ભાગમાં વધ્યો હતો. વળી મિનારામાં જવાની સીડીના દ્વાર ઉપર પણ નકસી કરેલી છે ને કંદોરો આખી મસ્જિદની આસપાસ મિનારા સાથે ફરી વળે છે એ નવીનતા છે.

પણ બીજી બધી રીતે સાદી દેખાતી આ મસ્જિદે અમદાવાદની ખ્યાતિ આખી દુનિયામાં વધારી છે. એનું કારણ એમાં જાળીઓની રચના અમદાવાદની બધી મસ્જિદો કરતાં જુદી રીતે કરી છે. તેમ કરવામાં સ્થપતિએ જૂની ચાલી આવતી પ્રણાલિકાને વેગળી મૂકી છે. ઉત્તર-દક્ષિણનાં પડખાંમાં ત્રણ ત્રણ ભાગ પાડી મોટી જાળીઓ કરી છે ને પાછલી પશ્ચિમ તરફની દીવાલમાં એવી પાંચ મોટી જાળીઓ છે, ઉત્તર તરફ આ જાળીઓ ખાલી રહેલી છે, જ્યારે દક્ષિણ તરફ ભૂમિતિની આકૃતિઓ કોતરેલી છે. પશ્ચિમ તરફની ભીંતમાં પાંચમાંથી એક વચલી જાળીની કમાનમાં તો પથ્થર મૂકીને તે બંધ કરી છે. બાકીની ચાર જાળીઓ પૈકી બંને છેડાની બે જાળીઓ પણ ભૂમિતિની નકશીથી જ ભરેલી છે. પણ વચલી બંધ કરેલી કમાનની આસપાસની જે બે જાળીઓ છે તેમાં ઝાડ-પાનની જે અદ્‌ભુત, અપૂર્વ કોતરણી કરી છે તે વર્ણનાતીત છે એ બે જાળીઓ જ આ મસ્જિદના ખરા શ્રેષ્ઠત્વનું આખા યે અમદાવાદ તથા ગુજરાતના સ્થાપત્ય કલાના ગૌરવનું કારણ બનેલી છે. એમાં ખરું મહત્ત્વ તો એ આખી યે કમાનને ભરી દેતી સમસ્ત જાળીની સળંગ રચનાનું છે. જાળીઓની પહોળાઈ ૧૦ થી ૧૧ ફીટ અને ઊંચાઈ ૬½ થી ૭ ફીટ અર્ધગોળ છે. આટલી મોટી જગ્યામાં જુદાજુદા ચોરસ પથ્થર ગોઠવીને તેમાંથી જાળીની જે સળંગ નકશીનો ઉઠાવ કરેલો છે તેમાં કોઈ ઉદ્યાનનું દૃશ્ય હોય એવી કલાત્મક રચના કરી છે.

મિ. હોપે એને વિષે લખ્યું છે કે 'આવી જાળીઓ પૂર્વથી આખી દુનિયામાં બીજે ક્યાંયે નથી.' ફર્ગ્યુસન કહે છે કે 'હિંદુસ્તાનમાં બીજે ક્યાંય-ખુદ દિલ્હી-આગ્રામાં આવી સુંદર જાળીઓ નથી. ગ્રીક અને મધ્યકાલીન સ્થાપત્યના કોઈ પણ કલાના નમૂનાઓ કરતાં આમાં કુદરત વધારે શોભે છે.' રશિયાના માજી ઝારે જ્યારે આ જાળીઓ જોઈ ત્યારે કહેલું કે 'હિંદુસ્તાનનું વનસ્પતિસૌન્દર્ય અહીં જાળીઓમાં કોતર્યું છે. આ જાળીઓ જોઈએ છીએ ત્યારે ધૂળિયા ને ઉજ્જડ અમદાવાદ શહેરમાં ઊભા છીએ એ ભૂલી જઈએ છીએ.' એ ઝાર અહીં આવેલા ત્યારે અમદાવાદની સ્થિતિ એવી જ હતી. (ઈંગ્લેંડનાં હાલનાં રાણી ઇલિઝાબેથ ભારતની યાત્રાએ આવેલાં ત્યારે આ જાળીઓ જોવા ખાસ અમદાવાદ આવેલાં.) બીજા ઘણા યુરોપીય મુસાફરો તથા કલાકારો આ જાળીઓ ઉપર મુગ્ધ થએલા છે. સર જૉન માર્શલ જેવા કડક ટીકાકાર પણ કહે છે કે 'આ જાળીઓની સુંદર કારીગરીથી જ આ મસ્જિદ આખી દુનિયામાં નામાંકિત થઈ છે. ફળ ફૂલ ઝાડ અને વેલાની આ બે જાળીઓ જેવી સુંદર રચના બીજી કોઈ જગ્યાએ જોવામાં આવતી નથી.' ફરગસ્સન કહે છે કે 'એને જોતાં એ શિલ્પ કલાને બદલે જાણે કુદરતી હોય એવી લાગે છે.' કલા-વિવેચક પર્સી બ્રાઉન આ જાળીઓનું વર્ણન જે ખૂબ સુંદર શબ્દોમાં કરે છે એ તો એમના જ શબ્દોમાં જોવા જેવું છે:

In the production of the Sidi Saiyad's Mosqe, however, an artist was forthcoming with exceptions vision, who put a side all conventions, and proceeded to treat these stone tympanums as a finely meshed canvas on which he could freely express in orna-

કંકુ અને આસકા

નવરાત્રીના દિવસો હતા. હવનાષ્ટમીને બીજે દિવસે લોકો ટોળાબંધ માતાજીનાં દર્શને જતા હતા. કરાલ શક્તિના સૌમ્ય મનોહર રૂપ જેવી મૂર્તિ આગળ ઊંચા થડા પર મોટા થાળમાં પ્રસાદીના બે ઢગલા પડયા હતા: એક હતો માતાજીને ધરાવેલા ઊંચા સુગંધી લાલ સુરખ કંકુનો; બીજો હતો આગલા દિવસે થઈ ગએલા હવનની, બળેલા તલ ને ઘીની સોડમ ફોરતી તાજી ભસ્મ—આસકા—નો.

એમાંથી ફાવે તે એકને પોતાની અનામિકા પર ચડાવી લોકો ભક્તિનમ્ર ભાવે પોતાના કપાળે ચાંદલો કરતા હતા. કોઈ ઉપરાઉપર બંનેનો ચાંદલો કરતા હતા: કોઈ વળી કંકુનો ચાંદલો કરી આસકાના પ્રસાદની ચપટી મોંમાં ભભરાવી વિદાય લેતા લેતા.

પણ ભલા એ પ્રસાદનો અર્થ સમજતા હશે? કંકુ અને આસકા: જીવનની જાયા, ધારક અને સંહારક શક્તિના એ પ્રસાદ.


વિશ્વના અણુઅણુમાં વ્યાપી રહેલી એ ચેતના શક્તિના પ્રતીક (એટલે મૂર્તિ)ની સાથે પોતાનામાં રહેલા એ જ શક્તિના અંશનું અનુસંધાન (એટલે વંદના) કરીને, તેના તેજસ્વી આવિષ્કારની અભીપ્સા (એટલે પ્રાર્થના) કર્યા પછી તેના કૃપાપ્રસાદ રૂપ કંકુ કે આસકા લલાટે લગાડયાં, એટલે પોતાનામાં રહેલી એ શક્તિના અંશનો આવિષ્કાર કરવાના સાધન રૂપ બે વસ્તુઓનું સ્મરણ આપણામાં સદા જાગ્રત રહે તે માટેની સંજ્ઞા ધારણ કરવી.

એ બે વસ્તુઓ તે યજ્ઞ અને કલ્યાણભાવના; ત્યાગ અને મંગલ કામના. આસકા કે ભસ્મ એ યજ્ઞનું—ત્યાગનું પ્રતીક છે; કંકુ એ કલ્યાણ અને મંગલની આપણી કામનાનું.

પરિશ્રમ વિના ફલ નથી મળતું; પુરુષાર્થ વિના શ્રેય નથી થતું; યજ્ઞ કર્યા વિના, સમાજના શ્રેય માટે કે લોકસંગ્રહને કાજે ઉદ્યમ કર્યા વિના ખાય છે તે ચોર છે એ ગીતાવચન છે; સ્વાર્થનો—ઐહિક વસ્તુઓનો ત્યાગ કરીને જ ઉચ્ચ ને વ્યાપક કલ્યાણ સાધી શકાવાનું છે, આસક્તિઓને બાળીને જ શ્રેયની સ્થાપના કરી શકશો;—આ છે એ સંજ્ઞાઓનો બોધ.


ભસ્મનો ભૂખરો ને કલ્યાણનો લાલ રંગ જીવનમાં સાથે જ સોહાવવાના છે.

(પચ્ચીસ વર્ષ-પહેલાંના અંકમાંથી)



અમદાવાદની સીદી સયીદની મસ્જિદમાંની કોતરણીવાળી જાળીઓએ આખી દુનિયામાં ગુજરાતની કારીગરીનું નામ રોશન કર્યું છે. બનાવતાં અધૂરી રહેલી એ મસ્જિદમાં મૂકવા ધારેલી અગિયાર જાળીઓ પૈકી માત્ર સાત જ બની શકી છે, જેમાંની પાંચ જાળીઓ તો આ ઉપર આપેલા નમૂના જેવી, જુદીજુદી તકતીઓમાં ભૌમિતિક આકૃતિઓથી ભરેલી છે. પરંતુ બાકીની બે જાળીઓ તો એવી અદ્ભુત બારીક કોતરણી ધરાવે છે કે તેણે અમદાવાદની શિલ્પકલાનો દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે, જે આ લેખમાં આગળ આપી છે. વૃક્ષવિટપોથી ઊભરાતા ઉપવનનાં જાણે બે દશ્ય હોય એવી ખૂબીભરી શોભનગૂંથણી ધરાવતી એ જાળીઓ નાનાં ચોસલાંઓ જોડીને જ બનાવેલી હોવા છતાં સમગ્ર દશ્યની પ્રવાહિતા એમાં સળંગ જળવાઈ રહી છે, એ એની સવિશેષ ખૂબી છે.


mental form what was in his mind. The subjects are treated with such aesthetic sensitiveness and technical skill as to compare favourably with applied art of any other country.



આમ આ મસ્જિદની કલામાં શિલ્પકલાની ઝીણવટ ઉપરાંત રસ ને સૌંદર્યનું ઊંડું તત્ત્વ વ્યક્ત કર્યું છે. સોની, ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ અને સુતાર જાણે એક જ વ્યક્તિના આત્મામાં વસેલા હોય એવું એ જાળીઓને જોતાં દેખાય છે. આ જાળીઓની પહેલી નકલ એક હજાર રૂપિયાને ખર્ચે લાકડામાં થઈ હતી. આજે અમેરિકામાં ન્યૂ યૉર્કમાં ને લંડનમાં સાઉથ કેન્સિંગટન મ્યૂઝિયમમાં એની નકલો છે. ફર્નિચરો તથા બીજાં ઉપસ્કરોનાં શોભનોમાં પણ એની નકલો થઈ છે. આ જાળીઓ અમદાવાદના કારીગરોની કાબેલિયતનો એક ચમત્કાર છે.

આ મસ્જિદની સ્થિતિ પેશ્વાઈ અને અંગ્રેજી સમયમાં વિચિત્ર હતી. એને ધોળાવીને ગંદી કરી હતી. એમાં મામલતદારની કચેરી બેસતી હતી. તે પછી લૉર્ડ કર્ઝને હિંદના પ્રાચીન અવશેષો સાચવવાનો કાયદો કરીને ઇતિહાસ અને સ્થાપત્યના પ્રેમીઓ ઉપર મોટો ઉપકાર કર્યો. એણે કચેરી ફેરવાવીને મસ્જિદને સારી સ્થિતિમાં લાવવા હુકમ કરેલો. આ મસ્જિદમાં બે સુંદર જાળીઓની વચ્ચેની જાળી નથી. એ લૉર્ડ એલ્જિનના સમયમાં કાઢી લઈ વિલાયત મોકલાવેલી એવી લોકવાયકા છે; ને બીજી વાયકા લૉર્ડ કર્ઝને તે કાઢી લીધેલી એવી છે. પણ એ બંને વાતો ખોટી છે. એનું કારણ આગળ જોઈશું. આ મસ્જિદ ભદ્રના કિલ્લાને અડીને આવેલી હોવાથી મરાઠા સમયમાં તેને ખૂબ સહન કરવાનો વખત આવેલો, પણ કાંઈ ખાસ નુકસાન નથી થયું એ સદ્ભાગ્યની વાત છે.

હવે આ મસ્જિદની બાંધણીના ઇતિહાસમાં, હોપ અને ફર્ગ્યુસનથી માંડીને છેલ્લા ૧૯૪૨માં લખનારા પર્સી બ્રાઉન સુધીના કલા-વિવેચકોએ એક ગોટાળો કર્યો છે તે જોઇએ. એક જણ એને અહમદશાહના સીદી ગુલામે બાંધી એમ કહી પંદરમી સદીના પૂર્વાર્ધમાં મૂકે છે. બર્જેસ જેવા વિદ્વાન તેની બાંધણીમાં કમાનો આવી છે તેની ચર્ચા કરવા છતાં એને મહમૂદ બેગડાના સમયમાં—એટલે પંદરમી સદીના અંતમાં મૂકે છે. પર્સી બ્રાઉન જેવા સ્થાપત્યના નિષ્ણાત વિવેચક પણ એને ૧૫૧૦ની લગભગમાં એટલે મહમૂદના અંતના સમયમાં મૂકે છે. મારા 'અમદાવાદ'ના ગ્રંથમાં મેં આ વિષયની ચર્ચા કરી છે. તે પહેલાં 'વસંત' માસિકમાં. એની બાંધણીના ઇતિહાસ ઉપરથી ને કમાનોની રચના ઉપરથી તે સોળમી સદીના સાતમા દસકામાં બંધાઈ હોવી જોઇએ એવું વિધાન મેં કર્યું હતું; ને એનો બંધાવનાર સીદી સૈયદ નહિ પણ સીદી શહીદ હશે ને એ વ્યક્તિ અમદાવાદમાં એક વાર સર્વોપરિ સત્તા ભોગવી ગએલો જુઝારખાન સીદી હોવો જોઇએ એવું અનુમાન મેં કરેલું. તે સમયના ઇતિહાસના પ્રોફેસર કૉમીસેરીએટને એ લેખ મેં બતાવેલો. મસ્જિદમાં કોઈ શિલાલેખ ન હોવાથી બાંધણીનો સમય કહી શકવાનું સાધન નહોતું. એ સમયે સર ડેનિસન રૉસે સંપાદિત કરેલો ગુજરાતનો અરબી ઇતિહાસ જોવાનું બનેલું નહિ; પરંતુ એનો અરબ લેખક ગુજરાતમાં સીદીઓનો આશ્રિત હતો એટલે એમાંથી કોઈ વિગત મળશે એવી આશા મેં વ્યક્ત કરેલી.



મને આજે કહેવાં આનંદ થાય છે કે પ્રો. કૉમીસેરીએટ તે પછી એ ઇતિહાસ ગુજરાત કૉલેજના ફારસીના અધ્યાપક પાસે વંચાવી એ વાતની ખાતરી કરી છે, અને આ મસ્જિદ જુઝારખાન સીદીએ નહિ પણ એ જેને પોતાના ખાસ સગા ભાઈ જેવો માનતો હતો એવા એક સીદી સઈદ નામના ધનવાન હબસીએ ઈ. સ. ૧૫૭૨માં બંધાવેલી એવું નક્કી થયું છે. જુઝારખાન સીદી સર્વસત્તાધિકારી હતો એટલે જ રાજગઢના-ભદ્રના કિલ્લા પાસે આવી જગ્યા એને મળી. અરબી ઇતિહાસનો લેખક હાજી અદ્દાવીર લખે છે કે 'હિજરી સન ૯૮૦માં (ઈ.સ. ૧૫૭૨માં)' સરિયામ રસ્તા ઉપર, દાર ઉસ્સલ્તનત (રાજગઢ-ભદ્રનો કિલ્લો)ની પાસે, એનો બંધાવનાર શેખ સઈદ સીદી જાતનો હતો. મસ્જિદને માટે બહુ જ સારી જાતના પથ્થરો મંગાવવામાં આવેલા અને ભીંતમાં ઘણી જ સુંદર જાળીઓ કરાવી. આ સીદી સઇદનું આખું નામ શેખ સઈદ અલ હબસી સુલતાની છે; અને એ સુલતાન મહમુદ ત્રીજાનો ગુલામ હતો. જુઝારખાન હબસી એને ભાઈ જેવો ગણતો, એટલે પોતાની સત્તા વખતે એને ગામો આપેલાં અને તેની સારી વ્યવસ્થા કરી એ ખૂબ કમાએલો. એની પાસે ઊંટ અને ઘોડાનો સારો રસાલો હતો અને એણે હજ પણ કરી હતી. પૈસાનો એણે સદ્વ્યય કર્યો હતો. આ મસ્જિદ બંધાવ્યા ઉપરાંત એણે મસ્જિદ આગળ

લંગરખાનું કાઢેલું. તેમાં રોજ એક હજાર માણસને અન્ન આપવામાં આવતું હતું. વિદ્યા અને વિદ્વાનોનો એને શોખ હતો એટલે સારું પુસ્તકાલય પણ ભેગું કર્યું હતું. ઈ. સ. ૧૫૭૨માં અકબર બાદશાહે અમદાવાદ લીધું એ જ સાલમાં આ મસ્જિદ બંધાતી હતી. એટલે રાજ્યક્રાંતિને લીધે તે અધૂરી રહી હોય એમ ચોક્કસ માની શકાય. જે જાળીઓ આજે નથી એ પણ એ જ કારણથી બનાવવી રહી ગઈ છે અને એને કોઈ ઉઠાવી નથી ગયું એ પણ ચોક્કસ છે. આ સીદી સઈદનું મરણ ઈ. સ. ૧૫૭૬માં ૨૪મી ડિસેમ્બરે (એટલે અકબરના રાજ્ય સમયમાં જ) થયું. જુઝારખાને ચંગીઝખાનને પોતાની રમતમાં કારંજના મેદાનમાં મારી નાખેલો એ ગુના માટે અકબરના હુકમથી એને હાથીના પગ તળે કચરાવી નાખેલો. અરબી ઇતિહાસમાં આ મસ્જિદ વિષે લેખ છે કે 'ખુદાને માટે આ મસ્જિદ સઈદે બાંધી.' અરબી સમયાલેખનની પદ્ધતિ પ્રમાણે એના અક્ષરોનાં મૂલ્યો પરથી ગણત્રી કરતાં એની હિજરી સાલ ૯૮૦ નીકળે છે. આ જુઝારખાનના નામનો કારંજમાં એક રસ્તો પણ હતો. એટલે અરબી ઇતિહાસના આધારે જુઝારખાન અને સીદી સઈદના સગા ભાઈ જેવા સંબંધ–મસ્જિદના સંબંધ–અને તે બંધાયાના સમય માટે મેં પ્રથમ કરેલું અનુમાન લગભગ ખરું ઠરે છે.

અમદાવાદની આ જગપ્રસિદ્ધ મસ્જિદની જોઈએ તેવી જાહેરાત થઈ નથી. પશ્ચિમના દેશોમાં પોતાના ઐતિહાસિક અવશેષો બતાવવા માટે રાજ્ય તરફથી જે સગવડો ને યોજનાઓ તથા જાહેરાત હોય છે તેવું કાંઈ આપણા દેશમાં નથી. પાટનગર દિલ્હીમાં એ હતું અને આજે છે તેથી બધાની નજર દિલ્હી તરફ દોડે છે. અમદાવાદીને તો જ્યાંથી પૈસો ન મળતો હોય એવું કાંઈ પણ જોવાની પડી નથી. એટલે આ ઉત્કૃષ્ટ ચીજની જાહેરાત થાય કે ન થાય તેની પણ તેને કાંઈ પડી નથી. હવે સ્વતંત્રતાના જમાનામાં આપણે કાંઈ રસ લેતા થઈએ તો સારું.

એ દેશમાં હું નવોનવો હતો ત્યારે એક ભોજનાલયમાં ખાણું પીરસનારે મારી સાથે વાતચીત શરૂ કરી. એની ભાષાની ગુણવત્તા અને એની પાસેની માહિતીનું પરિમાણ જોઈ મને વિસ્મય થયું. આટલું બધું જ્ઞાન તેને ક્યાંથી પ્રાપ્ત થયું એની પૃચ્છા કરતાં મને જાણવા મળ્યું કે એ ત્યાંની પ્રખ્યાત યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો અને પોતાના શિક્ષણના ખર્ચમાં સહાય મળે એ માટે રજાઓ દરમ્યાન પીરસવાનું કામ કરતો હતો.'

અમેરિકામાં ઉચ્ચ હોદ્દો ધરાવતી વ્યક્તિઓના ઘેર પણ નોકર રાખવાનો રિવાજ નથી.

અનુસંધાન] **સ્વાવલંબન** [પૃષ્ઠ ૪ થી

ન્યાયમૂર્તિ ડગ્લસ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ હોવા છતાં એમના ઘેર એક પણ ઘરઘાટી નહોતો, એટલું જ નહિ છૂટક કામ કરનાર બાઈ પણ આવતી નહિ. ઘરનું બધું કામ ડગ્લસનાં પત્ની જાતે જ કરતાં.

આળસુ અને પરાવલંબી બનવામાં જેટલી નાનમ કે શરમ છે એટલી ગમે તેટલું કહેવાતું હલકું કામ પણ જાતે કરવામાં નથી. વાસ્તવમાં તો બાપકમાઈની ખીર કરતાં આપ કમાઈનો રોટલો વધારે સ્વાદિષ્ટ લાગવો જોઈએ.

પ્રભુએ આપેલી જીભનો ઉપયોગ કરતાં શરમ ન આવતી હોય તો ઈશ્વરે આપેલા હાથપગનો ઉપયોગ કરવામાં શા માટે શરમ આવવી જોઈએ ? પ્રકૃતિએ આપેલા દેહના પ્રત્યેક અવયવનો આપણે જો ઉપયોગ નહિ કરીએ તો અવયવો નબળાં પડી નકામાં થઈ જશે. ઈશ્વરે આપેલા પગનો ચાલવામાં અને હાથનો કામ કરવામાં ઉપયોગ નહિ કરનાર ઈશ્વરનો ગુનેગાર બને છે.

આમ, સ્વાવલંબન એ કુદરતી અને સામાજિક આદેશ છે. એની અવગણના કરનાર કુદરતનો અને સમાજનો દ્રોહી બની પૃથ્વી પર બોજારૂપ થઈ પડે છે. એના જેવો બીજો કોઈ પરતંત્ર નથી, એના જેવો બીજો કોઈ પાપી નથી.

શતરંજના કોયડા . . . . સુરેશ મોદી


ગયા વર્ષના છેલ્લા થોડા અંકોમાં Fairy Chess Problemsમાં આવતી નવીનવી શરતોવાળા કોયડા જોયા. હવે થોડા એવા કોયડા જોઈશું જેમાં વપરાતું બોર્ડ સાધારણ રમતમાં વપરાતા બોર્ડ કરતાં જુદું હોય.

આ વખતના કોયડામાં સાધારણ બોર્ડની 'a' પંક્તિ (વજીરના હાથીની પંક્તિ) પરનાં છ ખાનાં કપાઈ ગયાં (કે પછી ઊંદર કે ઊધઈ ખાઈ ગઈ) હોય તેવું બોર્ડ છે.

આ કોયડાની વિશિષ્ટતા એ છે કે એક જ આકૃતિમાં છ કોયડાનો સમાવેશ થાય છે. પહેલા કોયડામાં આકૃતિમાં બતાવેલા પૂરા બોર્ડ પર 'સફેદ બે ચાલમાં મ્હાત કરે છે' તે છે. હવે જમણી તરફની એક પંક્તિ એટલે કે 'h' પંક્તિ તેની ઉપરના મ્હોરા સાથે આકૃતિમાંથી બાદ કરી નાખો. અને બાકી બચતા બોર્ડ પર પણ સફેદે બે ચાલમાં મ્હાત કરવાનું છે.

આ રીતે ફક્ત ત્રણ પંક્તિમાં ૧૮ ખાનાંવાળું બોર્ડ રહે ત્યાં સુધી એક એક પંક્તિ બાદ કરતા જાઓ અને દરેક વખતે બાકી રહેતા બોર્ડ પર સફેદ બે જ ચાલમાં મ્હાત કરી શકે છે. આ રીતે થતા છએ કોયડામાં ઉકેલ જુદા જુદા આવે તેવી સુંદર રીતે આ કોયડાની રચના કરવામાં આવી છે.

T. R. Dawson



White to play and mate in 2 moves

(વધુ વિગત માટે લખાણમાં જુઓ)

ઉકેલ: (a) મૂળ આકૃતિમાં 1. Qh1! વિકલ્પો 1..., Pf4; 2 Q×b3≠.
1..., S-any; 2 Qh8≠.

(b) આકૃતિમાંથી h પંક્તિ બાદ કરતાં રહેતા બોર્ડ પર 1 Qd1!, Pf4; 2 Qg4≠

(c) આકૃતિમાંથી g અને h એમ બે પંક્તિ બાદ કરતાં રહેતા બોર્ડ પર 1 Pf4!, P×P e.p.; 2Q×f5≠.

(d) આકૃતિમાંથી f, g અને h એમ ત્રણ પંક્તિને બાદ કરતાં રહેતા બોર્ડ પર 1Q×E4!, Kd7; 2 QE6≠.

(e) આકૃતિમાંથી e, f, g અને h એમ ચાર પંક્તિ બાદ કરતાં રહેતા બોર્ડ પર 1 Qc1, Kd7; 2 Pc8(=Q)≠

આકૃતિમાંથી d, e, f, g અને h એમ પાંચ પંક્તિ બાદ કરતાં રહેતા બોર્ડ પર 1 Ka7, K×c7; 2 Qc1≠.

Fairy Chess Problemsના ક્ષેત્રે સૌથી વધુ કોયડા રચનાર, અને તેના વિષે ઘણું સંશોધન કરી તેને એક ઉચ્ચ પાયા પર મૂકનાર T. R. Dawsonના આ સુંદર કોયડાનો પ્યાદાનાં આ પાસાં મરાય છે તે ભાગ ઘણો જ આકર્ષક છે.

શબ્દકથા : કાકીડો · સરડો · કમિલ્યન

જેને સૌરાષ્ટ્રની કેટલીક બોલીઓમાં काकीडो કહે છે, તેને ઉત્તર ગુજરાત અને ચરોતરમાં काचंडो કે काचिंडो કહે છે, દક્ષિણ ગુજરાતની કેટલીક બોલીઓમાં सरडो કહે છે.

કાકીડાને માટેનો સંસ્કૃત શબ્દ છે कृकलास, પણ પ્રાચીન લોકભાષામાં कृकलास અને कृकंटक (કે कृक्कंटक) એવાં પણ તેનાં નામ હોવાં જોઈએ; કેમ કે પ્રાકૃત कंकलास (બંગાળી कांकलास) ને પાલિ ककंटकએ રૂપોનો ખુલાસો ઉપર્યુક્ત પૂર્વ રૂપોને આધારે જ કરી શકાય.

कृकंटक ઉપરથી किक्कंडओ કે काकिंडओ દ્વારા काकिंडो થાય. તે ઉપરથી એક તરફ काकीडो, તો બીજી તરફ, જે બોલીઓમાં ઇકાર વગેરે પહેલાં क् નો च् થાય છે તેમાં काचिंडो અને काचंडो થાય.

કાકીડાને માટે સંસ્કૃતમાં બીજો શબ્દ છે सरट. તેના પરથી પ્રાકૃત सरडो અને પછી લહંદ सड्डुर ને મરાઠી सरडा થયા. મરાઠીમાંથી દક્ષિણ ગુજરાતની બોલીઓમાં सरडो આવ્યો.

એ જાણવું રસપ્રદ થશે કે કાકીડા માટેનો અંગ્રેજી શબ્દ कमिल्यन (chameleon) ફ્રેન્ચ અને લૅટિન દ્વારા ગ્રીક શબ્દ खमैलेओन (khamaileon) પરથી ઊતરી આવ્યો છે. ગ્રીકમાં खमै એટલે 'ભોંય પરનો' (=સંસ્કૃત क्षमि) ને लैओन એટલે 'સિંહ'. કાકીડાનું આથી વધુ ગૌરવ થઈ શકે ખરું?

કાકીડો રંગ બદલી શકે છે તો તે ઉપરથી કોઈએ તેનું કોઈક નામ કેમ નહિ પાડ્યું હોય?

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

બે અભિનંદન-ગ્રંથો

ધીરુ પરીખ

જીવનના કોઈ ને કોઈ ક્ષેત્રમાં પ્રતિભાનું પોત પ્રકટાવનાર મહાનુભાવ તે તે ક્ષેત્રના ગુણજ્ઞ જનોનાં અભિનંદનના સ્વાભાવિક રીતે જ અધિકારી બની જાય છે, અને એવા મહાનુભાવને અભિનંદવાની વિવિધ પ્રવૃત્તિઓમાંની એક છે તેમના વિષેનો અભિનંદન-ગ્રંથ પ્રકટ કરવાની. આ પ્રણાલી પ્રમાણે તાજેતરમાં બે નોંધપાત્ર ગ્રંથો પ્રકટ થયા. તે છે: 'ચંદ્રવદન મહેતા અમૃત મહોત્સવ ગ્રંથ' અને 'સંપ્રસાદ'.

ચંદ્રવદન મહેતા અમૃત મહોત્સવ ગ્રંથ : જાણીતા સાહિત્યકાર ચંદ્રવદન મહેતાની કલમથી 'કુમાર'ના વાચકો ભાગ્યે જ અજાણ હશે. એ નાટ્યવિદ, નાટ્યકાર અને નટને પંચોતેર વર્ષ પૂરાં થતાં એમની એ પ્રતિભાને અભિનંદવા મુંબાઈની જાણીતી નાટ્યસંસ્થા આઈ. એન. ટી.એ મુંબાઈમાં એક સમારંભ યોજ્યો હતો, ત્યારે થોડાં વ્યાખ્યાનો કરાવાએલાં. તેમાં ચંદ્રવદન મહેતાની સર્જકપ્રતિભાનાં વિવિધ પાસાંઓ પર ગુજરાતના વિદ્વાનોએ મનનીય વિચારો રજૂ કરેલા. ચંદ્રવદન મહેતાની એ પ્રતિભાને મૂલવતા લેખો છે: 'સમર્થ ગદ્યનો સર્જક' (યશવંત શુક્લ), 'નાટ્ય પરિવ્રાજક' (ભોળાભાઈ પટેલ), 'હાસ્યોપજાતિના કવિ (નિરંજન ભગત), 'નવનવોન્મેષશાલિની પ્રજ્ઞા' (જ્યોતીન્દ્ર દવે), 'પ્રવાસી સાથી' (સુનીલ કોઠારી), 'આજીવન તપસ્વી' (રામપ્રસાદ પ્રે. બક્ષી). વળી, ખુદ ચંદ્રવદનનો પણ 'અંતરખોજ' નામક પોતાની કેફિયત રજૂ કરતો લેખ એમાં મુકાયો છે. છેલ્લે ચંદ્રવદનના વ્યક્તિત્વને કેન્દ્રમાં રાખી કલામય રીતે લખાએલું રઘુવીર ચૌધરીનું એકાંકી 'ત્રીજો પુરુષ' મૂકવામાં આવ્યું છે! આ ઉપરાંત ગ્રંથનાયકના નિકટવર્તીઓએ એમાં આપેલી ગુજરાતી-અંગ્રેજી પ્રશંસાંજલિઓ પણ ચંદ્રવદન મહેતાની લોકચાહના પ્રકટાવી રહે છે. ઊંચી જાતના કાગળ અને સુંદર સુઘડ છપાઈ એ આ ગ્રંથનું બાહ્ય આકર્ષણ છે, તો અભ્યાસપૂર્ણ લેખો એની આંતરસંપત્તિ છે. ચંદ્રવદન મહેતાના ચાહકો, અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ સહુને ઉપયોગી થઈ પડે તેવો આ અભિનંદન ગ્રંથ આસ્વાદ્ય અને આવકાર્ય છે. (પ્રકા. ઇન્ડિયન નૅશનલ થીએટર, મુખ્ય વિક્રેતા: વૉરા ઍન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂ., પૃ. ૧૧૨, રૂ. ૨.)

સંપ્રસાદ: બૃહદ્ સમાજને પ્રમાણમાં ઓછી જાણીતી છતાં એમના ચાહકોને અધિક માનીતી વ્યક્તિ શ્રી ચતુર્ભુજ પૂજારાને અભિનંદતો ગ્રંથ' શ્રી ચતુર્ભુજ પૂજારા મંત્રવિદ્યોત્કર્ષ ટ્રસ્ટ, અમદાવાદ' તરફથી પ્રસ્તુત નામે પ્રકટ કરવામાં આવ્યો છે. આજીવન સન્નિષ્ઠ શિક્ષક તરીકે પોતાનાં વિદ્યાર્થીઓનાં દિલ જીતી લેનાર એવા એમના 'પૂજારા સાહેબ'ની એમના એક અંતેવાસી વિષ્ણુકુમાર પંડ્યાએ આપેલી સચિત્ર અને વિસ્તૃત જીવન ઝરમર યુવાનોને પ્રેરણાદાયી હોઈ અવશ્ય વાંચવા જેવી છે. આ ઉપરાંત શ્રી ચતુર્ભુજ પૂજારાના શોખના વિષયો મંત્રવિદ્યા, ગૂઢવિદ્યા, ધર્મ-તત્ત્વજ્ઞાન આદિ પર તદ્વિદોને હાથે લખાએલા અભ્યાસપૂર્ણ લેખો અહીં સંગૃહીત કરવામાં આવ્યા છે તે આ પ્રકારના અભિનંદનગ્રંથના સંવિધાનની વિશેષતા હોઈ તેના સંપાદકોની આગવી સૂઝ માટે અનુરાગ ઊપજાવે છે. આવા લેખોમાં 'મંગલ સ્થિતિ' (સુંદરમ્), ભારતીય જીવનદૃષ્ટિ' (ઉમાશંકર જોશી), 'વેદાંત મીમાંસા' (એસ્તર એ. સૉલૉમન), 'યુધિષ્ઠિરનું અસત્યકથન' (ઉપેન્દ્રરાય સાંડેસરા), 'ભગવદ્‌ગીતા : ધર્મતત્ત્વની સનાતન કવિતા' (વ્રજલાલ દવે), 'આધ્યાત્મિક કવિતા' (રમણલાલ જોશી), 'ઉપરૂપક "ડાંગિબકા"નું સ્વરૂપ' (હરિવલ્લભ ભાયાણી) આદિ ધ્યાનાર્હ છે. ચાર ખંડમાં વહેંચાએલા આ ગ્રંથનો પ્રથમ ખંડ પ્રેમભરી અંજલિઓનો છે, તો ચોથા ખંડમાં શ્રી ચતુર્ભુજ પૂજારાએ લખેલા લેખોનો નાનકડો પણ વૈવિધ્યપૂર્ણ સંચય અપાયો છે, જે એમની વિવિધ ક્ષેત્રમાં વિહરતી પ્રતિભાનો પુરાવો છે. મહાનુભાવના અભિનંદનપ્રસંગ નિમિત્તે વિદ્વાનોની કલમપ્રસાદીનો ઉદ્યમ માણવા મળે તે દૃષ્ટિએ આ ગ્રંથ જોતાં આવકાર્ય ને આનંદપ્રદ છે. અનેક આર્ટપ્લેટ ગ્રંથની મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે. (પ્રાપ્તિસ્થાન: શ્રી ચતુર્ભુજ પૂજારા મંત્રવિદ્યોત્કર્ષ ટ્રસ્ટ, 'શ્રીનિકેતન', બીજી લેન, શાહપુર મિલ કંપાઉન્ડ, અમદાવાદ-૧, પાકું, પૃ. ૩૩૬, રૂ. ૫૦.)

નવાં પ્રકાશનો

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષરદેહ-૪૦ : ફેબ્રુઆરી ૧૫ થી મે ૩૧, ૧૯૨૯ સુધીના સાડાત્રણ માસની ગાંધીજી પ્રવૃત્તિને આવરી લેતા આ ખંડમાં મુખ્યત્વે વિદેશી કાપડનો બહિષ્કાર અને ખાદીનો પ્રચાર એ જ એમનું લક્ષ્ય રહ્યું હતું. તેનો વિશદ ચિતાર અહીં અપાયો છે, જેમાંથી ગાંધીજીનું ભારતની ગરીબ પ્રજા પ્રત્યેનું કારુણ્યસભર ને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેનું દૃઢસંકલ્પ વ્યક્તિત્વ સુપેરે ઊપસેલું અનુભવી શકાશે.

ગાંધીજીનો અક્ષરદેહ-૪૧ : જૂન ૧ થી ઑક્ટોબર ૧૫, ૧૯૨૯ સુધીના સાડાચાર માસના ગાળાને આવરી લેતા આ ખંડમાં ભારતના સ્વાતંત્ર્ય માટે લોકમત કેળવવાનો અથાક પ્રયત્ન કરતા ગાંધીજીના રાજકીય વ્યક્તિત્વની સાથેસાથે અલમોડા આરામ કરવા ગએલા ને

ત્યાં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો અનુવાદ પૂરો કરી તેની પ્રાસાદિક અને તર્કબદ્ધ પ્રસ્તાવના તૈયાર કરનાર ગાંધીજીના આધ્યાત્મિક તેમજ હિમાલયની નિસર્ગશ્રીથી આકર્ષાએલા સૌંદર્યરસિક વ્યક્તિત્વનો સહજ સુમેળ સધાયો છે.

ગાંધીજીનો અક્ષરદેહ-૪૨ : ઑક્ટોબર ૧૬થી ફેબ્રુઆરી ૨૮, ૧૯૩૦ સુધીના સાડાચાર માસના ગાળાને આવરી લેતા આ ખંડમાં ગાંધીજીની સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ધ્યેયસિદ્ધિ માટે સતત મથામણની ઝાંખી થવા સાથે અસહકારની ભાવના વિષેનું એમનું ઊંડું અને તાર્તિક ચિંતન પણ જાણવા મળે છે.

ગાંધીજીનો અક્ષરદેહ-૪૩ : માર્ચથી જૂન ૧૯૩૦ સુધીના ગાળામાં થએલી દાંડીકૂચ અને મીઠાનો સત્યાગ્રહ જેવી બે રાષ્ટ્રીય જાગ્રતિની મહત્ત્વની પ્રવૃત્તિનો સચોટ ને શ્રદ્ધેય ચિતાર આ ગ્રંથ આપે છે, જે વાચકને તત્કાલીન ભારતના રાજકીય નવજાગ્રતિના વાતાવરણ વચ્ચે સહજતાથી લાવી મૂકી રોમાંચક અનુભૂતિ કરાવી રહે છે.

ગાંધીજીનો અક્ષરદેહ-૪૪ : જુલાઈ ૧ થી ડિસેમ્બર ૧૫, ૧૯૩૦ સુધીના સાડાપાંચ મહિનાના ગાળાને આવરી લેતા આ ખંડમાં મુખ્યત્વે મહાત્મા ગાંધીજીએ યરવડા જેલમાંથી આશ્રમના કાર્યકર્તાઓ ને અન્યોને લખેલા પત્રોનો સંચય થએલો છે, જેમાં સામાન્યજનને પણ સ્વદેશની સેવામાં પ્રાણ પાથરવા પ્રેરતી જીવનભાવનાનું ઉદાત્ત રાષ્ટ્રીય શિક્ષણનું દષ્ટિબિંદુ પ્રધાનપણે દેખા દે છે.

ગાંધીજીનો અક્ષરદેહ-૪૫ : ૧૬મી ડિસેમ્બર ૧૯૩૦ થી ૧૫મી એપ્રિલ ૧૯૩૧ સુધીના ચાર માસના ગાળાને આવરી લેતા આ ખંડ મહદંશે ગાંધી-અર્વિન વાટાઘાટોનો યથાતથ ચિતાર રજૂ કરે છે, અને તેને આધારે સવિનય કાનૂન ભંગની લડત કઈ રીતે મોકૂફ રખાઈ તથા લંડનમાં ભરાનાર દ્વિતીય ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે કૉંગ્રેસ માટે કઈ રીતે માર્ગ મોકળો થઈ શકયો તેનો સ્પષ્ટ ખયાલ આવી રહે છે, જે મહાત્મા ગાંધીની વ્યવહારદષ્ટિ અને દૂરંદેશીપણા વિષે અચ્છી છાપ ઊપસાવી રહે છે. (પ્રત્યેક ખંડનું પાકું પૂઠું; પ્રત્યેકનાં પૃ.૪૨૮ થી ૫૭૫; પ્રત્યેકની કિં.રૂ.૧૬-૫૦.)

સરદારશ્રી અને મજૂરો : લોખંડી રાજપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ મજૂર-પ્રવૃત્તિના રચનાત્મક કાર્યક્રમમાં રાજકીય કારકિર્દીના આરંભકાળથી જ પ્રવૃત્ત રહ્યા હતા. એ રચનાત્મક કાર્યમાંથી સાંપડેલા અનુભવોને આધારે એમણે જે મજૂરચિંતન પોતાનાં વક્તવ્યોમાં પ્રકટ કર્યું હતું તે ભાષણોનો આ સંચય સરદારશ્રીની ઊંડી કરુણાસભર માનવતાનાં દર્શન કરાવવાની સાથેસાથે વિલક્ષણ બુદ્ધિપ્રતિભાની

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી પૃથ્વીસિંહ આઝાદ

લાલડુ (પંજાબ)માં ઈ. ૧૮૯૨માં જન્મ. ૧૯૧૧માં અમેરિકા જઈ ગદર પાર્ટીમાં જોડાયા. ૧૯૧૪માં એક પોલીસ ઈન્સ્પે૦ના ખૂનના આરોપસર ૧૦ વર્ષની સજા. ૧૯૧૫માં લાહોર કાવતરા કેસમાં થએલી ફાંસીની સજા ફેરવાઇને આંદામાનમાં આજન્મ કેદ. ત્યાં જેલ-જુલમો સામે ૧૫૫ દિવસના ઉપવાસ. ૧૯૨૨માં નાગપુર જેલમાં સ્થળાંતર કરાવતી વેળા ચાલુ ગાડીએ કૂદી પડી નાસી જઇને સ્વામીરાવ નામે આઠેક વર્ષ ભાવનગરમાં વ્યાયામ અને રાષ્ટ્રભાવનાનો પ્રસાર કર્યો. ૧૯૩૦માં સરકારે એમના સામે ૧૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરેલું. ૧૯૩૧માં રશિયા પહોંચી અઢી વર્ષ ત્યાં રહી પાછા ફરતાં પકડાયા. રશિયાની સહાયથી છૂટી ફરી મૉસ્કો ને પછી ફ્રાંસ જઇને ત્યાંથી ગુપ્તપણે દેશમાં પ્રવેશ કર્યો. ૧૯૩૮માં ગાંધીજી સમક્ષ આત્મસમર્પણ કરી જેલ ભોગવી. ૧૯૪૩માં લગ્ન કર્યું. '૫૬થી પંજાબમાં વસવાટ કર્યો. ચીની આક્રમણ પછી પં. નેહરુના સૂચનથી દેશભરમાં જાગ્રતિ આણવા દેશાટન કર્યું. ૧૯૬૫થી '૭૫ વિવિધ સ્થળે વ્યાયામશિબિરો ચલાવી. ૧૯૭૭માં પદ્મભૂષણ. હાલ ભાવનગરમાં 'ગણેશ ક્રીડામંડળ' અને અન્યત્ર પ્રવૃત્તિશીલ.

૧ પંચ્યાશી વર્ષે પણ આપની કાયા કઈ રીતે આવી સુદૃઢ અને સ્નાયુબદ્ધ રહી શકી છે?

ઉ. યુવાવસ્થામાં આર્યસમાજી વિચારો અપનાવી ક્રાંતિકારી જીવન વિતાવવાનો નિર્ધાર કર્યા પછી અત્યાચારી સાથે અથડામણો પણ થશે જ એમ ધારી મેં સાહસિકતા કેળવવા સાથે બળપ્રાપ્તિની ઉપાસના આદરી. ઉદ્દેશ્યાર્થે મરી ફિટવાની તમન્ના સાથે સ્વાભિમાનને પોષ્યું અને વ્યાયામ વડે શારીરિક બળ અને સાહસિકતા પણ. વિચારપાત, વિર્યપાત, દષ્ટિપાત, વાકચપાતને વર્જ્ય કરી આહાર અને વ્યાયામના નિયમોનું સતત કડક પાલન કરીને મેં આ સુદૃઢતા પ્રાપ્ત કરી છે. આજે પણ આ બધાનું પાલન કરું છું.

૨ એવી સુદૃઢ કાયા ઘડવા કેવી કસરતો કરવી જોઈએ?

ઉ. વ્યાયામનો અર્થ છે ગતિ. શરીરને ગમે તે રીતે ગતિ આપો તે વ્યાયામ. ગતિથી શ્વાસની ક્રિયા વધે છે, રક્ત શુદ્ધ થાય છે, અન્ન પચે છે, રુધિરાભિસરણ ઝડપી બની માંસપેશીઓ મજબૂત થાય છે. શરીરના જે અંગને મજબૂત કરવું હોય તેની ગતિ વધારવી જોઈએ. સવાર-સાંજ નિયમિત અર્ધો કલાક વ્યાયામ કરવો જોઈએ. દોડ, ઊઠબેસ, પીચધકેલ, તરવું, કૂદવું, કુસ્તી. ગમે તે જાતની રમતગમત અને નાચવું પણ વ્યાયામ ગણાય.

૩ આંદામાનમાં આપે ૧૫૫ દિવસ ઉપવાસ કરેલા, તો એટલો સમય આપ કેવી રીતે ટકી શકયા?

ઉ. ત્યારે મારી શારીરિક શક્તિ અસાધારણ હતી. યોગનો અભ્યાસી અને ધનુષધારી રામનો હું ઉપાસક હતો. મારું સંકલ્પબળ પણ એવું જ હતું. પ્રથમ તેર દિવસ તો મારા પેટમાં કશું જ પડવા દીધું નહિ. ત્યાર બાદ જેલ-અધિકારીઓ બળજબરીથી નાકમાં રબ્બરની નળી પરોવી તેના વાટે મને પ્રવાહી પદાર્થો પાતા. પણ એ દિવસો દરમિયાન મારું વજન ૧૬૦માંથી ઘટીને ૯૦ રતલ થઈ ગએલું. શરીર પર દસ શેરની બેડી સિવાય વસ્ત્રો સુધ્ધાંનો પણ મેં ત્યાગ કરેલો જાતે પાણીનું બુંદ સુધ્ધાં લીધા સિવાય અને મચ્છરોના ત્રાસ વચ્ચે વસ્ત્રરહિત દશામાં પણ હું સ્વસ્થ ટકી શકયો તે કેવળ નિશ્ચયબળના સહારે જ.

૪ સત્તર વર્ષ સુધી કયા બળ પર આપ ગુપ્તવાસ વેઠી શકયા હતા?

ઉ. ઉદાસિનતા કે નિર્માલ્યતાને દૂર રાખીને.

૫ આજના યુવકોને આપ શો જીવનસંદેશ આપશો?

ઉ. માતૃભૂમિ અંગે અસીમ દેશપ્રેમ કેળવો. કસરત કે રમતગમત દ્વારા શરીરને સુદૃઢ ને ખડતલ બનાવો. વધતી વય, અંગત સુખસગવડ ને રાગદ્વેષને ભૂલી જઈ મનને સદાય યુવાન રાખો. સાહસિકતા કેળવીને કોઈ પણ પ્રસંગ સામે ટક્કર ઝીલતાં શીખો. ટૂંકમાં અસાધારણ માટીના વીર બનો. કાયરતાને ઢૂંકવા ન દો. આવી પડતી પ્રત્યેક મુશ્કેલીનો હસતે મોંએ સામનો કરો. No coward soul is mine જેવી ભાવનાનું સદાય રટણ રાખો.

बाबा पृथ्वीसिंह आजाद

પણ એટલી જ ઝાંખી કરાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૨–૫૦.)

અતીતના અનુસંધાનમાં : શ્રી તનસુખ ભટ્ટે પોતાની બાળકેળવણી ગાંધી આશ્રમમાં ને કિશોરકેળવણી દક્ષિણામૂર્તિભવનમાં લીધી તે સમયગાળાના પોતાના મહાનુભાવ ગુરુઓના કિશોરસહજ મુગ્ધતાથી પણ પ્રૌઢ લેખિનીથી અહીં જે રેખાચિત્રો આપ્યાં છે તેમાં શિષ્યસહજ પ્રેમભક્તિ અને પ્રૌઢ લેખકસહજ નિરૂપણશક્તિ પ્રકટ થઈ રહે છે, જે ભાવકોને અત્ર નિર્દિષ્ટ મહાનુભાવોનાં જીવનજળના પ્રેરણાદાયી આચમનથી ભાવવિભોર કરી રહેશે. (કાચું પૂઠું, પૃ. ૧૦૩, રૂ. ૫.)

ગાંધી પંચામૃત : મહાત્મા ગાંધીજીનાં પાંચ પુસ્તકો–'ગીતાબોધ', 'અનાસક્તિયોગ', 'રામનામ', 'આત્મકથા' અને 'મંગળપ્રભાત'-માંથી જીવનોપયોગી વિવિધ વિચારમૌક્તિકોને અહીં વૈદ્ય છગનલાલ ન. દીવાવાળાએ સારવીને સંગૃહીત કર્યાં છે. (કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧·૫૦.)

નવભારત સાહિત્ય મંદિર

ગાંધીરોડ, રતનપોળ સામે, અમદાવાદ–૧

અવગાહન : 'પ્રબુદ્ધજીવન' પાક્ષિકના તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વ્યવસાયે કાયદાશાસ્ત્રી હોઈ, એમનાં આ વિચારપ્રધાન લખાણો એમાંની તર્કબદ્ધતાથી અસરકારક બની શકે તેવાં છે. આ લખાણોને એમણે તત્ત્વચર્ચા, ભગવાન મહાવીર અને જૈન ધર્મ, રાજકારણ–અર્થકારણ, વ્યક્તિઓ ને વિચારો, સામાજિક સમસ્યાઓ અને અંગત, એમ છ ખંડમાં વહેંચી દીધાં છે તેથી સહેજે અંદાજ આવશે કે એમના ચિંતન-મનનનું ક્ષેત્ર કેટલું વિશાળ છે! પોતે કોઈ વિચારક હોવાનો કે પત્રકાર હોવાનો દાવો કર્યા વગર સહજરીતે જ શબ્દબદ્ધ કરેલા પોતાના આ વિચારો એમની ઊંડી સૂઝ-સમજ ને માનવીય સમભાવશીલતા પ્રકટાવી રહે છે. એમાં એક સન્નિષ્ઠ વિચારકને જોઈએ તેટલી કરુણા છે તો સત્ય ઉચ્ચારવાની નિર્ભીકતા પણ છે. એમની શૈલી પણ એવી સંગત અને સુબદ્ધ છે કે તે વિચારોને રસમયરીતે અભિવ્યક્ત કરી રહે છે. (પાકું પૃ. ૩૦૬, રૂ. ૧૮.)

ખલીલ જિબ્રાન : ખલીલ જિબ્રાનના નામથી ગુજરાતી વાચક ભાગ્યે જ હવે અજાણ્યો હશે. પરંતુ એ ગૂઢ તત્ત્વજ્ઞ ને મર્મજ્ઞ માનવતાવાદી લેખકના જીવન વિષે એમના જ અંગત મિત્ર મીખીલ નેઈમીએ લખેલા પુસ્તકનો શ્રી વિમળા સેતલવાડે કરેલો આ ગુજરાતી ભાવાનુવાદ એ મહાન વ્યક્તિના જીવનમાં નજીકથી ડોકિયું કરવાની તક પૂરી પાડે છે. જો કે ભાષા-અશુદ્ધિ વાંચતાં વાંચતાં ખટક્યા કરે છે. (પાકું પૂઠું, પૃ. ૩૭૨, રૂ. ૧૫.)

વાઇસરીનાં અને રાજરંગીની : વાઈસરૉયો અને વાઈસરીનાઓનાં જીવન તેમજ રાજકારણનાં વિવિધ રસિક અને રહસ્યગર્ભ પ્રસંગોને નિરૂપતું શ્રી રસિક મહેતાનું પુસ્તક. જોડણીની અશુદ્ધિ શા માટે નિવારાઈ નહિ હોય? (પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૧૧–૫૦.)

અક્ષરા : સ્વર્ગસ્થ પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ચુ. ઝાલાનાં સાહિત્યવિષયક લખાણોના આ સંપાદનમાં કવિતા, નાટક, રેડિયોરૂપક, વિવેચન, સર્જક અને સર્જન આદિ અનેક વિષયો પરના તેમના વિચારો–અવલોકનો પ્રકટ થએલાં છે. (પાકું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. ૧૦.)

ઝુમ્મરો : કવિ લેખક-પ્રાધ્યાપક યશવન્ત ત્રિવેદીએ દેશી-પરદેશી કાવ્યોના કરાવેલા આસ્વાદોનો આ સંગ્રહ તેમના વાચનવ્યાપ અને સૂઝસમજના ઊંડાણનો દ્યોતક છે. (પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૧૨.)

કનક ચાવડો : મનોરંજક લોકકથામાળામાં લોકસાહિત્યક્ષેત્રે પ્રવૃત્ત યુવાન લેખક જોરાવરસિંહ જાદવની કલમે લખાએલી રસપ્રદ ને રોમાંચક લોકકથા. (કાચું, પૃ. ૯૨, રૂ. ૪–૫૦.)

ઢાંકી માળણ : પ્રસ્તુત લોકકથામાળામાં પ્રસ્તુત લેખકની કલમે લખાએલી એવી જ સરસ લોકકથા. (કાચું પૂઠું, પૃ. ૭૬, રૂ. ૩–૭૫)

રાણી અનારદે : પ્રસ્તુત લોકકથામાળામાં પ્રસ્તુત લેખકની રસળતી કલમે લખાએલી એક વધુ લોકકથા. (કાચું, પૃ. ૧૦૦, રૂ. ૪–૭૫.)

વેદના : શ્રી જિતેન્દ્ર વ્યાસની મુખ્યત્વે ગેય ને ગઝલ રચનાઓનો આ સંગ્રહ અભિવ્યક્તિ અને ભાષાકર્મ કરતાં ભાવસમૃદ્ધિમાં વધુ વિહરે છે. (કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૬.)

આવક અને સંપત્તિની સ્વૈચ્છિક જાહેરાત હજી પણ થઇ શકે છે : કાયદાની જટિલતાના આ યુગમાં વ્યક્તિ ક્યારે મુશ્કેલીમાં મુકાઈ જાય તે કહેવાય નહિ. આથી સામાન્યજનને પણ એનું સાધારણ જ્ઞાન આવશ્યક હોઈ 'કરવેરા' પુસ્તિકા–શ્રેણીમાંની શ્રી ચંદુલાલ સેલારકાની આ પુસ્તિકાનો વિષય તેના શીર્ષક પરથી સ્વયંસ્પષ્ટ છે. (કાચું પૃ. ૨૮, રૂ. ૩.)

અન્ય પ્રકાશકોનાં

ભૂતના ભડકા અને અઘોરી : આ પ્રેરક અને રહસ્યમય સત્યકથાના લેખક છે શ્રી જીવરામ જોષી. (પ્રકાશક : રસબોધ પ્રકાશન, ૩૦૪/૪, મયૂર કૉલૉની, નવરંગપુરા, અમદાવાદ-૯; કાચું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૫.)

ગઝલનું છંદશાસ્ત્ર : ગુજરાતી કાવ્યસાહિત્યમાં ગઝલ વર્ષોથી ખેડાતો આવેલો કાવ્યપ્રકાર છે. વળી, સ્વાતંત્ર્યોત્તર કાળમાં તો ગઝલ પ્રતિષ્ઠા પણ પામી છે, અને તેના સર્જકો અને સર્જન વધતાં જાય છે ત્યારે તેની સ્વરૂપગત ખાસિયતોનું જ્ઞાન ખૂબ જ ઉપકારક થઈ પડે. આ સંજોગોમાં જાણીતા ગઝલકાર શ્રી જમિયત પંડ્યા 'જિગર'ની કલમે ગઝલનું આ છંદશાસ્ત્ર મળે છે તે આવકાર્ય છે. (પ્ર. લેખક પોતે જ, રક્ષાપાર્ક, શાહઆલમ રોડ, અમદાવાદ–૨૨; કાચું પૂઠું, પૃ. ૧૩૮, રૂ. ૬–૫૦.)

ઉદ્ગાર : આજકાલ આસ્વાદપ્રવૃત્તિમાં જે ઉભાર આવ્યો છે તેનું જ એક પરિણામ તે યુવાન લેખક શ્રી વિજય શાસ્ત્રીએ પ્રસ્તુત પુસ્તકમાં લગભગ ૫૧ જેટલી ગદ્યપદ્ય કણિકાઓનો કરાવેલો અર્થમૂલક અને રસમૂલક આસ્વાદ. આ આસ્વાદોમાં લેખકે આપણા દેશના અને પરદેશના નામી લેખકોનાં લખાણો પસંદ કરી તેનો સમ્યક્ આસ્વાદ કરાવવાનો પડકાર ઝીલ્યો છે તેમાં તેમની ઊંડી સૂઝ, અભિવ્યક્તિની સ્પષ્ટતા અને વિશાળ વાચનનો સુપેરે પરિચય પામી શકાય છે. (પ્ર. સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭, મોટી દેસાઈ પોળ, સૂરત, પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૧૨.) —ધીરુ પરીખ

દ્વાદશ જ્યોતિર્લિંગ–૧ : સોમનાથ

દ્વાદશ જ્યોતિર્લિંગમાં સોમનાથનું સ્થાન સર્વોચ્ચ ગણાતું રહ્યું છે. સૌરાષ્ટ્રમાં દક્ષિણે વેરાવળની બાજુમાં 'જ્યાં ગંગા, યમુના અને અને પ્રાચી સરસ્વતી, એ ત્રણે નદીઓનો સંગમ થાય છે ત્યાં' સોમનાથનું સ્થાન હોવાનો નિર્દેશ છેક ઋગ્વેદથી મળે છે. સ્કંદપુરાણમાં બહુ વિસ્તારથી એનું વર્ણન ને માહાત્મ્ય આપ્યું છે.

યદુવંશના વિનાશ પછી શ્રીકૃષ્ણે પોતાનું એ અવતારકૃત્ય જ્યાં આટોપ્યું એ પ્રભાસપાટણનો પૌરાણિક પરિચય એવો છે કે—

પૂર્વે દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૭ પુત્રીઓનાં લગ્ન ચંદ્ર સાથે કરેલાં. તેમાં ચંદ્રની રોહિણી પ્રત્યે સવિશેષ અનુરક્તિ હતી, એથી અન્ય ૨૬ પત્નીઓએ કચવાટ વ્યક્ત કરતાં દક્ષે ચંદ્રને દિન-પ્રતિદિન ક્ષય પામતા જવાનો શાપ આપ્યો. ચંદ્ર ક્ષયગ્રસ્ત બનતાં એનું સુધાવર્ષણનું કાર્ય અટકી ગયું ને એથી સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો. આ અવસ્થાથી બચવા બ્રહ્માના સૂચનથી ચંદ્રએ આ સ્થળે મૃત્યુંજય શિવની આરાધના કરી. શંકરે પ્રસન્ન થઇને તેને માસના એક (શુક્લ) પક્ષમાં વૃદ્ધિ પામતા જવાની સુવિધા કરી આપી. ને ચંદ્રની વીનવણીથી ભવાની સહિત શંકરે આ ક્ષેત્રમાં પોતાનો નિવાસ કર્યો.

અહીંથી આરંભાતા સોમનાથના ઇતિહાસે અનેક ચડતીપડતી જોઈ. વિધર્મી મ્લેચ્છોનાં આક્રમણો અને ફરીફરીને તેના પુનરુદ્ધારની એ કથામાં ઈ. ૧૦૨૪માં મહમદ ગઝનવીનું આક્રમણ ને ત્યાર બાદ ઈ. ૧૦૯૩માં પાટણના ભીમદેવે, ૧૧૪૨માં સિદ્ધરાજ જયસિંહે તથા ૧૧૬૮માં કુમારપાળે આ મહાન શિવાલયનો ઉદ્ધાર કર્યાની કથા મુખ્ય છે. રા'ખેંગારે પણ એના ઉત્કર્ષમાં રસ લીધેલો. એ પછી ૧૨૯૭માં અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ નસરતખાને અને ૧૩૯૫માં ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહે ને તેના પુત્ર અહમદશાહે પણ આ દેવસ્થનને ખંડિત કર્યું હતું. ઈ. ૧૮૩૧માં ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઇએ અહીં ફરી સોમનાથની પ્રતિષ્ઠા કરેલી. પરંતુ ત્યાર બાદ અસલના ભગ્ન શિવાલયનો ઉદ્ધાર સ્વાતંત્ર્ય બાદ રચાએલા ટ્રસ્ટ દ્વારા ઈ. ૧૯૫૧માં થયો. એ વર્ષે વૈશાખ સુદ પાંચમે (૧૧મી મે) સવારે ૯-૪૭ વાગ્યે રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે અસલના જ સ્થાન પર ફરી એક વાર સોમનાથની પ્રતિષ્ઠા થઈ, અને તે પછી તદ્દન નવેસરથી એનું જે ભવ્ય મંદિર રચાયું તેમાં હજી પણ કંઈ ને કંઈ ઉમેરણ થતું રહી આસ્થાવાન તીર્થયાત્રીઓ અને સહેલાણીઓ માટે એ એક અનેરું આકર્ષણ બની રહ્યું છે.

—ચંદ્રકાંત મોતીલાલ શુક્લ



મધુકરી

વિરાટનો હિન્ડોળો ઝાકમઝોળ,
કે આભને મોભે બાંધ્યો દોર.
પુણ્યપાપ દોર, ને ત્રિલોકનો હિન્ડોળો,
ફરતી ફૂમતડાંની ફોર;
ફૂદડીએ ફૂદડીએ વિધિના નિર્માણમન્ત્ર
ટહુકે તારલિયાના મોરઃ
વિરાટનો હિન્ડોળો ઝાકમઝોળ. —ન્હાનાલાલ

એક અદ્વિતીય સતપ્રતિભા: રામાનંદાચાર્યજગદ્ગુરુસ્વામી શ્રી ભગવદાચાર્યજી

બરાબર એક વર્ષ પહેલાં, એટલે કે ગયા વર્ષની ૧૬મી જાન્યુઆરીએ પ્રયાગરાજના મહાપૂર્ણ કુંભ મેળામાં ભારતભરના રામાનંદી સંપ્રદાયના સાધુ સમાજે 'જગદ્ગુરુ શ્રી રામાનંદાચાર્ય' જેવા પોતાના સમાજના સર્વોચ્ચ પદે સ્થાપીને જેમનું અભિવાદન કરેલું એ 'સારસ્વત સાર્વભૌમ', 'પંડિતરાજ', 'મહામહિમોપાધ્યાય' સ્વામી ભગવદાચાર્યનું થોડા સમય પહેલાં અમદાવાદમાં અવસાન થયું ત્યારે એમનું એક સો વર્ષનું આયુ પૂરું થવામાં માત્ર થોડા જ દિવસો ખૂટતા હતા. પ્રસિદ્ધિથી દૂર રહીને બિલકુલ નિરાડંબરી રીતે જીવનભર સરસ્વતી અને સમાજની જે મૂક સેવા એમણે કરી છે તેની સામાન્ય જનોને કદાચ બહુ ઓછી ખબર છે.

પૂરાં એક સો વર્ષ પર પંજાબના સિયાલકોટ શહેરમાં એક કાન્યકુબ્જ બ્રાહ્મણ પરિવારમાં એમનો જન્મ થએલો. બચપણનું એમનું નામ હતું સર્વજિત. મૂળ તો એમનો કબીલો ઉત્તર પ્રદેશના ઈટાવા જિલ્લાના દેવકલી ગામનો, પણ ૧૮૫૭માં અંગ્રેજોએ એ ગામને ઉજાડી મૂકતાં ત્યાંના વાસીઓ અત્રતત્ર વેરાઈ ગયા હતા.

કાશી, અયોધ્યા, ગયા વગેરે વિખ્યાત વિદ્યાધામોમાં શાસ્ત્રપારંગત પંડિતો પાસે એમણે વેદ, વેદાન્ત, ઉપનિષદ, ન્યાય, પુરાણ ને વિશિષ્ટાદ્વૈતનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એ અભ્યાસ અને પોતાની લાક્ષણિક પ્રતિભાના બળે વેદ, વેદાન્ત, ઉપનિષદ, ગીતા, રામાયણ આદિ ગ્રંથો પર એમણે વિશિષ્ટ અને સંશોધનાત્મક એક સો કરતાં યે વધુ ગ્રંથો લખ્યા છે. ચારે ય વેદ અને દસ ઉપનિષદો પર ખૂબ જ તાર્કિક અને વ્યાપક દષ્ટિથી લખાએલાં એમનાં ભાષ્યો આગવાં અને અદ્વિતીય હોઈ જર્મનીના સંસ્કૃતજ્ઞોએ પણ અજોડ વર્ણવ્યાં છે. 'શ્રી ભારત પારિજાતમ્', 'પારિજાતાપહાર', 'પારિજાત સૌરભ' જેવાં એમનાં સંસ્કૃત મહાકાવ્યો એમાંના બધા જ છંદોના પ્રયોગને કારણે એમની વ્યાપક સર્જનશક્તિનાં દ્યોતક સમાં છે. 'ભારત ભાસ્કરોદય' નામક શાસ્ત્રશુદ્ધ ગુજરાતીમાં ગાંધીજીના જીવન વિષે રચેલા મહાકાવ્યમાં ગુજરાતી ભાષાના શુદ્ધ પ્રયોગ પ્રત્યેની એમની આગ્રહભરી ચીવટ તથા ગાંધીજી પ્રત્યેની અનન્ય ભક્તિ પ્રકટ થાય છે.



એક ધર્મસંપ્રદાયના વડા હોવા છતાં એમનું હૃદય રાષ્ટ્રભાવનાથી ભર્યું હતું ઉજ્જૈનમાં શાસ્ત્રાર્થ કરી વિજય પામ્યા પછી ગાંધીજીની સત્યાગ્રહની હાકલ સાંભળી બધું છોડી તેઓએ સાબરમતી આશ્રમમાં સ્વેચ્છાએ સંસ્કૃત, ફારસી, હિંદી ને ઉર્દૂ શીખવવાનું કાર્ય વિનાવેતને ઉપાડી લીધું હતું. સ્વાવલંબનના પણ તેઓ એટલા આગ્રહી હતા કે એ સમયે પણ તેઓ કંતાઈ–વણાટ વગેરે જેવાં કામ કરી તેમાંથી મળતી ચાર-છ પૈસાની મજૂરી પર સ્વયંપાકી બની પોતાનું ગુજરાન ચલાવતા. આ જ રીતે અગાઉ આબુ પર ચંપા ગુફામાં તેઓ રહેલા ત્યારે એક ગ્રંથની જરૂર પડતાં એ ખરીદવા માટે એમણે ઇંટો પાડવાની મજૂરી કરીને જોઈતી

રકમ એકઠી કરીને જ એ ગ્રંથ ખરીદ્યો હતો. આ જ રીતે એમણે જીવનભર અયાચક વૃત્તિ નિભાવી હતી. પોતે ઉપાડેલા કોઇ સત્કાર્ય માટે મળેલી આર્થિક સહયોગની રકમ કદીક ન વપરાય કે તેમાંથી કંઈ બચે તો એ દાતાની અનિચ્છા છતાં એને આગ્રહપૂર્વક પાછી સોંપી દેતા. આજે જ્યારે અનેક ધર્મના વડાઓ પરદેશ જઈને ધન ઘસડી લાવે છે ત્યારે, તેઓ આફ્રિકા ગએલા એ વખતે એમને ભેટ ધરાતી મોટી મોટી રકમો પાછી વાળીને કંઈ પણ લીધા વિના જ ભારત પાછા ફરેલા.

તેઓ રામાનંદ સંપ્રદાયના દીક્ષિત વિરક્ત હતા, પણ એમના હૃદયમાં સર્વ ધર્મો પ્રત્યે સમભાવ અને પ્રેમ હતો. એમના વ્યાપક શિષ્યગણમાં બધી જ કક્ષાના અને બધા જ પંથ સંપ્રદાયના લોકોને સમાન સ્થાન હતું, એટલું જ નહિ પણ ભાગ્યે જ કોઈ સાધુમાં જોવા મળે એ હરિજનસેવાની પણ એમનામાં સૂગ નહોતી. પોતે હમેશાં ખાદી જ વાપરતા અને તક મળ્યે એનો પ્રચાર પણ અચૂક કરતા. પણ ધર્મનો ફિરકો ચલાવવાનો એમણે કદી પ્રયાસ નહોતો કર્યો.

વિવાદાસ્પદ વિવિધ મુદ્દાઓ પર તેઓ ચાળીસેક વખત શાસ્ત્રાર્થ લડેલા ને એ પ્રત્યેકમાં વિજયી રહ્યા હતા. પોતાને જે સત્ય લાગે તેને વળગી રહેવાનું દૃઢ મનોબળ એમનામાં હતું. પોતાના વિચારો નિર્ભય અડગતાથી ને છતાં પ્રેમપૂર્વક તેઓ પ્રકટ કરતા. સંસ્કૃત, માગધી, પાલી, પ્રાકૃત, ફારસી, હિંદી, ઉર્દૂ, અંગ્રેજી, ગુજરાતી, બંગાળી, મરાઠી, તમિળ, પંજાબી વગેરે ભાષાઓના તેઓ ઊંડા જાણકાર હતા. પોતાના સુદીર્ઘ આયુનો મોટો ભાગ એમણે ગુજરાતમાં જ વિતાવ્યો હોઈ ગુજરાત અને ગુજરાતી ભાષા પ્રત્યે એમને અસાધારણ મમતા હતી. ગુજરાતી ભાષાની શાસ્ત્રશુદ્ધતા માટેનો એમનો આગ્રહ એ પણ એમની પ્રલંબ ગુજરાતી કાવ્યરચના 'ભારત ભાસ્કરોદય'ના સર્જન પાછળનું એક પ્રેરક બળ હતું. ગાંધીજીને પણ એમના પ્રત્યે એવો જ ભાવ હતો. વર્ધાના સેવાગ્રામમાં એમણે પોતે એમને બોલાવ્યા હતા.

પોતાની પ્રતિભા, મેધા, કાર્યશક્તિ ને સાધુતાના બળે તેઓ ઇચ્છત તો કોઈ મોટા મંદિરની વૈભવશાળી ગાદીના મઠાધીશ સહેજે બની શકત યા પોતાનો આશ્રમ સ્થાપી શકત. અને એ માટેના પ્રસ્તાવો પણ એમની પાસે અનેક વાર આવેલા, છતાં એનાથી તેઓ અલિપ્ત જ રહ્યા અને અમદાવાદમાં પાલડી વિસ્તારમાં એક નાનાશા આવાસમાં જ એમણે પોતાના વ્યાપક કાર્યને અત્યંત સાદગીપૂર્વક સતત જારી રાખેલું. વ્યાપક પ્રતિષ્ઠા અને અત્યંત વિદ્વત્તા છતાં એમનું હૃદય રામ અને સીતા પ્રત્યેની ભક્તિથી સદાય ગદ્ગદિત રહેતું.

આયુના છેલ્લા દાયકા દરમિયાન ત્રણેક વાર ગંભીર માંદગી વેઠયા છતાં અને શ્રમ ન લેવા માટે ડૉકટરોની સલાહ છતાં તેઓ સો વર્ષની વયે પણ સતત કાર્યરત રહેતા. એ વયે પણ એમના બધા દાંત સાબૂત હતા અને એમની દૃષ્ટિ તથા પાચનશક્તિ પણ. વિદ્યાર્થી અવસ્થામાં તો એમણે એટલું સામર્થ્ય કેળવેલું કે બે વિષયના અધ્યાપકો એકસાથે બે ભિન્ન વિષય પર બોલે ત્યારે તેઓ એકી સાથે બંને હાથે લખીને એ બંનેના વક્તવ્યની નોંધ કરી શકતા!

આવી એ અદ્વિતીય સંત પ્રતિભા એક સામાન્ય સ્થળે વસીને સતત પોતાનો પ્રકાશ રેલાવતી રહી, પૂરી એક સદીનું આયુ ભોગવી ગઈ, ૮મી નવેમ્બરે બ્રહ્મલીન થઈ જતાં આપણે એક મહામૂલું વિદ્વદ્‌રત્ન ગુમાવ્યું છે.

તલ

મકરસંક્રાન્તિ એ શિશિર ઋતુનું એક પર્વ છે. શિશિર ઋતુ એ ઠંડીનું પ્રાબલ્ય ધરાવનારી, ક્ષુધા વધારનારી અને કફ તથા વાયુના રોગોની કારક ઋતુ છે. આની સામે તલ અનેક રીતે ગુણકારી હોઈ મકરસંક્રાન્તિમાં તલના સેવનનું વિશેષ માહાત્મ્ય છે.

કાળા, ધોળા અને રાતા એમ રંગભેદે તલના ત્રણ પ્રકાર છે, જેમાં કાળા તલ ઉત્તમ, ધોળા મધ્યમ અને રાતા તલ હીન ગણાય છે.

તલ રસમાં તીખા, કડવા, મધુર ને તૂરા છે. વિપાકમાં તીખાં છે. તેમાં બળ વધારવાનો, મળને બાંધવાનો, વાયુને શમાવવાનો, જઠરાગ્નિ પ્રદીપ્ત કરવાનો ગુણ હોવા ઉપરાંત એ વાળ અને દાંતને માટે હિતકર છે.

રોજ મૂઠીભર કાળા તલ ચાવીને ખાવાથી દાંતનું આયુષ્ય વધે છે. રક્તાર્શમાં બકરીના અર્ધો શેર દૂધમાં એક તોલો કાળા તલ વાટીને બનાવેલા કલ્કમાં અર્ધો તોલો સાકર મેળવીને સવારમાં પીવાથી હરસમાં પડતું લોહી બંધ થાય છે. વાગ્યાના ઘા ઉપર વાટેલા તલમાં ઘી અને મધ મેળવીને ચોપડવાથી જલ્દી રૂઝ આવે છે. શરીરમાં દાહ કે બળતરા થતી હોય તો કાળા તલને દૂધમાં વાટીને તેનો લેપ કરવાથી શાતા વળે છે.

તલનું તેલ સ્નિગ્ધ, ઉષ્ણ અને બૃહણ હોઈ વાત, અગ્નિ તથા કફનાશક મનાય છે. તલના તેલનું માલિશ ત્વચાને સ્વચ્છ, કોમળ, મજબૂત ને સુંદર બનાવે છે. કાનના રોગોમાં પણ તલનું તેલ ગુણકારી છે તથા યોનિનું શોધન કરેછે. શેકેલા કાળા તલનો મુખવાસ દાંતને મજબૂત કરે છે.

તલ તથા ગોળનું સેવન કફ અને પિત્તનું કારક ગણાય છે. ચર્મરોગ, શરદી, રક્તવિકાર, વિબંધ અને કૃમિમાં તલનું સેવન વર્જ્ય ગણાય છે.

—અશોકકુમાર રસિકલાલ સોની

દ્વાદશ જ્યોતિર્લિંગ

ભારતમાં દ્વાદશ જ્યોતિર્લિંગની યાત્રા અને દર્શનનું મોટું માહાત્મ્ય છે. આ બાર જ્યોતિર્લિંગનાં મૂળ સ્વરૂપ અને ઉત્પત્તિ સંબંધી વિવિધ મત પ્રચલિત છે. કેટલાક લોકો જ્યોતિર્લિંગ એટલે વ્યાપક બ્રહ્માત્મલિંગ કે વ્યાપક તેજઃપુંજ એવો અર્થ કરે છે, તો કેટલાક એને શિવલિંગના બાર ખંડ માને છે. મોહિનીના રૂપ પર મોહ પામી શિવ તેની પાછળ પડ્યા ત્યારે જ્યાંજ્યાં એમનું રેતસ્ખલન થયું તે તે સ્થાને જ્યોતિર્લિંગનું નિર્માણ થયું એવું પણ અમુક વર્ગ માને છે. તૈત્તિરીય ઉપનિષદમાં બ્રહ્મ, માયા, જીવ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એ બાર તત્ત્વોને જ્યોતિર્લિંગ કહ્યાં છે, તો કોઈક વળી જ્યોતિર્લિંગને યજ્ઞપ્રતીક પણ ગણે છે. પણ એ રીતે તો પ્રત્યેક શિવલિંગ જ્યોતિર્લિંગ ગણાય. દ્વાદશ આદિત્યના એ પ્રતીક હોવાનું પણ અમુક લોકો માને છે. કેટલાક વળી જ્યોતિર્લિંગનાં સ્થાનોને આજે સુપ્ત એવા પ્રાચીન જ્વાળામુખીઓના ઉદ્રેકસ્થાન હોવાનું પણ ગણે છે. બાર જ્યોતિર્લિંગનાં સ્થાન અંગે પણ મતાંતર છે, પરંતુ સામાન્યતઃ જ્યોતિર્લિંગ એટલે સ્વયં પ્રકટ થએલાં લિંગ એવો ખયાલ પ્રવર્તે છે. મુખ્યત્વે મનાય છે કે—શ્રી સોમનાથ સૌરાષ્ટ્રે, શ્રીશૈલે મલ્લિકાર્જુન,

ઉજ્જૈનમાં મહાકાલ, ઓમકાર અમરેશ્વરે;
વૈજનાથ ચિત્રભૂમે, ડાકિની ભીમશંકર,
સેતુબંધે ચ રામેશ, નાગેશ દાસકાવને;
વસે વિશ્વેશ કાશીમાં, ત્ર્યંબક ગોમતી તટે,
હિમાલયે ચ કેદાર, ઘૃષ્ણેશ છે શિવાલયે.

આ રીતે, સૌરાષ્ટ્રમાં 'સોમનાથ', તામિલનાડુમાં શ્રીશૈલ શિખર પર 'મલ્લિકાર્જુન', ઉજ્જૈનમાં 'મહાકાલેશ્વર', નર્મદાતટે અમરેશ્વરમાં 'ઓમકારેશ્વર', ચિતાભૂમિમાં 'વૈજનાથ' (કે વૈદ્યનાથ: આંધ્રપ્રદેશમાં પરલીમાં પણ વૈદ્યનાથ હોવાનું મનાય છે), ડાકિની(?)માં ભીમા નદીના તીરે 'ભીમશંકર', સેતુબંધ (રામેશ્વર)માં 'રામેશ્વર', દાસકવન (દ્વારકા પાસે) 'નાગેશ્વર', વારાણસીમાં 'કાશીવિશ્વેશ્વર', ત્ર્યંબકમાં ગોમતી તટે 'ત્ર્યંબકેશ્વર', હિમાલયમાં 'કેદારેશ્વર' કે 'કેદારનાથ' અને દૌલતાબાદ નજીક 'ઘૃષ્ણેશ્વર' એ દ્વાદશ જ્યોતિર્લિંગ છે. આ બારેય જ્યોતિર્લિંગનો ટૂંકો પરિચય વીરમગામના શ્રી ચંદ્રકાન્ત મોતીલાલ શુક્લએ લખી મોકલ્યો છે તેમાં શક્ય ત્યાં પૂરક ઉમેરણ કરી આ વર્ષ દરમિયાન તે ક્રમશઃ પ્રકટ કરીએ છીએ. 'માધુકરી'ના પ્રથમ પૃષ્ઠ પર એ અપાતો રહેશે. —સં.

રત્નવિચાર : પ્રાચીન દૃષ્ટિએ

સાહિત્યમાં સૌથી પહેલાં રત્ન શબ્દનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે. ત્યારે રત્ન શબ્દ કયા અર્થમાં વપરાતો હતો તે કહેવું કઠિન છે. પછીથી વિદ્વાનો અને કવિઓ રત્ન શબ્દનો બહુમૂલ્ય પાષાણના અર્થમાં પ્રયોગ કરતા થયા. કવિઓ તો રત્ન શબ્દને 'નિધિ'ના અર્થમાં પણ યોજે છે. સંસ્કૃત વાઙ્મયમાં સમુદ્ર–મંથનની ચૌદ રત્નોની ઉત્પત્તિનું વર્ણન મળે છે. તેમાં લક્ષ્મી, ઐરાવત હાથી, અમૃત, પારિજાત પુષ્પ, ચંદ્ર, કૌસ્તુભમણિ, કામધેનુ વગેરેને પણ રત્ન સંજ્ઞા આપવામાં આવી છે. આપણે ત્યાં માંગલિક અનુષ્ઠાનોમાં પુરોહિતો જૂના સમયથી એક સુંદર શ્લોક ગાતા આવ્યા છે તે પ્રમાણે આ ચૌદ રત્નો આ પ્રમાણે છે :

लक्ष्मीः कौस्तुभ–पारिजातक–सुराः धन्वन्तरिश्चन्द्रमा ।
गावः कामदुघाः सुरेश्वर गजो–रंभादि–देवांगनाः ।
अश्वः सप्तमुखो विषं हरिधनुः शंखोऽमृतं चाम्बुधेः
रत्नानीह चतुर्दश प्रतिदिनं कुर्युः सदा मंगलम् ॥

જે બહુમૂલ્ય પથ્થરોને રત્નો તરીકે માનવામાં આવ્યાં છે તેનાં ઉદ્‌ગમ સ્થળો નદી, પૃથિવી, પર્વત ને સમુદ્રો છે. તેથી પર્વતોને રત્નાચલ પૃથિવીને રત્નગર્ભા અને સમુદ્રને રત્નાકરની સંજ્ઞા આપવામાં આવી છે.

રત્નો અને ઉપરત્નોનું વિભાજન કરતાં પ્રાચીન આચાર્યોએ નવ (૯) પાષાણને મુખ્ય રત્ન અને બીજાંને ઉપરત્ન કહ્યાં છે. નવ રત્નોમાં હીરક, નીલમ, પુષ્પરાગ, માણિક્ય, મરકત, મુક્તા, ગોમેદક, વૈદૂર્ય અને પ્રવાલની ગણના થાય છે. એમાં મુક્તા અને પ્રવાલને પાષાણ કહેવા ઉચિત નથી કારણ કે આ બન્ને સમુદ્રોમાંથી મળે છે. મુક્તા (મોતી) છીપલામાં રહેતા એક જંતુના શરીરમાંથી દ્રવતા સ્રાવમાંથી બને છે અને પ્રવાલ સમુદ્રમાં રહેતા એક જંતુનું ચૂના વડે બનાવેલું સળીઓના ઘર જેવું છે. તે સમુદ્રને તળિયે છીછરા પાણીમાં શાખા–ગુચ્છકોના રૂપમાં હોય છે : એ સળીઓ લાલ, ગુલાબી અને સફેદ રંગની હોય છે.

અશ્વઘોષ કવિ (પહેલી સદી)ની કૃતિઓમાં રત્નોમાં મુક્તા, નીલમ, પદ્‌મરાગ, વજ્ર, વૈદૂર્ય, સ્ફટિક અને શંખનો ઉલ્લેખ મળે છે. ભરત નાટ્યશાસ્ત્રમાં એ ઉપરાંત મરકત અને પદ્મમણિ (માણેક)નો હવાલો મળે છે. કાલિદાસના ગ્રંથોમાં થોડાં બીજાં રત્નોનાં નામો મળી આવે છે. દા. ત. વિદ્રુમણિ (ઓપલ), ચંદ્રકાંત મણિ, (શ્વેત પોખરાજ), સૂર્યકાંત મણિ, લોહિતાંક મણિ તથા સિતમણિ.

વરાહમિહિરે પાંચ મહારત્નો અને ચાર ઉપરત્નો ગણાવ્યાં છે : મહારત્ન તરીકે હીરક, મુક્તા, માણિક્ય, નીલ ને મરકતમણિને અને ઉપરત્ન તરીકે ગોમેદ, પુષ્પરાગ, વૈદૂર્ય અને પ્રવાલને ગણાવ્યાં છે.

અગસ્તિમત, રત્નસંગ્રહ, મણિમાહાત્મ્ય, લઘુરત્નપરીક્ષા વગેરે સંસ્કૃત ગ્રંથોમાં પ્રત્યેક રત્નનો પરિચય, જાતિ, રંગ, ગુણદોષ અને ઉત્પત્તિસ્થાન આદિનું વર્ણન મળે છે. બીકાનેરના સંગ્રહાલયમાંના રત્ન-વ્યવસાય નામક એક હસ્તલિખિત ગ્રંથમાં રત્નોના વ્યવસાય બાબત ઘણી વ્યાવહારિક વાતો મળે છે :

વાત્સ્યાયન મુનિ અને બુદ્ધ-ભટ્ટ નામક વિદ્વાનોએ પોતાના રત્ન-પરીક્ષા નામક ગ્રંથમાં રત્ન, ઝવેરાત વગેરેની કસોટી કેમ કરવી તેની બારીક માહિતી આપી છે. બુદ્ધભટ્ટે તો કૃત્રિમ મોતી બનાવવાની પ્રક્રિયા પણ લખી છે. ભારતીય રત્નપરીક્ષાના ગ્રંથોમાં મોટે ભાગે માણિક્યને સર્વ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. પરન્તુ કિંમત અને આકર્ષણની દૃષ્ટિએ હીરા (વજ્ર)ને હવે ઝવેરી લોકો પ્રથમ સ્થાન આપે છે.

—શંકરદેવ વિદ્યાલંકાર

રામાયણ : ગૃહસ્થાશ્રમનું મહાકાવ્ય

રામાયણની ખાસ ખૂબી એ જ છે કે તેણે એક ગૃહકથાને જ અત્યંત મહાન કરી બતાવી છે. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ અને પતિ-પત્ની વચ્ચે જે ધર્મનું બંધન છે, જે પતિભક્તિનો સંબંધ છે, તેને રામાયણે એટલું મોટું સ્વરૂપ આપી દીધું છે કે તદ્દન સ્વાભાવિક રીતે મહાકાવ્યનો યોગ્ય વિષય થઈ પડ્યો છે. પિતા પ્રતિ પુત્રની આજ્ઞાકારિકતા, ભ્રાતા માટે ભ્રાતાનો આત્મત્યાગ, પતિ-પત્ની વચ્ચે અન્યોન્ય પ્રતિ નિષ્ઠા ને પ્રજાપતિ રાજાનું કર્તવ્ય કેટલે સુધી જઈ શકે છે તે રામાયણે દર્શાવ્યું છે. આવા વ્યક્તિ વ્યક્તિ પરત્વેના ને તેમાંય મુખ્યત્વે કરીને ગૃહ સંબંધો કોઈ પણ દેશના મહાકાવ્યમાં આવી રીતે વર્ણનને યોગ્ય વિષય મનાયા નથી.

આથી કેવળ કવિનો જ નહિ પણ ભારતવર્ષનો પરિચય થાય છે. ગૃહ અને ગૃહધર્મ એ ભારતવર્ષને કેટલાંક મહત્ત્વનાં છે તે આ ઉપરથી સમજાય છે. આપણા દેશમાં ગૃહસ્થાશ્રમને અત્યંત ઉચ્ચ સ્થાન આપવામાં આવતું હતું તે વાત આ કાવ્ય પુરવાર કરી આપે છે. ગૃહસ્થાશ્રમ આપણાં અંગત સુખ અને સગવડ અર્થે નહોતો ગૃહસ્થાશ્રમ સમસ્ત સમાજને ધારણ કરી રાખતો અને મનુષ્યને સાચો મનુષ્ય બનાવતો. ટૂંકામાં ગૃહસ્થાશ્રમ ભારતવર્ષીય આર્ય સમાજનો પાયો હતો. રામાયણ ગૃહસ્થાશ્રમનું કાવ્ય છે. એ જ ગૃહસ્થાશ્રમ-ધર્મને રામાયણે પ્રતિકૂળ અવસ્થામાં નાખીને, વનવાસ-દુઃખમાં મૂકીને વિશેષ ગૌરવ આપ્યું છે. કૈકેયી મંથરાના કૂડકપટના કઠિન આઘાતો અયોધ્યાના રાજગૃહને વિચ્છિન્ન કર્યા છતાં પણ ગૃહધર્મની દુર્ભેદ્ય દૃઢતા રામાયણે પુકારીને બતાવી છે. બાહુબળને નહિ, વિજિગીષાને નહિ, રાષ્ટ્રગૌરવને નહિ, શાન્તરસાસ્પદ ગૃહધર્મને જ રામાયણ કરુણાના અશ્રુજળે અભિષિક્ત કરી તેની સુમહાન વીર્ય ઉપર પ્રતિષ્ઠા કરી છે.


—રવીન્દ્રનાથ ઠાકુર

હવામાંનો ભેજ

વનસ્પતિ—વૃક્ષ કે છોડ—જેટલું પાણી ગ્રહણ કરે છે એમાંથી બહુ જ ઓછું એ પોતાના માટે વાપરે છે. એક અંદાજ છે કે મકાઈનો એક સારો છોડ પોતાના પૂરા આયુમાં ૨૩૪ લિટર પાણી શોષે છે, પણ એમાંથી ૨૩૧ લિટર તો બાષ્પ થઈ હવામાં ભળી જાય છે. એટલે કે એના ઉપયોગમાં ખરેખર તો ૩ જ લિટર પાણી કામ આવે છે. અનાજથી લચતા ખેતરમાંથી એક જ વખતના પાક દરમિયાન એટલું પાણી ઊડી જાય છે કે એટલાથી એ ખેતર પર ૪૦ સે. મી. ઊંડો જળપટ પથરાઈ જાય. આના પરથી સહેજે સમજી શકાશે કે કોરાધાકોર સૂકા પ્રદેશ કરતાં હરિયાળીથી છવાએલા વિસ્તાર ઉપરની હવામાં કેટલો ભેજ ભળતો હશે. વાદળ રચાવા માટે હવામાં ભેજ ભેળવવામાં વનસ્પતિ કેટલી સહાયક છે!

ગણિત ગમ્મત

આ સાથેની આકૃતિમાં બે ચોરસ વડે એક અષ્ટકોણ આકૃતિ બનાવી છે. એમાં કેન્દ્રમાં ૯ રાખીને ૧ થી ૧૭ સુધીની સળંગ સંખ્યાનો ઉપયોગ કરીને એક ચાતુરીભરી અંકરચના કરી છે. આ આકૃતિમાં અંદરની બાજુએ રચાતા અષ્ટકોણાકારમાં (કેન્દ્રના ૯ ને ન ગણતાં) કિનાર પર આપેલા બધા આંકડાનો સરવાળો, આ આકૃતિમાં રચાતા બહારના ત્રિકોણાકારોમાં દર્શાવેલા બધા આંકડાના સરવાળા જેટલો (૭૨) જ છે. વળી, જે બે ચોરસથી આ આકૃતિ રચાઈ છે એ બંને ચોરસની ધાર પરની સંખ્યાઓનો સરવાળો પણ એકસરખો (૧૦૮) છે. (દા. ત. ૧ + ૫ + ૧૫ + ૭ + ૮ + ૨... તથા ૧૪ + ૧૬ + ૫ + ૬ + ૧૫ + ૮...) આ ઉપરાંત, બીજી પણ ખૂબીઓ છે. તેમાં કેન્દ્રના ૯ ના આંકનો ઉપયોગ કરીને અને કર્યા વિના તમે એ શોધી કાઢો.



—કિશોર ગોરધનદાસ

ડુમખલ

ભરૂચ જિલ્લામાં રાજપીપળાથી આશરે ૫૫ અને ડેડિયાપાડાથી ૨૫ માઈલ દૂર, ઘનઘોર જંગલમાં દેવ નદીને કિનારે આવેલું ડુમખલ ગામ, ૫૦૦ વર્ષ પહેલાં ગુજરાતભરમાં ખૂબ લોકપ્રિયતા ધરાવતું હતું.

સૃષ્ટિસૌંદર્યથી ભરપૂર આ ડુમખલ પ્રાચીન સમયમાં તેના વણાટ-કામ માટે ખૂબ જાણીતું હતું. 'ડુમ' નામનો આદિવાસી રાજા આ નાનકડી નગરીનો જનક હતો. તે પોતે વણાટકામમાં પાવરધો હતો તેથી અંગત રસ લઈને વણાટકામ કરાવતો અને ગુજરાતભરમાં તેનું વિતરણ કરતો.


ડુમખલના જંગલમાંથી નીકળતી દેવનદી સુરપાણેશ્વર નજીક નર્મદા-ને મળે છે. શિયાળામાં ડુમખલમાં ખૂબ ઠંડી પડે છે. કેટલીક વાર પાણી બરફ બની ગયાનું પણ લોકો કહે છે. આ જંગલમાં સજીવની વનસ્પતિ હોવાની લોકોની દૃઢ માન્યતા છે. એક વાર અંગ પર ઊંડો ઘા વાગેલો માનવી જંગલમાંથી પસાર થતો હતો ત્યારે જંગલની એકાદ વનસ્પતિનો સ્પર્શ તેના ઘાને થતાં ઘા તદ્દન રૂઝાઈ ગએલો એમ લોકો કહે છે

આ ડુમખલ પાસે કોલીવાડા-બિગજ નામનાં ગામ આવેલાં છે, ત્યાં વરાવ નદી નજીક એક દીવાલ અને ધરો છે. તેના પોલાણમાં હજારો પક્ષીઓ રહેતાં હોવાની માહિતી મળે છે. એ પહેલાં પ્રાચીન સમયમાં કોઈ ભોયરું હોય એમ લાગે છે. બિગજ પાસે ધામણ ખાડી પર પાંજરી ઘાટ નામનો સુંદર ધોધ આવેલો છે. આ ધોધ ધાંટોલીથી નજીક પડે છે.

ડુમખલના પોપટ તેની વાણી માટે ભારતભરમાં વખણાય છે. ગા-મમાં જૂની સંસ્કૃતિની સાક્ષી પૂરતા અને એ ગામની જાહોજલાલીની યાદ આપતા અનેક પાળિયા ને મંદિરોના અવશેષો અહીંતહીં પડેલા છે.

હવાખાવાનું સ્થળ જ્યાં બનવાનું છે એ માલ સામોટ ડુમખલની નજીક આવેલું છે. આ ગામ મહારાષ્ટ્રની સરહદ પાસે ચારે તરફ ઊંચા ડુંગરાઓથી ઘેરાએલું છે. સરકાર જો આ સ્થળનું સંશોધન કરે-કરાવે તો પુરાતન ઇતિહાસનાં અનેક પૃષ્ઠો બહાર આવે એવો પૂરો સંભવ છે

(પ્રવાસી) —ચંદુભાઈ દેશમુખ



આકાશદર્શન : માથા પર ઝળુંબતા હીરેમઢ્યા ચંદરવા જેવા આકાશમાં કેટલા તારા દેખાય છે? મીટ માંડીને જોતાં લાગશે કે એનો પાર જ આવે તેમ નથી. હવામાન તદ્દન સ્વચ્છ હોય, રાત અંધારી હોય અને આસપાસનાં દીવાબત્તીઓનું તેજ જોવામાં વિક્ષેપ પાડતું ન હોય તો નરી આંખે એકસાથે બહુબહુ તો અઢી હજાર તારા જોઈ શકાય, અને પૂરા વર્ષ દરમિયાન છ થી સાત હજાર તારા દેખાય. જો કે તારાઓની સંખ્યા તો એથી યે અનેકગણી છે, પણ કાં તો એ પૂરતા તેજસ્વી નથી યા તો એટલા દૂર છે કે આપણને તે નરી આંખે દેખાતા નથી. દૂરબીનની સહાયથી જણાયું છે કે એવા લગભગ દોઢેક અબજ તારાઓ તો છે જ. ¶ નિયમિત જોતા રહીએ તો જણાશે કે તારાઓની વચ્ચે આકાશમાં એક તેજસ્વી પટ પણ ફેલાએલો છે. એને 'આકાશગંગા' કહે છે. દૂરબીનથી જોતાં એ પટમાં અસંખ્ય તારાઓ દેખાય છે. હકીકતે એ એક તારાવિશ્વ જ છે જેને 'મંદાકિની તારાવિશ્વ' પણ કહે છે. પોતાના ગ્રહ-પરિવાર સાથે સૂર્ય આ મંદાકિની તારાવિશ્વનો એક અંશ માત્ર છે. આવા તો બીજા અનેક નાનામોટા લગભગ એક સો અબજ તારાઓ એમાં છે, એટલું જ નહિ, બીજા એટલા જ નવા તારાઓ રચાય તેટલું વાયુરૂપ દ્રવ્ય પણ એમાં છે. આ બધો જ રસાલો ગોળગોળ ઘૂમી રહ્યો છે. એના ચક્રાકાર વિસ્તારનો વ્યાસ એક લાખ પ્રકાશવર્ષ (૫૮,૬૫,૬૯, ૬૦,૦૦૦૦૦ × ૧૦૦૦૦૦ માઈલ) જેટલો અને કેન્દ્રમાં એની જાડાઈ પંદર હજાર પ્રકાશવર્ષ જેટલી છે. સૂર્ય તે કેન્દ્રથી લગભગ ૩૩૦૦૦ પ્રકાશવર્ષ દૂર રહી એક સેકન્ડે ૧૭૦ માઈલની ઝડપે એની પરિક્રમા કરી રહ્યો છે. આટલા વેગે પણ સૂર્યની એક પરિક્રમા પૂરી થતાં બાવીસ કરોડ વર્ષ લાગે છે. આ આકાશગંગાને કેન્દ્રમાં રાખીને આપણે એની આસપાસના વિસ્તારનો જરા વિગતે પરિચય કરીશું. સરળતા ખાતર ઉત્તર-દક્ષિણ આકાશના ક્ષિતિજ તરફ ઢળતા તારાઓને હાલ આપણે છેડીશું નહિ. આ રીતે ઉપર આપેલા નકશામાં ડિસેમ્બરથી માર્ચ દરમિયાન દેખાતા મુખ્ય તારાઓ અને આકાશગંગાનો પટ દર્શાવ્યો છે. આગળ વધતાં પહેલાં આ નકશાના આધારે એનો પ્રારંભિક પરિચય કરી લઈએ. —બિ. ટાંક

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

તા. ૧/૧૮૮૭ હિંદુસ્તાનમાં અનેક કાવાદાવા કરીને 'ઈસ્ટ ઇંડિયા કંપની'એ જમાવેલી રાજસત્તા દૂર કરવા ૧૮૫૭માં તેની સામે ખેલાએલા વ્યાપક જંગ પછી કંપની પાસેથી અહીંનો રાજઅમલ પોતાને હસ્તક લઈને બ્રિટિશ સરકારે દિલ્હીમાં રાણી વિક્ટોરિયાને હિંદુસ્તાનની સામ્રાજ્ઞી જાહેર કરી. આ રાણી વિક્ટોરિયાનું અવસાન પણ ૧૯૦૧માં આ જ માસની ૨૨મી તારીખે થએલું, અને યુદ્ધમાં અપ્રતિમ શૌર્ય માટે એના નામે અપાતા 'વિક્ટોરિયા ક્રૉસ'નું સ્થાપન પણ આ જ માસની ૨૯મી તારીખે ૧૮૫૬માં થએલું

તા. ૪/૧૬૪૨ સર આઈઝૅક ન્યૂટનનો જન્મ. એના જન્મ પછી ચાર જ દિવસ બાદ એ સમયના એક મહાન વિજ્ઞાની ગૅલિલીઓ ગૅલિલીનું અવસાન થયું હતું (૮ જાન્યુ. ૧૬૪૨). અને ઈ. ૧૭૪૨માં, બરાબર એક સદી પછી વિખ્યાત વિજ્ઞાની એડમંડ હેલેનું અવસાન થએલું. ખગોળશાસ્ત્રના વિકાસમાં આ ત્રણે વિજ્ઞાનીઓનો અમૂલ્ય ફાળો છે. ગૅલિલીઓએ પોતે બનાવેલા દૂરબીન વડે આકાશનું એક નવું જ દર્શન કરાવી અનેક પરંપરિત ખયાલોની અસત્યતા પુરવાર કરેલી. ન્યૂટને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત અને નવા પરાવર્તક દૂરબીનની શોધથી ખગોળશાસ્ત્રના વિકાસમાં નવો વેગ પૂર્યો, જ્યારે હેલેએ ખગોળશાસ્ત્રના અભ્યાસને આગળ ધપાવવા સાથે ઇતિહાસમાં સૌથી વધુ પ્રખ્યાત ધૂમકેતુની શોધ કરી.

તા. ૬/ ખ્રિસ્તીઓના નાતાલના તહેવારોમાં જે બાર રાતનું માહાત્મ્ય છે, તેમાંની બારમી રાત આ તારીખે મનાવાય છે. સ્પેઈનમાં આ તારીખે ક્રિસ્ટમસ ઊજવાય છે.

તા. ૭/૧૮૫૮ કંપની સરકાર સામે બગાવત પ્રેરવાના આરોપસર છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહને તેની બેગમ જિન્નતમહાલ અને શાહજાદા જવાંબખ્તને દેશનિકાલ કરી બર્મામાં રંગૂન લઈ જવામાં આવ્યા. (ઈ. ૧૮૬૩માં ત્યાં કેદી અવસ્થામાં જ બહાદુરશાહનું અવસાન થયું.) એના જ એક મહાન પૂર્વજ જહાંગીરનો શાહજાદો ખુર્રમ ઈ. ૧૬૨૮માં શાહજહાં નામ ધારણ કરીને તખ્તનશીન થએલો તે પણ આ જ માસની ૨૬મી તારીખે.

તા. ૧૦/૧૯૨૦ પહેલા વિશ્વયુદ્ધ પછી શાંતિની સ્થાપના અર્થે સ્થપાએલી 'લીગ ઑવ નેશન્સ' જીનિવામાં ખુલ્લી મુકાઈ. બીજા વિશ્વયુદ્ધ પછી આ જ આશયથી સ્થપાએલા 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ'ની જનરલ ઍસેમ્બ્લીની પ્રથમ બેઠક લંડનમાં યોજાઈ તે પણ આજ તારીખે ઈ. ૧૯૪૬માં.

તા. ૧૨/૧૮૬૩ અદ્ભુત કર્મયોગી સંન્યાસી સ્વામી વિવેકાનંદનો જન્મ. કલકત્તાના એક ગર્ભશ્રીમંત વિશ્વનાથ દાસના એ લાડીલા અને ભણતર, વ્યાયામ, સંગીતમાં તેજસ્વી ને સંસ્કારી પુત્રનું મૂળ નામ તો નરેન્દ્રનાથ હતું. છેલ્લાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ એક જ વર્ષમાં પતાવી મૅટ્રિક થયા પછી કૉલેજકાળમાં હર્બર્ટ સ્પેન્સરના વાચનથી એ નિરીશ્વરવાદી બનેલા. વીસ વર્ષની વયે બી. એ. થયા ને કાયદાનો અભ્યાસ આરંભ્યો ત્યાં વારસામાં મોટું દેવું મૂકી પિતા ગુજરી ગયા. પિતરાઈઓ મિલકતના ભાગ માટે અદાલતે ચડયા. અનેક બાજુએથી વિહ્વળ એમને સ્વામી રામકૃષ્ણના શરણમાં તૃપ્તિ મળી. રામકૃષ્ણે એમને પોતાના વારસ ગણ્યા. એમના અવસાન પછી રામકૃષ્ણના સૌ શિષ્યોનું વરાહનગર મઠમાં સંગઠન કરી પોતે પરિવ્રાજક બની સમગ્ર ભારતની યાત્રા કરી. ૧૮૯૩માં અમેરિકામાં યોજાએલી સર્વ ધર્મ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લઈને એમણે ત્યાં તથા પાછા ફરતાં ઇંગ્લૅન્ડમાં હિંદની પ્રતિભાનો ડંકો વગાડયો. દેશમાં આવીને 'રામકૃષ્ણ મિશન' સ્થાપી વિદ્વાન સાધુઓના જૂથ દ્વારા ધર્મપ્રચાર આદર્યો. હિમાલયમાં માયાવતીમાં અદ્વૈતાશ્રમ અને કલકત્તામાં બેલુડ મઠ પણ સ્થાપ્યા. અતિ શ્રમથી એમનું સ્વાસ્થ્ય લથડ્યું. દાક્તરી સલાહથી હવાફેર માટે ઇંગ્લૅન્ડ થઈ અમેરિકા ગયા. ત્યાં બધે તથા ફ્રાંસમાં બીજી સર્વધર્મ પરિષદમાં વ્યાખ્યાનો આપ્યાં. ફરી તબિયત બગડી. દેશમાં આવી બેલુડમઠમાં રહી શિષ્યોને તત્ત્વજ્ઞાનમાં પ્રવીણ કરવા માંડયા. ઈ. ૧૯૦૨ની ૪થી જુલાઈએ ૩૯ વર્ષની વયે એમનું અવસાન થયું.

તા. ૨૦/૧૨૬૫ ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટની સૌ પ્રથમ બેઠક મળી.

તા. ૨૩/૧૫૬૫ તાલિકોટાના યુદ્ધમાં વિજયનગરના મહાન હિંદુ સામ્રાજ્યનો અંત આવ્યો.

તા. ૨૭/૧૯૨૬ જ્હૉન લોગી બેઅર્ડે ટેલીવિઝનનો પ્રથમ પ્રત્યક્ષ પ્રયોગ બતાવ્યો.

તા. ૩૧/૧૮૮૫ જગપ્રસિદ્ધ બાલેરિના આના પાવલોવાનો જન્મ. આ જ માસની ૨૨મી તારીખે ૧૯૩૧માં એનું અવસાન.



ધનજી : ધારો કે તું જંગલમાંથી પસાર થઈ રહ્યો હો ને વાઘ આવે તો તું શું કરે?

મનજી : હું શું કરવાનો હતો? જે કરવાનું છે તે તો વાઘ કરવાનો.

∞

ઉંમરે પહોંચેલી કુ. પ્રતિમા રોજ પ્રાર્થના કરતી : 'હે પ્રભુ, હું મારે માટે તો કાંઈ નથી માગતી; પણ મારી માને સારો જમાઈ આપજે.'

અને પ્રભુએ તેની પ્રાર્થના ટૂંક વખતમાં જ સાંભળી; તેની નાની બહેન પરણી ગઈ!

∞

એક સસલો અને સિંહ એક રેસ્ટોરાંમાં સાથે ગયા ને એક ટેબલ પર બેસીને સસલાએ ઑર્ડર આપ્યો : 'કોબીજનો એક દડો; પણ અંદર કંઈ ભરવું નહિ.' વેઈટરે પૂછ્યું : 'અને આ તમારા મિત્ર માટે શું લાવું?'

'કશું જ નહિ.' સસલાએ ટૂંકો જવાબ આપ્યો : 'એમની વાત છોડો.'

'કેમ સાહેબ?' વેઈટરે ખાતરી કરવા પૂછ્યું : 'એ સાહેબને ભૂખ નથી લાગી?' એ સાંભળી સસલાએ વેઈટર સામે બરાબર નજર નોંધીને કહ્યું : 'સમજે છે કે નહિ? જો સિંહ ભૂખ્યો હોત તો હું આમ તેની સાથે બેઠો હોત ખરો કે?'

∞

ચોરીના આરોપસર પકડાએલા એક ગુનેગારે કોર્ટમાં પોતાના બચાવમાં કહ્યું : 'એમાં મારો દોષ નથી. મારા જાણવામાં આવ્યું છે કે દવાખાનામાં છેલ્લી બે વખત મને જે લોહી આપવામાં આપેલું તે ચોરોનું હતું.'



પરાગ જો અંતરમાં હશે તો, એ પાંગરીને કદી પુષ્પ ખીલશે;
મનોરથો સ્વપ્ન મહીં હશે તો સિદ્ધિ રૂપે કાર્ય વિષે જ જન્મશે.
—ઉમાશંકર જોષી—

એક પેઢીના અત્યંત કાર્યદક્ષ, પ્રામાણિક મૅનેજરના ઘરમાં ચોરી થતાં તેની ત્રીસેક હજારની બધી મતા સાફ થઈ ગઈ, એ જાણીને તેમના કામથી પ્રસન્ન ને સંતુષ્ટ રહેતા એ પેઢીના માલિકે તેમને બોલાવી સહાનુભૂતિ દર્શાવી ૩૦ હજારનો ચેક તેમને આપતાં કહ્યું: 'તમારું નુકસાન સમજું છું, માટે મારી આટલી ભેટ સ્વીકારો.' મૅનેજરે વિનયપૂર્વક ચેક પાછો વાળતાં કહ્યું: 'હું ખોટનો સોદો કરવા નથી માગતો. આપ એ આપવામાં જે અનુગ્રહ દર્શાવો છો તેનું મૂલ્ય ૩૦ હજાર કરતાં પણ મારા મનથી વધુ છે; અને ચેક લઈને હું એ મૂડી પરિમિત કરવા નથી માગતો.'

થોડા સમય પછી એ મૅનેજરના પગાર અને પદમાં અસાધારણ વધારો થઈ ગયો.

∞

કહેવતો: 'નવાબનું નગારું તો પૂંજિયાનું તબારું.'—મોટાનો મહિમા કે ઉમંગ મોટો હોય તેમ નાનાનો પણ તેના ગજા પ્રમાણે હોય તે દર્શાવતી આ કહેવત જેવી બીજી: 'રાણોજી રાજિયા તો શેખજી સાહેબ'; 'હોળી ને દિવાળી વચ્ચે ઉત્તરાયણ પણ કંઈ ઓછી નથી' વગેરે.

∞

અનેકાર્થી શબ્દ: **રાશ** = દોરડું (૧૬ હાથનું); લગામ કે અછોડો; ઢગલો કે જથ્થો; ભંડોળ; ભાગીદારી; સહીઆરી; વ્યાજમુદ્દલ—મુદ્દલ અને વ્યાજ બંને મળીને થતી રકમ; રાશિથી મળતી જાતિ, ગુણ, સ્વભાવ વગેરે; મેળ, એકરાગ (બનતી રાશ); રાશિ—માસિક ચન્દ્રની ગતિ; સરખાપણું.

∞

ગણિતગમ્મત: જોડાજોડ આવતી ગમે તેટલી રકમો લઈ તેનો સરવાળો કરો. હવે તે પછી તરત આવતી તેટલી જ રકમોનો સરવાળો કરો. આ બીજા સરવાળામાંથી શરૂનો સરવાળો બાદ કરો, તો તમે લીધેલી રકમોની સંખ્યાનો વર્ગ જ આવશે. દાખલા તરીકે:

(૧૭+૧૮+૧૯+૨૦+૨૧+૨૨)=૧૧૭

—(૨૩+૨૪+૨૫+૨૬+૨૭+૨૮)=૧૫૩

૧૫૩–૧૧૭= ૩૬ એ, સરવાળો કરવા માટે લીધેલી સંખ્યા ૬નો વર્ગ છે. (અરુણ નાયક)

∞

અંકસંદર્ભ: **સાત**: શરીરની સાત ધાતુ—રસ, રક્ત, માંસ, મજ્જા, મેદ, અસ્થિ, શુક્ર; સપ્ત રંગ (સૂર્ય કિરણના) લાલ, નારંગી, પીળો, લીલો, વાદળી, ગળીઓ, જાંબલી; સાત વાર—રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ.

अर्थातुराणां न गुरु र्न बन्धुः
कामातुराणां न भयं न लज्जा।
विद्यातुराणां न सुखं न निद्रा
क्षुधातुराणां न रुचि र्न वेला॥

ધનના લોભથી અધીર બનેલા લોકો માટે કોઈ વડીલ કે બંધુ હોતો નથી; કામ વિકારથી પીડિત લોકને કોઈ જાતની બીક કે લજ્જા હોતી નથી; વિદ્યાલાભ માટે ઉત્સુક લોકોને સુખ કે નિદ્રાની પરવા હોતી નથી અને ભૂખથી વ્યાકુલ લોકોને આહાર વિષે રુચિ કે સમયનો કશો વિચાર હોતો નથી—તે ગમે તે વેળાએ ખાવા તૈયાર હોય છે.



ટિકિટકથા: ગઈ સદીના આરંભમાં સામોઅન ટાપુઓમાં ટપાલ વ્યવસ્થા નહોતી સ્થપાઈ. ત્યાં ગએલા મિશનરીઓના પત્રો ત્યારે લગભગ એક વર્ષે ઇંગ્લૅન્ડ પહોંચતા. ઈ. ૧૮૭૭માં ત્યાં 'સામોઆ ટાઈમ્સ' નામે અખબાર શરૂ થયું. એના માલિક ઍગરે પોતાનું છાપું બધે પહોંચાડવા અને સાથોસાથ બીજાઓના પત્રો પણ લઈ જવા પોતાની આગવી ટપાલ-વ્યવસ્થા 'સામોઆ એક્સપ્રેસ' ઊભી કરી હતી. ગયા વર્ષે એની શતાબ્દી નિમિત્તે આ ખાસ ટિકિટ બહાર પડી, જેના પર નવી ટપાલ વ્યવસ્થા આરંભાયાની જાહેરાતવાળા એના છાપાનું પાનું તથા એની ટિકિટનું ચિત્ર આપ્યું છે.

∞

વકીલે અસીલને પૂછ્યું 'ફરિયાદીને તમે હિસાબ બતાવ્યો એટલે એણે શું કહ્યું?'

'એણે મને જહન્નમમાં જવા કહ્યું.'

'એમ કે? એટલે તમે શું કર્યું?'


'એટલે હું સીધો આપને ત્યાં જ આવ્યો!'

∞

હરતાલ એક ભાગ. ત્રિફળા એક ભાગ તથા કાળીજીરી ચાર ભાગ મેળવી, તેને ગૌમૂત્રમાં વાટી લેપ કરવાથી સફેદ કોઢ મટે છે.



પતરાના સમચોરસ કટકામાંથી આ ચિત્રનીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ખડિયો મૂકવા માટેનું ઘર બનાવી શકાશે.



નીચે બતાવ્યા પ્રમાણે પતરાની વચ્ચોવચ ખડિયાના તળિયા જેવડું ચક્કર દોરી એમાં સરખે અંતરે દસ કાપ મૂકો. કુંડાળાના મધ્યબિંદુમાં મળતી દસે અણીઓ ઊભી આવે એ રીતે વાળી તેની વચ્ચે ખડિયો મૂકી અણીઓ તેને પકડે એમ વાળી દો. પછી શાહી ઢોળાઈ જવાની જરા પણ બીક વિના ખડિયાને ગમે ત્યાં સ્થિર રાખી શકાશે.



અમેરિકાની પશ્ચિમ કંઠારેથી નિશાની લગાડીને દરિયામાં છોડી દેવામાં આવેલી આલ્બકોર માછલી ૩૨૪ દિવસ પછી ૫૦૦૦ માઈલ દૂર જાપાનના કિનારે એક માછીમારના હાથે પકડાઈ હતી. મતલબ કે નિશાની લગાડ્યા પછી તુરત જ એ માછલી દરિયામાં પશ્ચિમે દોડવા લાગી હોય તો એ સતત રોજના સરાસરી લગભગ ૧૫ માઈલ તરી હશે.



કલાકણિકા: મધ્ય અમેરિકાનું એક પ્રાચીન પાત્ર. રતુમડા બદામી રંગના પાત્ર પરનું આલેખન તથા તેના પર મકાન જેવું શોભન એ એમના કોઈ મંદિરનું સૂચક છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૨થી

શ્રેષ્ઠ લિપિ ગુજરાતી

અંક ૬૪૫માં શ્રી મધુસૂદન ઢાંકીએ લિપિ વિષયક જે મત દર્શાવ્યો છે તેના સંદર્ભમાં સવિશેષ: 'એક લિપિ તરીકે ગુજરાતી શ્રેષ્ઠ છે' એવો અભિપ્રાય વર્ષો પૂર્વે શ્રી ટી. જી. અવંસુધન નામના સદ્‌ગૃહસ્થે આપ્યો હતો. એમણે લિપિ પર એક સુંદર વિદ્વત્તાયુક્ત લેખ લખ્યો હતો. તેઓ નોંધે છે કે 'સુભાગ્યે એક એવી લિપિ છે કે જેમાં આમાંનો એક પણ દોષ નથી, અને તે સંસ્કૃત સાથે ઘાડો સંબંધ ધરાવતી ગુજરાતી છે. તેના ગુણદોષ દેવનાગરી સાથે તુલના કરવાથી સમજાશે. તેને મથાળાની લીટી નથી અને જે રીતે ઈંગ્રેજી લખાણ ઈંગ્રેજી છાપ (Print) સાથે સંબંધ રાખે છે તે મુજબ તે દેવનાગરી સાથે સંબંધ ધરાવે છે. તે સુરેખ છે. મથાળાની લીટીથી મુક્ત હોવાના સબબે તે ઈંગ્રેજી છાપના અક્ષરોની માફક સ્પષ્ટ અને વ્યક્ત છે અને તેથી લખવા વાંચવાની બહુ સુગમતા હોય છે. ઉચ્ચાર અને સંજ્ઞામાં દેવનાગરીને સમાન છે...આ પ્રમાણે દેવનાગરીના સર્વ ગુણો તેમાં છે અને તેનો એક પણ દોષ એમાં નથી.' ('બુદ્ધિપ્રકાશ' મે ૧૯૧૧)

ગુજરાતીના સાક્ષરવર્ય સગદ્દત નરસિંહરાવ દિવેટિયાને દેવનાગરી પ્રતિ અરુચિ હતી તે સુવિદિત હકીકત છે. વળી તેઓ 'સરલતા ગુજરાતી લિપિની વધારે છે જ' એમ સ્પષ્ટપણે માનતા હતા. લિપિ તરીકેની ક્ષમતા ગુજરાતી લિપિમાં હોઈ સંપાદકશ્રીના મતને હું યોગ્ય લેખું છું.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

'કુમાર'નું ઋણ

જૂન અંકમાં ભાઈશ્રી અભિજિત વ્યાસે 'કુમાર' વિષે જે લખ્યું છે તે વાંચી દુ:ખ થયું.

મારી ઉમર ૭૦ વરસની છે. ગામડામાં જન્મ થયો, જ્યાં પ્રાથમિક ૪ ધોરણ સુધીની જ શાળા હતી. એટલું જ શાળાકીય જ્ઞાન મને મળ્યું છે. ૧૮-૨૦ વરસ સુધીનું જીવન ગામડામાં જ વીત્યું એથી શીખવા જેવી ઘણી બાબતોથી વંચિત રહી જવાયું. સારુ થોડું અને ખરાબ વધારે એવા સંસ્કાર સાથે પ્રગતિ સાધવાની અભિલાષાથી શહેરમાં આવ્યો. સામાન્ય નોકરી સ્વીકારી. વિદ્વાનો, જ્ઞાન આપતી સંસ્થાઓ ને સ્થળો તથા સાહિત્યનું શરણ લીધું.

સાહિત્યમાં સસ્તું સાહિત્ય, ફાર્બસ સભા, હાલની વિદ્યાસભા, નવજીવન કાર્યાલય, કુમાર કાર્યાલય આદિથી પ્રેરણા મેળવી આપમેળે ઘડતર શરૂ કર્યું. ઋણ ઘણાનાં માનું છું તેમાં 'કુમાર'નું ઋણ અદકેરું ગણું છું. 'કુમારે' ખેલદિલી, નિર્ભીકતા, ખડતલપણું, કરકસર, સુઘડતા, સાદું જીવન—ઉચ્ચવિચાર આદિ ઘણુંઘણું શીખવ્યું, અને હજુ પણ પ્રેરણા મેળવવા જેવું કંઈ ને કંઈ દરમાસે મળ્યે જાય છે. આને પ્રતાપે મધ્યમ વર્ગમાં હું ઘણો સુખી છું.

મારી અભણતા અને ત્રુટીઓમાં જે કંઈ સારુ સાધી શકાયુ છે એ મેળવવામાં મોટા ભાગની પ્રેરણા 'કુમાર'માંથી મળી છે. એના પ્રેરણાદાને પ્રગતિ સાધનાર હું એક જ ન હોઉં, બીજા પણ હશે.

(મોરબી) —ભુરુભા જાડેજા

પ્રભુપ્રાર્થના

મુંબાઈ આકાશવાણી ઉપરથી સાંભળેલી પ્રભુપ્રાર્થના(હે પ્રભુ, તું અંધારી રાત્રીનું તિમિર આપ તો ભલે આપ, પણ સાથે દીપક પણ આપતો જા)નું પ્રતિકાવ્ય.

નભપ્રવાસો દે તો પૅરશૂટ દે
ઠંટકો દે તો તું સારાં બૂટ દે;
જળપ્રવાસો દે તો લાઈફ બેલ્ટ દ
ટાઢ દે તો વસ્ત્ર ફલાલીન ફેલ્ટ દે.

આગમાં પોશાક એસ્બેસ્ટોસ દે,
જાનમાં પોશાકમાં જ્યૉર્જેટ દે;
દે તું ફાગણ ચૈત્ર તો આઈસક્રીમ દે,
ખેલયાત્રા દે તો સારી ટીમ દે.

દે તું હોળી તો તું દીવાળી ય દે,
હેલા દે તો પૂનમ પૌંઆવાળી દે;
દે ગુલામી તો તું ભૂતનો પ્રાઈડ દે,
લે પરીક્ષા તો તું ખંડે ગાઈડ દે.

(મુંબાઈ) —તનસુખ ભટ્ટ

યોગાસનો વિષે

આપના કાર્યાલયનું પુસ્તક 'યોગાસનો' (લેખક શ્રી દાસુભાઈ શુક્લ) મેં ખરીદ્યું. તેમાં પ્રાણાયામની રીત બતાવી છે. સાહેબશ્રી, મેં તેનો ધીરજ, ખંત ને પ્રભુ ઉપર અસીમ વિશ્વાસ રાખી રોજ એક પ્રાણાયામથી કોર્સ ચાલુ કર્યો છે. આજ હું ૮ ઉપર પહોંચ્યો છું. ભાગ્યની વાત તો એ છે કે મારો છાતીનો દુખાવો ૧૫ વર્ષનો હતો જે કદાપિ મટતો નહોતો; ખૂબ દવાઓ કરી પણ વ્યર્થ, પણ આસનોમાંના પ્રાણાયામની ક્રિયાથી મારો છાતીનો દુ:ખાવો સદંતર મટી ગયો છે. આપનો આભાર માનવો ઓછો પડે છે. ભગવાન તેમને ખૂબ જ સુખ ને પરમ શાન્તિ આપે.

(અમદાવાદ) —મનુભાઈ મણિલાલ બ્રહ્મભટ્ટ

ધૂમલીની જેતાવાવ

'કુમાર'ના વર્ષ ૫૨ના અંક ૭ (જુલાઈ ૧૯૭૫)માં શ્રી ઢાંકીએ ધૂમલીની જેતાવાવ વિષે જૈન ગ્રંથનો ઉલ્લેખ ટાંકીને શ્રેષ્ઠી જેતાએ જેતાવાવ બંધાવી એવું વિધાન કર્યું છે. આ વિધાન વિષે વિચાર કરતાં શંકા જન્મે છે; કેમ કે અત્યાર સુધીની જૈન શ્રેષ્ઠીઓએ બંધાવેલી વાપીઓમાં ક્યાંયે શેષશાયી વિષ્ણુની મૂર્તિ વાપીના ગવાક્ષમાં પૂજાસ્થાને જોવા મળતી નથી. દા. ત. માંગરોળની સોઢલી વાવ જે શ્રેષ્ઠી સોઢલે બંધાવ્યાના શિલાલેખવાળી વાપી છે તેમાં વિષ્ણુમૂર્તિ નથી, તેમજ પૂજાનો ગોખલો પણ નથી. શ્રેષ્ઠી દ્વારા બંધાએલી આ વાપી સાથે ધૂમલીની જેતાવાવની તુલના કરતાં ધૂમલીની જેતાવાવમાં શેષશાયી વિષ્ણુ તથા અન્ય દેવતાઓનાં શિલ્પો કંડારેલાં જોવા મળે છે. આ ઉપરથી એમ લાગે છે કે ધૂમલીની જેતાવાવ કોઈ શ્રેષ્ઠીએ બંધાવી હોય તેમ માની શકાતું નથી. શ્રી ઢાંકી એવું કોઈ ઉદાહરણ બતાવી શકે કે જેનું બાંધકામ જૈન શ્રેષ્ઠી દ્વારા થયાનો શિલાલેખ હોય અને વાપીની અંદરના ગવાક્ષમાં શેષશાયી વિષ્ણુની મૂર્તિ હોય, તો ધૂમલીની જેતાવાવનો શ્રેષ્ઠી જેતા સાથે સંબંધ વિચારી શકાય.

(પોરબંદર) —ગોસ્વામી મોહનપુરી

માસિક નહિ, સંસ્થા

'કુમાર' હું નાનો હતો ત્યારથી વાંચતો આવ્યો છું અને મારા માનવા પ્રમાણે આ પ્રકારનું આવું એક જ માસિક હશે. ખરેખર બધી જ દષ્ટિએ—પછી contents હોય કે મુદ્રણ, exactness હોય કે પ્રસારણ, બધી જ રીતે પૂર્ણ માસિક છે. મારા માનવા પ્રમાણે 'કુમાર'ને ફક્ત એક 'માસિક' તરીકે ના વર્ણવાય. It is almost an institution.

આ પ્રકારનું વાચન વધુ ફૂલેફાલે ને 'કુમાર' ગુજરાતમાંથી આગળ આવીને national અને international institution થાય તેવી મારી પ્રાર્થના છે.

(મદ્રાસ) —ચંદ્રાંશુ પંડયા

એ.ટી.એસ. ૬ની કામગીરી

નવેમ્બર માસના અંકમાં 'માનવ સેવામાં કૃત્રિમ ઉપગ્રહ' લેખમાં (પાન નં ૩૫૧) લખ્યું છે કે 'એ.ટી.એસ. ૬ની સહાયથી ઈ. ૧૯૭૫ના જૂન માસથી ભારતમાં ૫૦૦૦ ગ્રામમાં ટેલિવિઝન કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બનાવાયું હતું.'

આ વિગત આ પ્રમાણે જોઈએ : ઈ. ૧૯૭૫ના ઑગસ્ટ (૧-૮ ૧૯૭૫) માસથી ભારતનાં ૬ રાજ્યોમાં (રાજસ્થાન, બિહાર, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને ઓરિસ્સા) કુલ ૨૪૦૦ ગામમાં ટેલિવિઝન કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બનાવાયું હતું. (એક વર્ષ માટે)

(અમદાવાદ) —અશ્વિન જાની

ખોટ અને સોનાની લગડી

'વિનોદની કલમે' વિભાગમાં શિવનાં કૅરીકૅચરની ખોટ વર્તાય છે. સ્વ. શિવજીના કૅરીકૅચરમાં એક લેખ કરતાં વધુ સામગ્રી અનુભવાઈ હતી. વિનોદભાઈની કલમ આનંદ આપે જ છે.

છેલ્લા પાને 'કહેવત' વિભાગમાં (ઑગસ્ટ '૭૭) જે કહેવતનો ઉલ્લેખ છે તે આ પ્રમાણે છે: 'હલાલને દેવાળું નહિ, મસ્જિદને તાળું નહિ.' બાકી, 'કુમાર'નો અંક સોનાની લગડી જેવો આવે છે ભૂલેશ્વરની ભીડમાંથી ઘણી વાર 'કુમાર'ના જૂના અંકો મળતાં સોનાની ખાણ મળવા જેટલો આનંદ થાય છે. કવિતાનું સંપાદન નબળું લાગે છે, જરૂર.

(મુંબાઇ) —અરુણ ત્રિવેદી

ખૂંચે છે

વરસોથી 'કુમાર' વાંચી રહ્યો છું.–સમજણો થયો ત્યારથી. ખરેખર, ખૂબ જ ગમે છે. મોરપીંછ જેવું ઉત્તમ છે. પરંતુ ક્યારેક ક્યારેક કશુંક ખૂંચી જાય છે; તો ક્યારેક ક્યારેક એવું હૃદયસ્પર્શી જાય છે કે ન પૂછો વાત. 'કુમાર' એક કુટુંબીજન બની ગયું છે, અને તેથી જ કદાચ ઊભરો ઠલવાઈ ગયો હોય તો માફી માગી લઉં છું.

વચ્ચે વચ્ચે ડિટેક્ટિવ વાર્તાઓ આવી ગઈ. જે સાધારણ કક્ષાની હતી. મારા મતે ડિટેક્ટિવ સાહિત્યને સ્થાન ન જ આપવું જોઈએ.

કાવ્યો ઓછાં પડે છે. પહેલાં ટીકા ટિપ્પણ આવતી તે ફરી શરૂ થાય તો મજા આવશે. સાહિત્યસંપર્કમાં ફક્ત ઉત્તમ પુસ્તકોનું જ વિવેચન કરો તો કેમ? તેમાં ન આવેલ પુસ્તક ઉત્તમ સારું નથી જ એમ નક્કી ખબર પડી જાય. આ ઉપરાંત આ વિભાગમાં ઉત્તમ હિંદી તેમ જ અંગ્રેજી પુસ્તકોનો સમાવેશ થાય તો મને લાગે છે વાચકો તેને જરૂર વધાવશે.

બીજી ફરિયાદો પણ ઊભી જ છે. પરંતુ ત્રાજવામાં તેનું પલ્લું ઉપર જ રહેવાનું. ફરી ક્યારેક ફરિયાદો કરીશું. —ચંપક નંદુ

જૂના અંકો–૧

છેલ્લાં ૧૭ વર્ષના 'કુમાર'ના જૂના અંકો મુંબાઈવાસીઓને જ વાજબી કિંમતે આપવાના છે. ફક્ત રવિવારે સવારે ૯ થી ૧૦માં રૂબરૂ મળવું: દિનકર સી. પાનવાલા, સીગારેટવાળા બિલ્ડિંગ, બીજે માળે, માર્વે રોડ, મલાડ, મુંબઈ ૪૦૦૦૬૪.

૨

'કુમાર'ના લગભગ ૨૦૦ અંકો મારી પાસે આવ્યા છે. ઇચ્છુકોએ સંપર્ક સાધવો.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

રુદ્રાક્ષ

મને આપ જણાવશો કે રુદ્રાક્ષનો મણકો પહેરવાથી કંઈ ફાયદો થાય ખરો? મારી ઉંમર ૧૬ વર્ષની છે. મને ઘણાએ કહ્યું કે રુદ્રાક્ષનો મણકો પહેરવો સારો. જો મને આપ જણાવશો તો હું તમારો આભારી થઈશ.

(ઘાટકોપર) —સંદીપ જયંતીલાલ દવે